આઝાદી કા અમૃત મહોત્સવ

વર્ષ : ૬૨ ■ અંક : ૯ ■ તા.૧૬-૪-૨૦૨૨

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



## માધવપુર ઘેડ મેળાને મળ્યું રાષ્ટ્રીય કક્ષાનું બહુમાન




# પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના

## ગુજરાત રાજ્યમાં ૬૧.૭૩ લાખ ખેડૂતોને
## કુલ રૂ. ૧૦,૩૩૩/- કરોડની સહાય

- ખેડૂતોને રૂ.૨,૦૦૦/-ની રકમના ત્રણ હપ્તા ડી.બી.ટી.ના માધ્યમથી સીધા તેઓના બેન્ક ખાતામાં દર ચાર માસે જમા કરાવવામાં આવે છે
- આ માટે ૨૪ x ૭ કાર્યરત PM-KISAN પોર્ટલની સુવિધા ઉપલબ્ધ

- આગામી હપ્તાની રકમ માટે e-KYC હવેથી ફરજીયાત
- લાભાર્થી ખેડૂતોએ નજીકના કોમન સર્વિસ સેન્ટર (CSC)નો સંપર્ક કરી અપડેટ કરાવવાનું રહેશે.
- લાભ સરળતાથી મેળવવા પોતાના આધાર નંબરનું બેંક ખાતા સાથે જોડાણ જરૂરી

**Gujarat**
The Reliable fortnightly of Gujaratis

Year : 62 ▪ Issue : 8 ▪ Date 16-4-2022

**તંત્રી** : આર. કે. મહેતા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૦૭૯-૨૩૨૫૩૪૪૨
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત


**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# શબ્દશઃ

- 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત' પ્રત્યેક ગુજરાતીનો ધ્યેય મંત્ર બની ગયો છે.
- જ્ઞાતિબાધ વિના થતાં સમૂહલગ્ન સામાજિક સમરસતાના ઉદ્દીપક છે.
- પત્રકારત્વ એ ઇતિહાસના જતન સાથે નવસર્જનનું સામર્થ્ય ધરાવે છે.
- ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે અને તેને વધુ બળવત્તર બનાવવાની આપણા સૌની જવાબદારી છે.
- સ્પેશિયલ ઓલમ્પિક દેશભરના લોકો માટે પ્રેરણારૂપ બનશે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને વિકાસની દોડમાં અવ્વલ બનાવ્યું છે.
- ગુજરાતને ઊંચાઈ પર ટકાવી રાખવામાં મીડિયાની સહભાગીતા મહત્ત્વની છે.
- વિકાસ કામો સમયસર થવાની સાથે તેની ગુણવત્તા જળવાય એ પણ એટલું જ જરૂરી છે.
- ઊર્જા સંલગ્ન ક્ષેત્રમાં વિવિધ પદવી મેળવનારા કુશળ યુવાનો વિશેષ સામાજિક જવાબદારી ઉપાડવા ઉત્સાહપૂર્વક આગળ આવે.
- સમૂહ માધ્યમોમાં લોકમાનસ બદલવાની તાકાત છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)




11 કવર સ્ટોરી **માધવપુર ઘેડ મેળાને મળ્યું રાષ્ટ્રીય કક્ષાનું બહુમાન**

6 **ચિંતન**

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે દ્વિદિવસીય જ્યુડિશિયલ કોન્ફરન્સ યોજાઇ

15 **જનસુખાકારી**

અડાલજમાં શિક્ષણ સંકુલ - આરોગ્ય ધામ

16 **પ્રેરણા**

આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે દરેક જિલ્લામાં ૭૫ સરોવરનું નિર્માણ કરાશે

18 **પ્રવાસન**

નડાબેટ ખાતે 'સીમાદર્શન પ્રોજેક્ટ'નું લોકાર્પણ

22 **વિશેષ**

ગુજકોમાસોલના સહકાર ભવનનું ઉદ્ઘાટન

- 'આદર્શ સહકાર ગ્રામ યોજના'નો પ્રારંભ

- NCDFIની સુવર્ણજયંતીએ ઈ-માર્કેટ એવોર્ડ વિતરણ

24 પ્રહ્લાદજી પટેલનું સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન ચિરસ્મરણીય રહેશે : CM

25 વરસાદના પાણીનું પ્રત્યેક ટીપું બચાવી જળસંચયને જીવનમંત્ર બનાવીએ

26 **સેવાસેતુ**

રાજ્યમાં સેવાસેતુના આઠમા તબક્કાનો પ્રારંભ

27 **આસપાસ**

36 **નિર્ણય**

38 **ભાવાંજલિ**

ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીએ ભાવાંજલિ

39 **સાફલ્યગાથા**

'નટ' સમુદાયના અંગદાતાએ અંગદાનની "દોર"ને મજબૂત કરી - અમિતસિંહ ચૌહાણ

40 ખેતરમાં મલ્ટીક્રોપ કોન્સેપ્ટથી આંબા સાથે તરબૂચની ખેતી - પરેશ ટાપણીયા

41 **સમાચાર વિશેષ**

48 **સુરત રાઉન્ડઅપ**

50 **કર્મયોગ**

ક્યારેક એવું પણ બને કે... તાલીમાર્થીને કાલ્પનિક નહીં, વાસ્તવિક તાલીમ મળે! - સુરેશ મિશ્રા



# વિકાસના અનેક નવતર પ્રકલ્પોના સાગમટા પ્રારંભનું સાક્ષી બન્યું ગુજરાત...

સંસ્કાર, સંસ્કૃતિ અને સમૃધ્ધિની ભૂમિ એટલે ગુજરાત. ગુજરાત વિકાસની યશોગાથા જગતભરમાં ચર્ચાનો વિષય બન્યો છે. ગુજરાતમાં આતિથ્ય સત્કારનો અનોખો મહિમા છે. સૌ કોઇને ગુજરાતના અતિથિ બનવાની અને ગુજરાતને માણવાની ઇચ્છા છે. ઐતિહાસિક, ધાર્મિક કે સાંસ્કૃતિક દ્દષ્ટીકોણથી ગુજરાતે હંમેશા અતિથિનો ઉષ્માસભર સત્કાર કર્યો છે. ગત પખવાડિયામાં ગુજરાત રાષ્ટ્રિય કક્ષાના વિવિધ પ્રસંગોનું સાક્ષી બન્યું એનું પ્રત્યેક ગુજરાતી બાંધવને ગૌરવ છે. મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ સહિત ગણમાન્ય મહાનુભાવો ગુજરાતના મહેમાન બન્યા હતાં.

સ્ટેચ્યૂ ઓફ યુનિટીમાં રાષ્ટ્રીય કક્ષાની બે દિવસીય જ્યુડીશીયલ કોન્ફરન્સમાં રાષ્ટ્રપતિશ્રીએ ન્યાયમાં ઇચ્છિત પરિણામ માટે તમામ પક્ષોએ મધ્યસ્થીકરણ પ્રત્યે સકારાત્મક વલણ રાખવા પર ભાર મૂક્યો હતો. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ શ્રી એન.વી. રમણાએ તમામ પક્ષોને ઇચ્છિત ન્યાય મેળવવો હોય તો તટસ્થ વાતાવરણનું નિર્માણ કરવાનો ઉલ્લેખ કરી કહ્યું કે, તટસ્થ વાતાવરણ હોય તો જ મતભેદો ઉકેલીને પ્રગતિ સાધી શકાય.

ચૈત્ર માસમાં શક્તિ અને ભક્તિનો સમન્વય જોવા મળે. આ મહિનામાં આવતા ચૈત્રિ નવરાત્રિ, રામ જન્મોત્સવ, હનુમાન જન્મોત્સવ તહેવારો લોકોના જીવનમાં નવતર ઉર્ધ્વગામી ઊર્જાનો સંચાર કરે છે. ભગવાન શ્રી કૃષ્ણના વિવાહ જ્યાં થયાં તેવા પવિત્ર માધવપુર ઘેડમાં વિશ્વપ્રસિદ્ધ મેળો સંપન્ન થયો. માધવપુર ઘેડના મેળામાં રાષ્ટ્રપતિશ્રી ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે દર વર્ષે આ મેળાને રાષ્ટ્રીય મેળા તરીકે ઉજવવાની જાહેરાત કરીને ગુજરાતને ગૌરવાન્વિત કર્યું હતું. મહામહિમ રાષ્ટ્રપતિશ્રીએ માધવપુર મેળો રાષ્ટ્રીય એકતાનો પ્રતીક હોવાનુ કહ્યું હતું. જૂનાગઢના ગાંઠીલા સ્થિત ઉમાધામનાં 14મા પાટોત્સવમાં વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહી ભારતના લોક લાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાટોત્સવને ધાર્મિક અને સામાજિક ચેતનાનું કેન્દ્ર બનાવવા અપીલ કરી હતી. આ પ્રસંગે આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે દરેક જિલ્લામાં ૭૫ સરોવર નિર્માણનું વડાપ્રધાનશ્રીએ આહ્વાન કર્યુ હતું. તેમણે મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત નવી ઊંચાઈઓને પ્રાપ્ત કરશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ગુજરાત દેશ વિદેશના સહેલાણીઓ માટે પસંદગીનું પ્રથમ સ્થળ બની રહ્યું છે. કચ્છનું સફેદ રણ હોય કે કાંકરિયા તળાવ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી હોય કે પછી નડા બેટ સીમાદર્શન ગુજરાતના વિવિધ પ્રવાસન સ્થળો સહેલાણીઓના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યાં છે. નડા બેટમાં પ્રવાસનના નવા પ્રકલ્પોનું લોકાર્પણ કરતાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે પ્રવાસનના વિકાસની સાથે આવનારા વર્ષોમાં લાખો લોકોને રોજગારીની નવતર તકો પ્રાપ્ત થશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ગબ્બર ખાતે રૂ. ૧૩.૩૫ કરોડના ખર્ચે નવનિર્મિત ભારતના સૌથી મોટા લાઇટ એન્ડ સાઉન્ડ શૉનો પ્રારંભ કરાવ્યો હતો. અંબાજી સ્થિત કોટેશ્વર ધામના જીર્ણોદ્ધાર કાર્યનો પ્રારંભ કરવામાં આવતા શ્રધ્ધાળુઓમાં આનંદની લાગણી જોવા મળી હતી. આ પ્રસંગે તેમણે વિચરતી-વિમુક્ત જાતિના કુલ ૪૧ મહિલા લાભાર્થીઓને ૮૦ ચોરસ મીટરના પ્લોટની સનદનું વિતરણ કર્યું હતું.

ગુજરાતના પ્રવાસન સ્થળોના થઇ રહેલા ઝડપી અને નમૂનેદાર વિકાસનો પડઘો પ્રસ્તુત અંકમાં ઝીલાયો છે. સાથોસાથ ગુજરાતમાં થઇ રહેલા વિકાસલક્ષી કાર્યોની સુવાસ પણ પ્રસ્તુત અંકમાં સમાવિષ્ટ છે. આ ઉપરાંત અંકમાં આપવામાં આવેલી ગુજરાતના વિકાસલક્ષી નિર્ણયોની વિગતો, વિકાસગાથાઓ તથા અન્ય મહત્ત્વપૂર્ણ ઉપયોગી જનહિતલક્ષી કામગીરીની જાણકારી વાચકોને ઉપયોગી થઇ પડશે એવી મને શ્રધ્ધા છે.

જય જય ગરવી ગુજરાત...

**- આર. કે. મહેતા** આઇ.એ.એસ.
માહિતી નિયામક




### સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે દ્વિદિવસીય જ્યુડિશિયલ કોન્ફરન્સ યોજાઈ

# ન્યાયમાં ઇચ્છિત પરિણામ માટે તમામ પક્ષોએ મધ્યસ્થીકરણ પ્રત્યે સકારાત્મક વલણ રાખવું જોઈએ - રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ

ન્યાયતંત્ર એ લોકશાહીના મજબૂત સ્તંભોમાંનો એક આધારસ્તંભ છે. ભારતમાં ન્યાયતંત્ર સર્વોપરી છે. ઇન્ફર્મેશન ટેક્નોલોજીનો ન્યાયતંત્રમાં વિનિયોગ ચમત્કારીક પરિણામો સર્જી શકે છે. આ ચમત્કાર સર્જવાની ભૂમિનું સાક્ષી ગુજરાત બન્યું. ગત પખવાડિયામાં ગુજરાત રાષ્ટ્રીય કક્ષાના સેમિનારનું યજમાન બન્યું. દ્વિદિવસીય નેશનલ કોન્ફરન્સ ઓન મીડિયેશન એન્ડ ઇન્ફર્મેશન ટેક્નોલોજી વિષયક સેમિનારમાં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ, સુપ્રીમ કોર્ટનાં ચીફ જસ્ટિસ શ્રી એન. વી. રમણા સહિત ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ બે દિવસીય સેમિનારનો પ્રારંભ કરાવતાં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ઝડપી ન્યાયિક પ્રક્રિયા પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, ન્યાયમાં ઇચ્છિત પરિણામ માટે તમામ પક્ષોએ મધ્યસ્થીકરણ પ્રત્યે સકારાત્મક વલણ રાખવું જોઈએ. છેલ્લા બે દાયકાઓમાં તકરારોના વૈકલ્પિક નિવારણની પદ્ધતિ ન્યાયતંત્રમાં અસરકારક સાબિત થઈ છે. ખાસ કરીને દીવાની બાબતોના કેસોમાં આનાથી સુખદ સમાધાન લાવી શકાય છે. રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીએ એકતાનગર ખાતે દ્વિદિવસીય નેશનલ કોન્ફરન્સ ઓન મીડિયેશન એન્ડ ઇન્ફર્મેશન ટેક્નોલોજીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, ભારતના મુખ્ય ન્યાયાધીશ શ્રી એન. વી રમણા, કેન્દ્રીય કાયદા મંત્રી શ્રી કિરણ રિજીજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા સુપ્રીમ કોર્ટ અને વિવિધ હાઈકોર્ટ્સ જજીસની ઉપસ્થિતિમાં શુભારંભ કરાવ્યો હતો.

રાષ્ટ્રપતિશ્રીએ તેમના લીગલ પ્રેક્ટિશનર તરીકેના દિવસોને યાદ કર્યા અને કહ્યું કે તે વર્ષો દરમિયાન, તેમના મન-મસ્તિષ્ક પર છવાયેલા રહેતા અનેક મુદ્દાઓ પૈકી એક 'એક્સેસ ટુ જસ્ટિસ'નો મુદ્દો હતો. ‘ન્યાય’ શબ્દમાં ઘણું બધું સમાયેલું છે અને આપણા બંધારણની પ્રસ્તાવનામાં તેના પર યોગ્ય રીતે ભાર મૂકવામાં આવ્યો છે.

તેમણે દરેક વ્યક્તિ સુધી ન્યાયની પહોંચ કેવી રીતે સુધારી શકાય તે વિષય પર ભાર મૂક્યો. તેમણે કોન્ફરન્સ માટેના વિષયો ખૂબ જ કાળજીપૂર્વક પસંદ કર્યા હોવાની વાત કહી હતી. ન્યાયતંત્રમાં વૈકલ્પિક વિવાદ નિરાકરણ (ADR) મિકેનિઝમ અને ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી (ICT) બંને ઘણાં કારણોસર મહત્ત્વપૂર્ણ છે; પરંતુ તેમના માટે તે એટલે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે સિસ્ટમને વધુ કાર્યક્ષમ બનાવવામાં મદદ કરશે અને ન્યાય આપવા માટે વધુ સક્ષમ બનશે.

> **સરકાર અને ન્યાયપાલિકા પરસ્પર તાલમેલ અને પવિત્રતાથી કામ કરે તો રાષ્ટ્ર વિકાસની નવી ઉંચાઇઓ હાંસલ કરી શકે છે.**
> **- રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત**

રાષ્ટ્રપતિશ્રીએ કહ્યું કે છેલ્લા બે દાયકા દરમિયાન, તમામ પક્ષકારોએ વિવાદના નિરાકરણ માટે મીડિયેશન એટલે કે મધ્યસ્થીને અસરકારક સાધન માન્યું છે અને તેને પ્રોત્સાહન આપ્યું છે. ઘણા કાનૂની








વિદ્વાનોએ એવું પણ અવલોકન કર્યું છે કે, નાગરિક અધિકારોના સંદર્ભમાં વ્યક્તિઓ વચ્ચે અદાલતોમાં પેન્ડિંગ મોટાભાગના કેસ એવા છે કે તેમને નિર્ણયની જરૂર નથી. આવા કિસ્સાઓમાં પક્ષકારો મધ્યસ્થીઓના માળખાગત હસ્તક્ષેપ દ્વારા તેમના વિવાદનું સમાધાન કરી શકે છે.

મધ્યસ્થીનો ઉદ્દેશ્ય વિવાદને કોઈ આદેશ અથવા સત્તા દ્વારા ઉકેલવાનો નહીં, પરંતુ તેના બદલે, તે પક્ષકારોને મધ્યસ્થી દ્વારા વ્યવસ્થિત મધ્યસ્થી બેઠકો કરી સમાધાન પર પહોંચવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. કાયદો એક પ્રોત્સાહન પણ પૂરું પાડે છે: જો કોઈ પણ પેન્ડિંગ કેસની મધ્યસ્થી દ્વારા પતાવટ કરવામાં આવે, તો અરજદાર પક્ષ દ્વારા જમા કરવામાં આવેલી સમગ્ર કોર્ટ ફી પરત કરવામાં આવે છે. આમ, ખરેખર તો મધ્યસ્થીથી ઉકેલ લાવવામાં દરેક પક્ષ વિજેતા છે.

મધ્યસ્થતાની વિભાવનાને હજુ સમગ્ર દેશમાં વ્યાપક સ્વીકૃતિ મળી નથી. કેટલાંક સ્થળોએ પૂરતા પ્રશિક્ષિત મધ્યસ્થીઓ ઉપલબ્ધ નથી. ઘણાં મધ્યસ્થી કેન્દ્રો પર માળખાકીય સુવિધાઓને અપગ્રેડ કરવાની જરૂર છે. રાષ્ટ્રપતિશ્રીએ કહ્યું કે આ અસરકારક સાધનથી વ્યાપક વસ્તીને લાભ મળે તે માટે આ અડચણોને વહેલી તકે દૂર કરવી પડશે. તદુપરાંત, જો આપણે ઇચ્છિત પરિણામો હાંસલ કરવા માગતા હોઈએ, તો તમામ પક્ષકારોએ મધ્યસ્થી પ્રત્યે સકારાત્મક વલણ દર્શાવવું પડશે. આ સંદર્ભે, તાલીમ ઘણો ફરક લાવી શકે છે. તાલીમ વિવિધ સ્તરે પ્રદાન કરી શકાય છે, ઇન્ડક્શન સ્ટેજ પર પ્રારંભિક અભ્યાસક્રમોથી લઈને મિડ-કેરિયર વ્યાવસાયિકો માટે રિફ્રેશર અભ્યાસક્રમોનું પણ આયોજન કરી શકાય છે. તેમણે એ વાતની પણ પ્રશંસા કરી કે સુપ્રીમ કોર્ટની મધ્યસ્થી અને સમાધાન પ્રોજેક્ટ કમિટી રાજ્યોમાં તાલીમ કાર્યક્રમોનું આયોજન કરીને ઉત્તમ કાર્ય કરી રહી છે.

> **લવાદ દ્વારા વૈકલ્પિક તકરાર નિવારણનો ખ્યાલ ભારતમાં કાયદાકીય લેન્ડસ્કેપને બદલી શકે છે.**
>
> **- ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી એન. વી. રમણા**

કોન્ફરન્સના બીજા વિષય એટલે કે ઇન્ફર્મેશન ટેક્નોલોજી વિશે વાત કરતા રાષ્ટ્રપતિશ્રીએ કહ્યું કે આપણે બધા ખૂબ જ મુશ્કેલ સંકટમાંથી પસાર થયા છીએ. છેલ્લાં બે વર્ષ દરમિયાન પહેલાં ક્યારેય ન જોયેલા

સંકટ વચ્ચે, જો એક આશા હતી તો તે માહિતી અને સંચાર ટેક્નોલોજીથી હતી. આવશ્યક પ્રવૃત્તિઓ માટે અને અર્થવ્યવસ્થાનાં પૈડાંને ગતિમાન રાખવામાં ICT સૌથી વધુ મદદરૂપ સાબિત થયું. રિમોટ વર્કિંગની જેમ, રિમોટ લર્નિંગે શિક્ષણમાં વિક્ષેપ ટાળવામાં મદદ કરી. એક રીતે, આ કટોકટી ડિજિટલ ક્રાંતિ માટે એક તક સાબિત થઈ છે. જાહેર સેવા વિતરણને વધુ કાર્યક્ષમ બનાવવા માટે ICTને લોકો ઝડપથી અપનાવી રહ્યા છે. જ્યારે પ્રત્યક્ષ મેળાવડાઓને ટાળવા પડ્યા, તે સમયમાં વર્ચ્યુઅલ સુનાવણી દ્વારા ન્યાય આપવો પણ શક્ય બન્યો હતો.

**વર્ચ્યુઅલ માધ્યમથી કોર્ટ કાર્યવાહીમાં સહયોગ આપીને રાજ્ય સરકારે અદાલતોને જરૂરી સુવિધાઓ પૂરી પાડી છે.**
**- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ**

રાષ્ટ્રપતિશ્રીએ એ વાત પણ કરી કે મહામારી પહેલાં પણ આ કોન્ફરન્સમાં 'ફ્યુચર ઓફ ટેક્નોલોજી ઇન ધ જ્યુડિશિયરી' વિષયને સમર્પિત એક સંપૂર્ણ કાર્યકારી સત્ર હોવાની બાબતે તેમણે કહ્યું કે ICT અપનાવવાના ઘણા ઉદ્દેશ્યો પૈકી, ન્યાયની પહોંચમાં સુધારો કરવો એ સર્વોચ્ચ છે. આ ફક્ત પરિવર્તન ખાતર જ પરિવર્તન નથી, પરંતુ વધુ સારા વિશ્વ માટેનું પરિવર્તન છે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ રાષ્ટ્રીય પરિષદ ન્યાયાલયોમાં મધ્યસ્થી અને ICT બંનેની વિશાળ સંભાવનાઓ જ નહીં, પરંતુ માર્ગમાં આવતા પડકારોનો શ્રેષ્ઠ પ્રતિસાદ રીતે કેવી રીતે આપવો તે અંગે પણ વિચારણા કરશે.

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે સંસદ, સરકાર અને ન્યાયપાલિકા લોકશાહીના આધારસ્તંભ છે. ન્યાયપાલિકાને સૌના વિકાસ, વિશ્વાસ અને શ્રદ્ધાનું આસ્થા કેન્દ્ર ગણાવતાં તેમણે ઉમેર્યું કે સરકાર અને ન્યાયપાલિકા પરસ્પર તાલમેલ અને પવિત્રતાથી કામ કરે તો રાષ્ટ્ર વિકાસની નવી ઊંચાઈઓ હાંસલ કરી શકે છે.

નાગરિકોને પારદર્શી અને ઝડપી ન્યાય મળશે તો સુંદર સમાજની રચના થશે એવો વિશ્વાસ વ્યક્ત કરતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે અપરાધી બચી ન શકે અને ધર્માત્મા દુઃખી ન થાય એવા સકારાત્મક અને સમર્પિત ભાવથી કાર્ય કરીશું તો નાગરિકોનો ન્યાયપ્રણાલી પ્રત્યેનો વિશ્વાસ વધશે અને રાષ્ટ્રની પ્રગતિ, ઉન્નતિ સાથે પ્રજાજનોની સમૃદ્ધિ પણ વધશે. નાગરિકોને ઝડપી ન્યાય આપવા માટે આ કોન્ફરન્સ સફળ અને પ્રેરણાદાયી બની રહેશે એવો વિશ્વાસ રાજ્યપાલશ્રીએ વ્યક્ત કર્યો હતો.

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી એન. વી. રમણાએ જણાવ્યું કે, સંઘર્ષ એ માનવજાતનો બીજો ચહેરો છે. સંઘર્ષથી થતા નુકસાન અને ગેરફાયદા જોવા માટે વ્યક્તિ પાસે દૂરદર્શિતા હોવી જોઈએ. વિવાદ પક્ષકારોના સંબંધને માત્ર બગાડતા જ નથી, પણ લાંબા ચાલતા મુકદ્દમા તેનાં સંસાધનોને જ નષ્ટ કરી શકે છે અને જીવનભરની દુશ્મનાવટનું કારણ બને છે. દરેક સંઘર્ષ કે મતભેદનો અંત કોર્ટમાં જ થાય એ જરૂરી પણ નથી.

મહાભારતનું ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે, તટસ્થ વાતાવરણમાં મતભેદો ઉકેલી શકાય છે, જ્યાં તમામ પક્ષોને તેમનો ઇચ્છિત ન્યાય મળતો હોય છે, કારણ કે જીવન એક સંતુલિત કાર્ય છે. ગુજરાત વેપારીઓ માટે જાણીતું છે અને તેમનાથી વધુ સારી રીતે કોઈ જાણતું નથી કે સમય ખોવાઈ ગયો એટલે પૈસા ગુમાવ્યા. એટલે વિવાદનો ઝડપથી ઉકેલ આવે તે જરૂરી છે. વિવાદોને અસરકારક રીતે અને ઝડપથી ઉકેલવાની જરૂરિયાતને સમજવા માટે વેપારીઓ કરતાં કોણ વધુ સારું ઉદાહરણ હોય. હકીકતમાં કુશળ ઉદ્યોગપતિ આવા વિવાદોનો સામનો કરે છે. લોકઅદાલતો અને આર્બિટ્રેશન કેન્દ્રો દ્વારા વૈકલ્પિક તકરાર નિવારણનો ખ્યાલ ભારતમાં કાયદાકીય લેન્ડસ્કેપને બદલી શકે છે.



એડીઆર ન્યાયિક સંસાધનોને પણ બચાવી શકે છે. પ્રિ-લિટિગેશન સ્ટેજ પર મધ્યસ્થી અને વાટાઘાટ એ વિવાદોને ઉકેલવા માટેની સૌથી વધુ સારી પદ્ધતિ છે, કારણ કે તે પક્ષકારોની સહભાગિતાને મહત્તમ બનાવે છે.

કેસ મેનેજમેન્ટ માટે મધ્યસ્થી અને વાટાઘાટોને ફરજિયાત બનાવવા માટે અદાલતો દ્વારા સક્રિય પ્રયત્નો કરવા જોઈએ. વકીલોએ પ્રિ-લિટિગેશન મધ્યસ્થીની દરેક તકને છોડવી ના જોઈએ. પ્રક્રિયાના વહેલા ઉકેલની ખાતરી કરવાની અને વિલંબની યુક્તિ તરીકે તેનો ઉપયોગ ન કરવાની જવાબદારી પક્ષકારોની છે.

મધ્યસ્થી દરમિયાન કેટલાક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ નક્કી કરવા માટે કુશળ મધ્યસ્થીઓની જરૂર છે, ખાસ કરીને જ્યારે તે એક પક્ષની તરફેણમાં હોય અને જો તે નબળા પક્ષ માટે અન્યાયી હોય અને જો મધ્યસ્થી મૂક પ્રેક્ષક હોવો જોઈએ અને ભારત જેવા વૈવિધ્યસભર સામાજિક તાણવાળા દેશ માટે આ અસરકારક છે.

મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, વકીલનું સાચું કામ પક્ષકારોને એક કરવાનું છે. વકીલો અને કાયદાના વિદ્યાર્થીઓ માટે મધ્યસ્થી અને વાટાઘાટોમાં કુશળતા વિકસાવવી ખૂબ જરૂરી છે, તેમ મુખ્ય ન્યાયમૂર્તિશ્રીએ ઉમેર્યું હતું.


મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, મોરારજી દેસાઈ અને વિશ્વનેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈની ભૂમિ ગુજરાતમાં સૌને આવકારતાં કહ્યું કે, આ કોન્ફરન્સ એ દેશમાં ન્યાયપાલિકાને વધુ સુદૃઢ બનાવવા માટે મહત્ત્વની પુરવાર થશે. ન્યાયાલયમાં ઈન્ફર્મેશન ટેક્નોલોજીનો ઉપયોગ થતાં નાગરિકોને ઝડપથી અને સરળતાથી ન્યાય મળે તે માટે આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે યોજાઈ રહેલી આ કોન્ફરન્સ દેશભરમાં ન્યાયતંત્ર માટે અમૃતકાળ બનશે.

ભારતની એકતા અને અખંડિતતાના પ્રતીક અને એક ભારત-શ્રેષ્ઠ ભારતના પ્રેરણાસ્રોત લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે આઝાદી પહેલાંનાં ૫૬૨ જેટલાં નાનાં-મોટાં રજવાડાંઓને સ્વતંત્રતા મળ્યા પછી ભારત રાષ્ટ્રમાં વિલીનીકરણ કરવામાં એ સમયે મીડિયેશન-મધ્યસ્થીકરણની આગવી મિસાલ પ્રસ્થાપિત કરેલી હતી.



આપણી સનાતન સંસ્કૃતિમાં પણ સદીઓથી આવી મધ્યસ્થીકરણની પરંપરા અસ્તિત્વમાં હતી. ત્યારે આ પરંપરા હાલની ન્યાયપ્રણાલીમાં સુસંગત નીવડી રહી છે. મીડિયેશન દ્વારા પક્ષકારો પોતાના વિવાદને અલગ અલગ દૃષ્ટિકોણથી જાણી, સમજી મીડિયેશનની મદદથી તેમને માન્ય હોય તેવું સમાધાન અપનાવીને ન્યાય મળે એ માટે કોન્ફરન્સ મહત્ત્વની પુરવાર થશે, એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.





મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વિવાદોનું સત્વરે પક્ષકારો દ્વારા નિરાકરણ થાય તે માટે મીડિયેટર મદદરૂપ થાય છે, જેના કારણે પક્ષકારો વચ્ચેના વિવાદનું નિરાકરણ લાવી કોર્ટકેસનો અંત આવે છે અને કોર્ટ પરનું ભારણ ઓછું થાય છે. 'વસુધૈવ કુટુંબકમ'ની પરિવાર ભાવનાને યથાવત્ જાળવી રાખીને, પારિવારિક વિવાદોનું નિવારણ કોર્ટ-કચેરીની બહાર સામાજિક, ધાર્મિક, પ્રતિષ્ઠિત વ્યક્તિઓની દરમ્યાનગીરીથી સમાધાન માટે 'ફેમિલી ફર્સ્ટ' સમજાવટનું સરનામું કન્સેપ્ટ અપનાવ્યો છે. આ માટે જિલ્લા અને તાલુકા સ્તરે સમિતિઓ પણ રચવામાં આવેલી છે. બંધારણના મૂળભૂત સિદ્ધાંતો એવા સામાજિક સૌહાર્દ, સમરસતા, બંધુત્વને સાકાર કરવામાં આ પ્રયોગ એક સફળ માધ્યમ બન્યો છે.





દેશના રોલમોડલ ગુજરાતે ઈન્ફર્મેશન ટેક્નોલોજીના ક્ષેત્રે પણ અનેકવિધ નવતર આયામો હાથ ધરીને જનસેવા પ્રકલ્પો, જનહિત

કાર્યોમાં ઓનલાઇન પ્રક્રિયાનો ઉપયોગ કરીને જનસેવાઓ વધુ પારદર્શી બનાવીને દેશભરમાં મોખરે રહીને વડાપ્રધાનશ્રીના ડિજિટલ ઇન્ડિયાના સંકલ્પને પૂર્ણ કરવામાં મહત્ત્વની ભૂમિકા પૂરી પાડીને દેશને રાહ ચીંધ્યો છે

ન્યાયતંત્રમાં ડિજિટલાઇઝેશન અને આઇ.ટી.નો વ્યાપક ઉપયોગ ગુજરાતે કર્યો છે, કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે પણ કોઈ ન્યાયથી વંચિત ન રહે તેવા સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જનહિત અભિગમને રાજ્ય સરકારે વર્ચ્યુઅલ માધ્યમથી કોર્ટ કાર્યવાહીમાં સહયોગ આપીને જરૂરી સુવિધાઓ રાજ્ય સરકારે અદાલતોને પૂરી પાડી છે. સાથે સાથે ઇન્ફર્મેશન ટેક્નોલોજીનો ન્યાયપાલિકામાં મહત્તમ ઉપયોગ થાય તે માટે રેકર્ડ ડિજિટલાઇઝેશન સહિત વર્ચ્યુઅલ સુનાવણી દ્વારા પારદર્શિતા લાવવા અંગે પણ રાજ્ય સરકારે ન્યાયતંત્રને સહયોગ આપ્યો છે.

ગુજરાતની ન્યાયપાલિકાએ હાઈકોર્ટની કાર્યવાહીનું યુ-ટ્યુબના માધ્યમથી લાઇવ ટેલિકાસ્ટ કરવાની દેશભરમાં પ્રથમ પહેલ કરીને દેશને રાહ ચીધ્યો છે. કેન્દ્રીય કાયદા અને ન્યાયમંત્રી શ્રી કિરણ રિજ્જુએ જ્યુડિશિયરી અને એક્ઝિક્યુટિવ વચ્ચે તાલમેલની જરૂરિયાત ઉપર ભાર મૂકતાં જણાવ્યું કે, લોકોને સરળ, ઝડપી, સસ્તો અને ઘરઆંગણે ન્યાય મળે તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર સતત પ્રયાસો કરી રહી છે.

રામાયણ અને મહાભારતકાળથી આપણી પ્રાચીન પરંપરામાં પણ મધ્યસ્થીની ભૂમિકા મહત્ત્વની રહી છે, એમ જણાવતાં તેમણે ઉમેર્યું કે સરદારસાહેબે અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું એમ સર્વગ્રાહી પ્રયાસો દ્વારા નાગરિકોને ઝડપી ન્યાય મળે તે માટે મીડિયેશન અને ન્યાયપ્રણાલીમાં ઇન્ફોર્મેશન ટેક્નોલોજીનો મહત્તમ વિનિયોગ થાય તે માટે સરકારે સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

તેમણે જણાવ્યું કે ટીમ વર્કથી આપણે સૌ એકજૂટ થઈ કામ કરીશું તો લોકોનાં દ્વાર સુધી ન્યાયને લઈ જવામાં સફળતા મેળવી શકીશું. નીચલી કોર્ટથી લઈ સુપ્રીમ કોર્ટ સુધી લોકોને ઝડપી ન્યાય મળે તે માટે કેન્દ્ર સરકારનો જરૂરી તમામ સહયોગ અને યોગદાન મળી રહેશે.

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી અરવિંદ કુમારે જણાવ્યું કે મધ્યસ્થી દ્વારા વિવાદનું નિરાકરણ એ ભારતની પ્રાચીન ન્યાયપ્રણાલીનો હિસ્સો છે. ભારતમાં હજુ પણ વિવાદના વૈકલ્પિક નિવારણ માટે ઉચિત પગલાંને અપનાવવામાં આવે છે. કોઈ વિવાદના સમાધાનકારી મધ્યસ્થીથી ઉકેલ માટે જિલ્લા ન્યાયતંત્રો મહત્ત્વની ભૂમિકા અદા કરી શકે છે. તેમણે એવું પણ કહ્યું કે ઇન્ફર્મેશન ટેક્નોલોજી અત્યારના યુગમાં જીવનનો મહત્ત્વનો હિસ્સો બની ગઈ છે ત્યારે ન્યાયપ્રણાલીમાં તેના ઉપયોગથી ન્યાયતંત્રને વધુ લોકાભિમુખ બનાવી શકાશે. સરદાર પટેલના સૌથી ઊંચા સ્ટેચ્યુના સાંનિધ્યમાં થયેલું વિચારમંથન ફળદાયી નીવડશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ કોન્ફરન્સમાં સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ શ્રી નાગેશ્વર રાવ, શ્રી એમ. આર. શાહ, શ્રી અબ્દુલ નઝીર, શ્રી વિક્રમ નાથ, શ્રી બેલાબહેન ત્રિવેદી, મહેસૂલ અને કાયદા મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, વિવિધ રાજ્યોની વડી અદાલતોના ચીફ જસ્ટિસ, રજિસ્ટ્રાર, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા. ●





## 'નર્મદામૈયા'નાં દર્શન કરી મહાઆરતીમાં સામેલ થતા ન્યાયાધીશશ્રીઓ

*એકતાનગર ખાતે બે દિવસીય જજીસ કોન્ફરન્સમાં ભાગ લેવા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ શ્રી એન. વી. રમણા, સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓ સહિત દેશનાં વિવિધ રાજ્યોના ચીફ જસ્ટિસ અને રજિસ્ટ્રારો ગુજરાત આવ્યા હતા. આ તમામ પ્રતિનિધિઓ સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાંનિધ્યમાં પ્રોજેક્શન મેપિંગ શો નિહાળવા સાથે ગોરા ગામના પવિત્ર નર્મદાકિનારે આવેલા શૂલપાણેશ્વર મંદિર ખાતે મહાઆરતીમાં સહભાગી બન્યા હતા. નર્મદા નદીમાં મ્યુઝિકલ ફુવારા સાથે એક્વા લાઈટ શો નિહાળવાની સાથે શૂલપાણેશ્વર મંદિરથી નર્મદા ઘાટ સુધી જઈ શકાય તે માટે રોશનીથી ઝળહળ થતા સુંદર પ્રકારના કોરીડોરની વ્યવસ્થા ઉપરાંત આકર્ષક લાઈટિંગ પણ નિહાળ્યું હતું.*

*આ પ્રસંગે જસ્ટિસ શ્રી એમ. આર. શાહ, ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી અરવિંદ કુમાર, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ગુપ્તા, SOUના સીઈઓ શ્રી રવિશંકર, જિલ્લા કલેક્ટર શ્રી ડી. એ. શાહ ઉપસ્થિત રહ્યા હતા.*

## મોહન - રુકમણીના મધુર મિલનના સાક્ષી એવા
# માધવપુર ઘેડ મેળાને મળ્યું રાષ્ટ્રીય કક્ષાનું બહુમાન



ભારતીય સંસ્કૃતિમાં વિવિધતામાં એકતા છે. પર્વોની સાથે સાથે મેળામાં એકતાની પ્રતીતિ થાય છે. વિવિધતામાં એકતા એટલે માધવપુર ઘેડ મેળો. આ મેળો ગુજરાત અને ઉત્તર પૂર્વીય સાંસ્કૃતિક વારસાના ઐક્યનું પ્રતીક છે. આ બે સંસ્કૃતિનું સંગમ બિંદુ છે. સાંસ્કૃતિક - આધ્યાત્મિક - ધાર્મિક એકતાની ભાવના સાકાર કરવામાં તથા બે સંસ્કૃતિઓના મિલનમાં આ મેળો સીમાચિહ્નરૂપ છે. રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે માધવપુર ઘેડ, પોરબંદર ખાતે પંચદિવસીય માધવપુરના મેળાનું ઉદ્‌ઘાટન કર્યું. વર્ષ 2018થી દર વર્ષે સાંસ્કૃતિક મંત્રાલયના સહયોગથી ગુજરાત સરકાર દ્વારા ભગવાન શ્રીકૃષ્ણ અને રુકમણીજીના પવિત્ર વિવાહના અવસર પર આ મેળાનું આયોજન કરવામાં આવે છે.

રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીએ મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના આદર્શો પર આધુનિક ભારતમાં રામરાજ્યની સ્થાપનાની આશા રાખી હતી. શ્રીકૃષ્ણના જીવન સાથે સંકળાયેલા ગામમાં અને બાપુના જન્મસ્થળ એવા પોરબંદર નજીક આયોજિત માધવપુર ઘેડ મેળાનું ઉદ્‌ઘાટન કરવું એ તેમના માટે સૌભાગ્યની વાત છે.

શ્રીકૃષ્ણ અને રુકમણીજીનાં લગ્નની લોકકથા દર્શાવે છે કે ભારતની સાંસ્કૃતિક એકતા કેટલી પ્રાચીન છે અને આપણી સામાજિક સમરસતાનાં મૂળિયાં કેટલાં ઊંડાં છે. આજના ઉત્તર પ્રદેશમાં જન્મેલા શ્રીકૃષ્ણે ગુજરાતને તેમની કર્મભૂમિ બનાવી અને આપણા દેશના આજના ઉત્તર-પૂર્વ પ્રદેશની રાજકુમારી રુકમણીજી સાથે લગ્ન કર્યાં. લોકમાન્યતા પ્રમાણે માધવપુર ઘેડ ગામની જમીન તેમના મિલનની સાક્ષી રહી છે.

મેળા, તહેવારો અને તીર્થસ્થળોએ આપણા વિશાળ દેશને પ્રાચીન સમયથી સામાજિક અને સાંસ્કૃતિક એકતાની દોરીથી બાંધી રાખ્યો છે. માધવપુર મેળો ગુજરાતને દેશના ઉત્તરપૂર્વ વિસ્તાર સાથે એક અભિન્ન બંધનમાં જોડે છે. મેળા દ્વારા લોકોને અને ખાસ કરીને યુવા પેઢીને આપણા વારસા, સંસ્કૃતિ, કલા, હસ્તકલા અને પરંપરાગત ભોજન વિશે જ્ઞાન મેળવવાની તક મળે છે. મેળો પ્રવાસનને પણ પ્રોત્સાહન આપે છે. ગુજરાતના માધવપુરનો મેળો એક ભારત-શ્રેષ્ઠ ભારતની વિભાવના ખરા અર્થમાં રાષ્ટ્રીય ફલક પર સાંસ્કૃતિક પર્વ તરીકે ઉજાગર થઈ રહ્યો છે.

આ વર્ષે ઉત્તર-પૂર્વીય ક્ષેત્રના વિકાસ મંત્રાલયે પણ મોટા પાયે મેળાનું આયોજન કર્યું છે, તે બાબતે રાષ્ટ્રપતિશ્રીએ પોતાની ખુશી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે આ જ દિવસે ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં ઘણા સાંસ્કૃતિક ઉત્સવોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સાથે જ તેમણે આશા વ્યક્ત કરી કે આ મેળો આપણી સાંસ્કૃતિક પરંપરાને વિશેષ ઓળખ આપશે.

રાષ્ટ્રપતિશ્રીએ એ બાબતની નોંધ લીધી કે ગુજરાતના સાહસિક લોકો વિકાસના પંથે કૂચ કરતી વખતે પરંપરા અને આધુનિકતા વચ્ચે સંતુલન જાળવી રાખે છે. તેમણે આ બાબતની પ્રશંસા પણ કરી. તેમણે સસ્ટેનેબલ વિકાસના લક્ષ્યાંકો હાંસલ કરવા માટે વિવિધ રાજ્યોની કામગીરીનું મૂલ્યાંકન કરવા માટેના વર્ષ 2020-21 માટેના નીતિ આયોગના અહેવાલ મુજબ, ગુજરાત તમામ વયજૂથના લોકોને સ્વસ્થ જીવન પૂરું પાડવાના સંદર્ભમાં દેશમાં પ્રથમ ક્રમે હોવાની વાતની પણ નોંધ લીધી. આ સાથે જ તેમણે જણાવ્યું કે, ઉદ્યોગ, ઈનોવેશન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના








સર્વસમાવેશક વિકાસના માપદંડો પર ગુજરાતનું પ્રદર્શન તમામ રાજ્યોમાં શ્રેષ્ઠ રહ્યું છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, માધવ નામ શ્રીકૃષ્ણનું છે. માધવે લગ્ન માધવપુર ઘેડમાં કર્યાં હતાં. લગ્નસંબંધથી પારિવારિક સંબંધ બને છે. શ્રીકૃષ્ણનો જન્મ મથુરામાં, કાર્યક્ષેત્ર દ્વારકા, પૂર્વોત્તર રાજ્યમાં લગ્ન કર્યાં, આમ પરંપરાગત અને સાંસ્કૃતિક વિરાસત થકી શ્રીકૃષ્ણે ગરિમા અને એકતાની શીખ આપી હતી, સામાજિક - સાંસ્કૃતિક સમન્વય સાધ્યો હતો.

રાજ્યપાલશ્રીએ કૃષ્ણ ભગવાન પણ ભારતના એક શિલ્પી હોવાનું ઉદાહરણ પૂરું પાડતાં જણાવ્યું હતું કે, તેમનો જન્મ મથુરામાં, કર્મભૂમિ કુરુક્ષેત્ર, કાર્યક્ષેત્ર દ્વારિકા અને લગ્ન માધવપુર થકી ભારતના વિભિન્ન ભાગને એકસૂત્રે જોડેલુ હતું, જે આજે મેળા થકી પૂજા, સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને ધાર્મિક રીતે જોડાણ થવા જઈ રહ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભાવવિભોર સ્વરે જણાવ્યું હતું કે, રામનવમીના પાવન પર્વ નિમિત્તે રાષ્ટ્રપતિની ઉપસ્થિતિ સમગ્ર રાજ્ય માટે ગૌરવની ક્ષણ છે. માધવપુરનો મેળો 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની પરિકલ્પનાને સંપૂર્ણ રીતે ચરિતાર્થ કરે છે. કૃષ્ણ ભગવાનની પરિણયગાથાની ઉજવણી સ્વરૂપે રામનવમીથી તેરસ સુધી માધવપુર ખાતે જનસામાન્ય શ્રીકૃષ્ણ-રુકમણીના વિવાહમાં ઉત્સાહપૂર્વક સામેલ થાય છે.

રુકમણી-કૃષ્ણ વિવાહપ્રસંગ નિમિતે માધવપુરનો મેળો નોર્થ ઈસ્ટને ભારતના મુખ્ય પ્રવાહમાં જોડવાનો સન્માનનીય પ્રયાસ હોવાનું જણાવી મેઘાલયના મુખ્યમંત્રીશ્રી કોનરેડ સંગમાએ જણાવ્યું હતું કે, આજનો દિવસ ઈસ્ટ અને વેસ્ટના મિલનનો દિવસ છે.

આ તકે તેમણે ભૂતકાળ વાગોળતાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૭માં દોહરાવેલી વાતને ઉચ્ચારીને કહ્યું હતું કે, નોર્થ ઈસ્ટનાં રાજ્યો વેસ્ટ સાથે જોડાવાં જરૂરી છે. આજના પ્રસંગથી તેમનું આ સ્વપ્ન સાકાર થયું છે. આવનારા સમયમાં વેસ્ટ અને ઈસ્ટના સંબંધો વધુ મજબૂત બનાવવા નોર્થ ઈસ્ટમાં પણ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, જેમાં સામેલ થવા ભાવપૂર્ણ આમંત્રણ આ તકે મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિતોને પાઠવ્યું હતું.

સિક્કિમ રાજ્યના મુખ્યમંત્રી શ્રી પ્રેમસિંઘ તમાંગે જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, મોરારજીભાઈ દેસાઈ જેવા મહાપુરુષોની ગુજરાતની પાવનભૂમિ પર આવીને ધન્યતા અનુભવું છું. આપણો દેશ જ્યારે આઝાદીનાં ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યો છે ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની પરિકલ્પનાને સાકાર કરતો આ કાર્યક્રમ દેશનાં અન્ય રાજ્યોના લોકો વચ્ચે અંતર ઘટાડી લોકોને નજીક લાવે છે.

રમતગમત અને સાંસ્કૃતિક વિભાગના મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, માધવપુર ઘેડની પાવન ધરતીમાં સામાજિક અને સાંસ્કૃતિક સમન્વય થઈ રહ્યો છે. રુકમણીજી અરુણાચલ પ્રદેશનાં હતાં. ગુજરાત ભાઈચારા અને એકતામાં વિશ્વાસ રાખે છે. એટલે જ શ્રીકૃષ્ણ-રુકમણીના વિવાહ માધવપુરમાં થયા હતા અને એટલે જ માધવપુરએ 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની વિભાવનાને ચરિતાર્થ કરી રહ્યું છે. બે પ્રદેશની વિવિધ સંસ્કૃતિનો સુભગ સમન્વય થયો છે.

રાષ્ટ્રપતિના આગમન સમયે બેન્ડની સૂરાવલીઓ દ્વારા રાષ્ટ્રગીત વગાડવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપપ્રાગટ્યથી કાર્યક્રમનો શુભારંભ થયો હતો. માધવપુર મેળાનું ઐતિહાસિક મહત્ત્વ દર્શાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મનું આ પ્રસંગે પ્રસારણ કરાયું હતું.







રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ તથા ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ રસપૂર્વક નિહાળ્યો હતો.

આ કાર્યક્રમમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનાં કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી પ્રતિમા ભૌમિક, ગુજરાતના વાહનવ્યવહાર રાજ્યમંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, રમતગમત અને યુવા વિભાગોના સચિવ શ્રી અશ્વિનીકુમાર, લેડી પ્રેસિડન્ટ શ્રીમતી સવિતા કોવિંદ, લેડી ગવર્નર શ્રીમતી દર્શના આચાર્ય, કલેક્ટર શ્રી અશોક શર્મા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વી. કે. અડવાણી, જિલ્લા પોલીસ અધીક્ષક શ્રી રવિ મોહન સૈની, ધારાસભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ તથા બહોળી સંખ્યામાં ભાવિકજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ઉત્તરપૂર્વીય રાજ્યો અને ગુજરાતની સંસ્કૃતિની કૃતિઓ નિહાળતા મહાનુભાવો - યાત્રિકો

માધવપુર ઘેડના રાષ્ટ્રીય મેળાના બીજા દિવસે કેન્દ્ર સરકારના પ્રવાસન, સંસ્કૃતિ અને ઉત્તર-પૂર્વીય વિકાસ મંત્રી શ્રી જી. કિશન રેડ્ડી, ત્રિપુરાના મુખ્યમંત્રી શ્રી બિપ્લવકુમાર દેબ, રાજ્યના આદિજાતિ વિકાસ અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, પ્રવાસન રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, સાંસદ શ્રી સી. આર. પાટીલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## માધવપુર મેળાના સમાપન પ્રસંગે મહાનુભાવોની ઉપસ્થિતિ



**ચૈત્ર સુદ નોમથી શરૂ થયેલા માધવપુરના મેળાના સમાપન દિવસે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભગવાન શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણીજીના વિવાહ પ્રસંગ-પર્વમાં ઉપસ્થિત રહી ભાવિકો સાથે શ્રદ્ધા પૂર્વક ભગવાનશ્રી કૃષ્ણની જાન યાત્રામાં જોડાઈ ધન્યતાની લાગણી અનુભવી હતી. આ અવસરમાં સહભાગી થવા આસામના મુખ્યમંત્રી શ્રી ડૉ. હેમંત બિસ્વા શર્મા, કેન્દ્રીય શિક્ષણ અને વિદેશ રાજ્ય મંત્રી શ્રી રાજકુમાર રંજન, કેન્દ્રીય પેટ્રોલીયમ રાજ્ય મંત્રી શ્રી રામેશ્વર તેલી, રાજ્યના મહેસુલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, માર્ગ મકાન અને પ્રવાસન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, પ્રવાસન રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, ધારાસભ્ય સર્વેશ્રી બાબુભાઈ બોખિરીયા, શ્રી કાંધલભાઈ જાડેજા તેમજ પ્રવાસીઓ-ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.**

કેન્દ્રીય મંત્રી શ્રી જી. કિશન રેડ્ડીએ મેળામાં ઉપસ્થિત યાત્રિકો અને ભક્તોને સંબોધતા જણાવ્યું હતું કે આ મેળો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં એક ભારત શ્રેષ્ઠ ભારતના મંત્રને ચરિતાર્થ કરી ઉત્તર-પૂર્વીય રાજ્યો અને ગુજરાતની સંસ્કૃતિને જોડાણ કરે છે. સરકારનો એજન્ડા ભારતને શક્તિશાળી દેશ બનાવવાનો છે. આત્મનિર્ભર ભારત અભિયાન સાથે દેશના વિકાસ







તમામ ગુજરાતીઓને મારા જય શ્રીકૃષ્ણ....! ગુજરાતના લોકોનો આવકાર, ભોજન અને રહેવાની વ્યવસ્થા ખૂબ જ સરસ છે. મને એવું લાગે છે કે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો એક ભારત, શ્રેષ્ઠ ભારતનો વિચાર અહીં પોરબંદરમાં સાકાર થઈ રહ્યો છે.

- તેન્જિન્ગ ઢુંઢુપ, અરુણાચલ પ્રદેશ

માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થઈ રહેલા કામો અને ખાસ કરીને દેશને ગૌરવ થાય તેવી મળેલી સિદ્ધિઓની વાત મંત્રીશ્રીએ કરી હતી.

ત્રિપુરાના મુખ્યમંત્રી શ્રી બિપ્લવ કુમારે જણાવ્યું હતું કે ત્રિપુરા સહિત ઉત્તર પૂર્વીય રાજ્યોનું ગુજરાતના આત્મા સાથે મિલન છે. ભગવાન શ્રી કૃષ્ણના લગ્ન ઉત્તરપૂર્વીય વિસ્તારના રુકમણીજી સાથે માધવપુરમાં થયા હતા. આ એક સાંસ્કૃતિક સમન્વય મહાન સંસ્કૃતિ છે તેમ જણાવીને ભગવાનના પ્રસંગના મેળામાં ઉપસ્થિત રહેવાનો અવસર મળ્યો તે અંગે ધન્યતાની લાગણી વ્યક્ત કરી હતી.

સાંસદ શ્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, આગામી વર્ષમાં મેળાને વધુ ભવ્ય અને દિવ્ય બનાવવામાં આવે તેવા આપણા પ્રયાસો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની સાંસ્કૃતિક વિરાસતને ઉજાગર કરવામાં આવી રહી છે તેમ જણાવીને કાશીના વિકાસ અને ભારતના તીર્થસ્થળોની ભવ્યતા અને સરકારની પ્રતિબધ્ધતાની માહિતી આપી હતી. ●



મારો ગુજરાતનો અનુભવ આખી જિંદગી મને કાયમ યાદ રહેશે. જે રીતે ગુજરાતના પોરબંદરના રેલવે સ્ટેશન પર મારો આદર સત્કાર થયો, તેનાથી હું ખૂબ પ્રભાવિત થઈ છું.

- લીવીને, નાગાલેન્ડ





## સોમનાથ મહાદેવને દેશની કલ્યાણ સુખાકારી માટે પ્રાર્થના કરતા રાષ્ટ્રપતિશ્રી

સોમનાથ મહાદેવનાં દર્શન કરી રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજી અને ફર્સ્ટ લેડી શ્રીમતી સવિતા કોવિંદજીએ મહાપૂજા કરી ધન્યતા અનુભવી હતી. રાષ્ટ્રપતિશ્રીએ સમગ્ર દેશ પર સોમનાથદાદાના કૃપા આશિષ વરસતા રહે અને સૌ સ્વસ્થ રહે, ભારત દેશ વિકાસ રાહે સતત અગ્રેસર રહે તેવી પ્રાર્થના પણ કરી હતી. રાષ્ટ્રપતિશ્રીએ સમગ્ર દેશની સલામતી, સમૃદ્ધિ અને પ્રજાની સુખાકારીમાં ઉત્તરોતર વધારો થાય તેવી પ્રાર્થના કરી ભાવપૂર્વક નમન કર્યું હતું. રાષ્ટ્રપતિશ્રીના પરિવારજનોની સાથે સાથે ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ સહિતના મહાનુભાવશ્રીઓ પૂજાઅર્ચનામાં સહભાગી થયા હતા. આ પૂર્વે સોમનાથ મંદિર ખાતે સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા રાષ્ટ્રપતિશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં

# અડાલજમાં શિક્ષણ સંકુલનું ઉદ્ઘાટન તેમજ આરોગ્ય ધામનું ભૂમિપૂજન







રાજ્યના નાગરિકોને સારુ શિક્ષણ, આરોગ્ય સવલત મળી રહે તે માટે સરકાર કટીબદ્ધ છે. નાગરિકોને ઘર આંગણે સારી આરોગ્ય સુવિધા આપવા સરકારે રાજ્યના દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ સ્થાપવાનો નિર્ધાર કર્યો છે. સરકારની સાથે સમાજની વિવિધ સેવાભાવી સંસ્થાઓ પણ લોકોને સારી આરોગ્ય સુવિધા મળી રહે તે માટે પ્રયાસ કરે છે. તાજેતરમાં ગાંધીનગર નજીક અડાલજ ખાતે શ્રી અન્નપૂર્ણા ધામ ટ્રસ્ટ દ્વારા નિર્મિત કુમાર છાત્રાલય અને શિક્ષણ સંકુલનું ઉદ્ઘાટન તેમજ જનસહાયક ટ્રસ્ટ હીરામણી આરોગ્યધામનું ભૂમિપૂજન ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી  કર્યુ હતુ.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, પોષણ, શિક્ષણ અને આરોગ્ય જેવા ક્ષેત્રે સેવા-સખાવતો દ્વારા સમાજ ઉત્થાન કાર્યોમાં યથાશક્તિ યોગદાન આપવાનો પાટીદાર સમાજ સહિતના ગુજરાતીઓનો સ્વભાવ છે. સામાજિક- ધાર્મિક સંસ્થાઓના સેવાકાર્યોથી સરકારના જન કલ્યાણના પ્રયાસોને બળ મળે છે. શિક્ષણ અને પોષણના આ નવનિર્મિત પ્રકલ્પોનો ગુજરાતના સામાન્ય માનવીને મોટો લાભ થશે.  આ સંદર્ભે તેમણે કહ્યું કે, જ્યાં મા અન્નપૂર્ણા દેવીની પૂજા થતી હોય ત્યાં કુપોષણને કોઈ અવકાશ ન હોઈ શકે, કુપોષણ માટે પોષણનું અજ્ઞાન જવાબદાર હોય છે. કોરોના મહામારીને કારણે દુનિયામાં અન્નના ભંડારો ખુટી રહ્યા છે ત્યારે ભારતનો ખેડૂત દુનિયાભરને ભોજન-પોષણ પુરૂ પાડવા માટે સક્ષમ છે તેની નોંધ વૈશ્વિક ફલક પર લેવાઈ છે.

વડાપ્રધાનશ્રીએ અડાલજના નવનિર્મિત શિક્ષણ સંકુલનો ઉલ્લેખ કરી રાજ્યના યુવાનોને સ્કિલ ડેવલોપમેન્ટ થકી 'ઈન્ડસ્ટ્રી ૪.૦ (ઔદ્યોગિક વિકાસના ચોથા તબક્કા)' માટે સજ્જ બનાવવાનું આહ્વાન કરતા કહ્યું કે, 'ઈન્ડસ્ટ્રી ૪.૦' માટે ગુજરાત ભારતનું નેતૃત્વ કરવા સક્ષમ છે. વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં પ્રથમ ફાર્મસી કોલેજની સ્થાપનાથી લઈ રાજ્યમાં ફાર્મા ઉદ્યોગના મોટા પાયે વિકાસનું દ્રષ્ટાંત સમજાવ્યું હતું.

વડાપ્રધાનશ્રીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મૃદુ અને મક્કમ વ્યક્તિત્વની સરાહના કરતાં કહ્યું કે તેમના નેતૃત્વમાં ગુજરાત નવી ઊંચાઈઓને પ્રાપ્ત કરશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, વિકાસ માટેની આધુનિક વિચારધારા અને પાયાના કામો તરફની જવાબદારીનું ધ્યાન શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષતા છે. ગુજરાત રાજ્યને ભૂપેન્દ્રભાઇના રૂપમાં ઉમદા નેતૃત્વ મળ્યું છે, આ નેતૃત્વમાં ગુજરાતની સમૃદ્ધ પરંપરાઓ નવી ઊંચાઈઓ પાર કરશે.

વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં વેક્સિનેશનની ઉત્કૃષ્ટ કામગીરી બદલ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને અભિનંદન પાઠવ્યા હતા. વડાપ્રધાનશ્રીએ નડાબેટ, ગબ્બર અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા પ્રવાસનધામોમાં મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં થઇ રહેલા વિકાસ કાર્યોનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જણાવ્યું કે, શ્રી અન્નપૂર્ણા ધામ ટ્રસ્ટના વિકાસ પ્રકલ્પો સમાજના સર્વાંગી કલ્યાણનો ધ્યેય પાર પાડશે. સરકારના પ્રયાસોમાં સામાજિક સંગઠન શક્તિ જોડાય ત્યારે સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસ મંત્રમાં સૌના પ્રયાસનો ભાવ પણ ઉમેરાય છે.

મુખ્યમંત્રીશ્રીએ જનસહાયક ટ્રસ્ટ હીરામણી આરોગ્યધામનો ઉલ્લેખ કરી પ્રધાનમંત્રી રાષ્ટ્રીય ડાયાલિસિસ અભિયાનમાં ગુજરાત દેશભરમાં અગ્રેસર હોવાનું જણાવ્યું હતું. રાજ્યના તમામ ડાયાલિસિસ કેન્દ્રો પર વિનામૂલ્યે ડાયાલિસિસ સુવિધા તેમજ વન નેશન વન ડાયાલિસિસ અંતર્ગત રાજ્યમાં એક સાથે ૩૧ નવા ડાયાલિસિસ કેન્દ્રો શરૂ કર્યાંનો ચિતાર તેમણે આપ્યો હતો. આ પ્રસંગે શ્રી અન્નપૂર્ણા ધામ ટ્રસ્ટના ચેરમેન અને સાંસદ શ્રી નરહરીભાઈ અમીને ટ્રસ્ટની સમાજસેવાની પ્રવૃત્તિઓ વિશે સૌને અવગત કર્યા હતા. ●

# આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે દરેક જિલ્લામાં ૭૫ સરોવરનું નિર્માણ કરાશે




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જળસંચય બાબતે ઉદાસીન ન રહીએ, દર વર્ષે ચોમાસા પહેલાં તળાવ ઊંડાં કરવાનો, સાફ કરવાનો સંકલ્પ કરીએ. ધરતીમાતાને રસાયણમુક્ત બનાવવા પ્રાકૃતિક કૃષિ તરફ વળવા આહ્વાન કર્યું હતું.

તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ઉમાધામ ગાંઠીલાનો ૧૪મો મહાપાટોત્સવ ભક્તિભાવપૂર્વક યોજાયો હતો. આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધન કર્યું હતું.

વર્ષ ૨૦૦૮માં ઉમાધામ ગાંઠીલાનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો, જેમાં મને ઉપસ્થિત રહેવાની તક મળી હતી તેમ જણાવી વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, આ પાવનધામ આજે શ્રદ્ધાના કેન્દ્રની સાથે સાથે સામાજિક ચેતનાનું કેન્દ્ર તેમજ પ્રવાસન માટે મહત્ત્વનું સ્થાન બની રહ્યું છે. મા ઉમિયાના આશીર્વાદથી ૧૪ વર્ષના ગાળામાં વિવિધ પ્રવૃત્તિઓનો વ્યાપ વધાર્યો છે, જે બદલ શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ, ગાંઠીલાના ટ્રસ્ટીઓ, ભક્તોને અભિનંદન પાઠવ્યાં હતાં.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, આપણે ઉમિયા માતાના ભક્તો છીએ. ધરતી પણ આપણી માતા છે. આપણે ધરતીમાતાને બચાવવા પ્રાકૃતિક કૃષિ તરફ વળીએ. તેમણે ઉમિયાધામ, ગાંઠીલાના આ ધાર્મિક, આસ્થાના કેન્દ્રને સામાજિક ચેતનાનું કેન્દ્ર બનાવવા પણ અનુરોધ કર્યો હતો.

વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં ભૂતકાળમાં પડેલા દુષ્કાળોના ઉલ્લેખ કરતાં કહ્યું કે, રાજ્યમાં જળસંચય, ચેકડેમ, પર ડ્રોપ-મોર ક્રોપ, સૌની યોજના તેમજ જનઆંદોલનથી જાગૃતતા આવી. દર ચોમાસા પહેલાં તળાવ ઊંડાં કરવાનો સંકલ્પ કરીએ તો પાણીસંગ્રહ થશે. પાણી ધરતીમાં ઊતરશે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી પણ પ્રાકૃતિક ખેતીને સમર્પિત છે ત્યારે આપણે સૌ પણ પ્રાકૃતિક કૃષિ કરવા આગળ આવીએ.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, આઝાદીનો અમૃત મહોત્સવ આપણા માટે મહત્ત્વનો છે. દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવર બનાવીએ. ઑગસ્ટ, ૨૦૨૩ પહેલાં સરોવર નિર્માણનું આ કાર્ય પૂરું કરવું છે. ૨૦૪૭માં જ્યારે દેશને ૧૦૦ વર્ષ થાય ત્યારે આપણા ગામ, સમાજ, દેશ માટે કંઈક કર્યાનો સંતોષ મેળવી શકીએ. ઉપરાંત જે તળાવ હોય તેને ઊંડાં, મોટાં બનાવીએ. ઉમિયામાતાના ભક્તો જે કામ હાથમાં લે તે અવશ્ય પૂરું કરે છે, તેમ વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું. આપણાં બાળકો કુપોષિત હોય તે કોઈ કાળે ના પાલવે તેમ જણાવી વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, બાળક સ્વસ્થ હશે તો જ સમાજ- દેશ સશક્ત બનશે. તેમણે ઉમાધામ દ્વારા બાળ તંદુરસ્તી હરીફાઈ યોજવા તેમજ તંદુરસ્ત બાળકોને પ્રોત્સાહિત કરવા જણાવ્યુ હતું.

માં ઉમિયાનો પાટોત્સવ ધર્મોત્સવ નારી શક્તિના સામર્થ્યને ઉજાગર કરતો અવસર છે. અહીં આયોજિત આરોગ્યલક્ષી, સમાજલક્ષી સેવાકાર્યો સમાજને નવો રાહ ચીંધે છે, તેમ વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉપસ્થિત વિશાળ જનસમુદાયને સંબોધતાં જણાવ્યું કે, ૭૫મા આઝાદીના અમૃત મહોત્સવ ઉજવણી સુરાજય અને રામરાજ્યના અનુભવ તરફ લઈ જાય છે. મુખ્યમંત્રીશ્રીએ પાટીદારો એટલે શ્રદ્ધા,

સેવા અને સમર્પણ એ તેમની ઓળખ છે તેમ ઉમેર્યું હતું.

આપણે ગમે તેવી વિકટ પરિસ્થિતિમાંથી પણ રસ્તો કાઢવા સક્ષમ છીએ. તેમણે ધરતીમાતાને ફર્ટિલાઇઝરમુક્ત બનાવવા સાથે બેક ટુ બેઝિકનું આહ્વાન કર્યું હતું. આપણે સંકલ્પ કરીએ કે, હવેથી પ્રાકૃતિક ખેતી, નેચરલ ફાર્મિંગ અપનાવીશું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, મા ઉમિયાધામ મહાપાટોત્સવ એ માત્ર ધર્મોત્સવ નહીં, માતૃસંસ્થાને ઉજાગર કરતો અવસર છે. શ્રદ્ધા, સેવા અને સમર્પણને વરેલા મા ઉમિયાના ભક્તો એવા પાટીદારો એટલે પાણીદાર ગુજરાત. વિશ્વભરમાં પાટીદારોની એક આગવી ઓળખ છે. ક્યાંય પાછા ન પડે, ગમે તેવી વિકટ પરિસ્થિતિને મૂંઝાયા વગર પાર પાડે. પથ્થરમાંથી પાણી કાઢે એવા મહેનતી લોકો એટલે પાટીદાર. પાટીદારો આખા વિશ્વમાં વ્યાપી ગયા, પરંતુ માતૃભૂમિનુ ઋણ કદી ન ભૂલ્યા. એમની સેવા, પ્રવૃત્તિઓ તમામ સમાજનો સહારો બની છે.

મુખ્યમંત્રીશ્રીએ આ પાવન પ્રસંગે માતૃભૂમિનું ઋણ અદા કરવા ઉપસ્થિત સૌ પાટીદારોને અનુરોધ કરતાં જણાવ્યું હતું કે, ધરતીમાતાનું ઋણ પણ ધરતીના છોરુ પાટીદારોએ અદા કરવાનું છે. આપણે અત્યાર સુધી રાસાયણિક ખાતરનો ઉપયોગ કરી ખેતી કરતા રહ્યા અને ધરતીમાતાને રસકસ વગરની કરી નાખી છે. આવા ધન-ધાન્ય ખાઈને આપણું સ્વાસ્થ્ય બગડ્યું છે અને કેમિકલ ફર્ટિલાઇઝરથી ધરતીમાતાનું સ્વાસ્થ્ય પણ બગડ્યું છે ત્યારે આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હવે ધરતીમાતાનું સ્વાસ્થ્ય સુધારવા અને માનવજીવનને આરોગ્યપ્રદ બનાવવા બેક ટુ બેઝિકનું આહ્વાન કર્યું છે, જેને આપણે સૌએ સાર્થક કરવાનું છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતુ કે, ઉમિયામાતાના સાંનિધ્યે પધારેલા સૌ પાટીદાર પરિવારો પણ આજે સંકલ્પ કરે કે હવેથી પ્રાકૃતિક ખેતી, નેચરલ ફાર્મિંગ જ અપનાવશે. પ્રાકૃતિક ખેતી ગાય આધારિત કરીને આપણે આવનારી પેઢીને પણ સ્વસ્થ જીવન આપી શકીશું. આ પ્રાકૃતિક ખેતી આત્મનિર્ભરતા તરફ લઈ જશે એ નિશ્ચિત છે. આત્મનિર્ભર ખેતીથી આત્મનિર્ભર ગુજરાત, આત્મનિર્ભર ભારતનું લક્ષ્ય પૂરું થઈ શકશે.

કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ તેમની આગવી શૈલીમાં કહ્યું કે, વિશ્વ હજુ મહામારી સામે ઝઝૂમી રહ્યું છે ત્યારે આપણે ૧૮૫ કરોડ ડોઝ આપી કોરોનાને હંફાવ્યો છે. જૂનાગઢ જિલ્લાના પ્રભારી અને પ્રવાસનમંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણીએ કહ્યું કે, પાટીદાર સમાજ સામાજિક ચેતના ઉજાગર કરવામાં સતત અગ્રેસર છે. આપણે સૌને સાથે લઈને ચાલવાનું છે, જેનાથી આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રીનો સૌનો સાથ સૌનો વિકાસ સૂત્રને સાર્થક કરીશું.

મહાપાટોત્સવમાં સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા, શ્રી રાજેશભાઈ ચૂડાસમા, ધારાસભ્ય શ્રી લલિતભાઈ કગથરા, ચિરાગભાઈ કાલરીયા, શ્રી હર્ષદભાઈ રીબડિયા, શ્રી ભીખાભાઈ જોશી, ઊંઝા ઉમાધામ મંદિરના પ્રમુખ શ્રી બાબુભાઈ પટેલ, ઉમાધામ ગાંઠીલાના પ્રમુખ શ્રી વાલજીભાઈ ફળદુ, પટેલ સમાજના આગેવાનો ગટોરભાઈ પટેલ, ગોવિંદભાઈ વરમોરા, આર. સી.પટેલ, મનીષભાઈ ચાંગેલા સહિત દાતાશ્રી ઉદ્યોગપતિઓ, પાટીદાર સમાજના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે પૂર્વ ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ લાડાણી અને અગ્રણી શ્રી નીલેશભાઈ ધુલેશિયાએ ઉમાધામ ગાંઠીલાના વિકાસ સાથે સામાજિક કાર્યોની વિગતો આપી હતી. આ પ્રસંગે દાતાઓનું સન્માન આરોગ્યલક્ષી કેમ્પ ૫૧ કુંડી હવન યોજાયો હતો. ●



## રામનવમીના પાવન અવસરે જગતજનની ઊમિયા માતાજીનાં ભાવપૂર્વક દર્શન-પૂજન કરતા CM



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રામનવમીના પાવન અવસરે ઉમાધામ ગાંઠીલા ખાતે જગતજનની ઊમિયા માતાજીના ભક્તિભાવપૂર્વક દર્શન-પૂજન કર્યાં હતાં. જૂનાગઢ પાસેના ગાંઠીલા ખાતે ઓઝત નદીના રમણીય કાંઠે સ્થિત ઉમાધામ ખાતે મુખ્યમંત્રીએ ઊમિયા માતાજીના મંદિરમાં શીશ નમાવી દર્શન-પૂજન સાથે સમગ્ર ગુજરાતના કલ્યાણ સાથે માતાજીની કૃપા હંમેશાં વરસતી રહે તેવી પ્રાર્થના કરી હતી.



# નડાબેટ સરહદ ખાતે 'સીમાદર્શન પ્રોજેક્ટ'નું કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે લોકાર્પણ




બનાસકાંઠા જિલ્લાના સૂઈગામ તાલુકાના નડાબેટ સ્થિત ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સીમા ખાતે નિર્મિત 'સીમાદર્શન પ્રોજેક્ટ'નું કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાત અને દેશવાસીઓને રામનવમીની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, આપણા સૌના આરાધ્યદેવ મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રી રામના જીવન-કવનમાંથી આપણને યુગો યુગોથી પ્રેરણા મળતી રહી છે.

ગૃહમંત્રીશ્રીએ B.S.F.ના જવાનોની જવાંમર્દીને બિરદાવતાં કહ્યું કે B.S.F.ના જવાનો માઈનસ ૪૦ ડિગ્રીથી લઈને ૫૦ ડિગ્રી ગરમીની કઠિન પરિસ્થિતિઓમાં દેશનું રક્ષણ કરે છે. સીમાઓ પર દૂર હજારો કિ.મી. દૂર તપતા રેગિસ્તાનમાં આપણી સુરક્ષા માટે તેઓ ખડેપગે ઊભા છે. 'જીવનપર્યંત કર્તવ્ય'ના નારા સાથે દેશની સેવામાં B.S.F. હંમેશાં અગ્રેસર છે દેશ પર જ્યારે જ્યારે આફત આવી છે ત્યારે B.S.F. ના જવાનોએ જાનની બાજી લગાવી દેશસેવા કરી છે.

## નડાબેટ સીમાદર્શન : બોર્ડર ટુરિઝમનું નવલું કેન્દ્ર









ગૃહમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કલ્પનાને હું વંદન કરું છું કે બનાસકાંઠા જિલ્લાના નડાબેટ ખાતે સીમાદર્શન પ્રોજેક્ટ નિર્માણ પામ્યો છે. આ પ્રોજેક્ટથી પ્રવાસનના વિકાસની સાથે નવી રોજગારીનું સર્જન થશે. તેમણે આશાવાદ વ્યક્ત કરતાં જણાવ્યું કે આવનારાં ૧૦ વર્ષ પછી આ વિસ્તારમાં લાખો લોકોને રોજગારીની નવી તકો પ્રાપ્ત થશે. તેમણે કહ્યું કે નડાબેટ સીમાદર્શન પ્રોજેક્ટના લીધે બનાસકાંઠા જિલ્લો સમગ્ર દેશમાં આકર્ષણનું કેન્દ્ર બનશે. રાષ્ટ્રના નાગરિકોને માભોમની રક્ષા માટે સતત ખડેપગે રહેનારા B.S.F.ના જવાનોની જીવનચર્યાને પ્રત્યક્ષ અનુભવવાની તક પ્રાપ્ત થાય તેમજ જવાનોની રહેણી-કરણી, ફરજો અને દેશપ્રેમને રૂબરૂ નિહાળી શકે તેવા આશયથી સીમાદર્શન પ્રોજેક્ટ શરૂ કરાયો છે.

ગૃહમંત્રીશ્રીએ સીમાદર્શન પ્રોજેક્ટની વિસ્તૃત માહિતી આપતાં જણાવ્યું કે, સીમાદર્શન પ્રોજેક્ટ અંતર્ગત રૂ. 125 કરોડના ખર્ચે પ્રવાસીઓ માટે તમામ પ્રકારની અદ્યતન સુવિધાઓ અને વિશેષ આકર્ષણો વિકસિત કરવામાં આવ્યાં છે. પ્રવાસન વિભાગ દ્વારા બોર્ડર ટુરીઝમના વિકાસ માટે ‘ટી-જંક્શન’, ઝીરો પોઈન્ટ તથા ટી-જંક્શનથી લઈને ઝીરો પોઈન્ટ સુધીના રસ્તા પર વિવિધ વિકાસકાર્યો કરવામાં આવ્યાં છે.

તેમણે કહ્યું કે સીમાદર્શન ખાતે ફર્નિચર અને ઈન્ટીરિયર વર્ક સાથે ત્રણ આગમન પ્લાઝા-વિશ્રામસ્થળ, પાર્કિંગ, 500 લોકો માટેની બેઠક ક્ષમતા ધરાવતું ઓડિટોરિયમ, ચેન્જિંગ રૂમ, સોવેનિયર શોપ, 22 દુકાનો અને રેસ્ટોરન્ટ્સ, ‘સરહદગાથા’ પ્રદર્શન કેન્દ્ર અને મ્યુઝિયમ, ડેકોરેટિવ લાઈટિંગ, સોલાર ટ્રી તેમજ સોલાર રૂફટોપની સુવિધાઓ વિકસિત કરાઈ છે.

આ ઉપરાંત, રિટેનિંગ વોલ, B.S.F. બેરેક તથા પીવાના પાણી અને ટોઈલેટ બ્લોકની સુવિધાઓ, 5000 લોકોની ક્ષમતાવાળું પરેડ ગ્રાઉન્ડ, એક્ઝિબિશન સેન્ટર, પાર્કિંગ સુવિધા, સાઉન્ડ સિસ્ટમ, બાળકોને રમવા માટે વિવિધ પ્રવૃત્તિઓ, B.S.F.ના જવાનો માટે રોકાણની સુવિધા અને સરહદ સુરક્ષાની વિશિષ્ટ પ્રતિકૃતિ સમાન ગેટનું નિર્માણ કરાયું છે.

પ્રવાસન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું કે, આજે સમગ્ર ગુજરાત માટે ગર્વની વાત છે કે પ્રવાસન વિભાગ દ્વારા ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ ખાતે નડેશ્વરી માતાના સાંનિધ્યમાં અધર્મ સામે ધર્મના વિજયપ્રતીક સમાન રામનવમીના પાવન અવસરે બોર્ડર ટુરીઝમના અનેક પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. ગુજરાત સરકાર દ્વારા વાઈલ્ડલાઈફ ટુરીઝમ, ઈકો ટુરીઝમ અને બીચ ટુરીઝમની જેમ બોર્ડર ટુરીઝમને પ્રોત્સાહન આપતા આ પ્રોજેક્ટની સફળતા સાથે પ્રવાસન ક્ષેત્ર નવી ઊંચાઈઓ સર કરશે. બાળકોમાં દેશભક્તિના સંસ્કારોનું સિંચન થાય તે માટે સીમાદર્શન નડાબેટની મુલાકાત લેવા પ્રવાસનમંત્રીશ્રીએ અપીલ કરી હતી.

આ પ્રસંગે B.S.F. જવાનો દ્વારા પરેડ અને બીટિંગ રિટ્રિટ સેરેમની યોજવામાં આવી હતી. સાથે જ સુપ્રસિદ્ધ ગાયક પદ્મશ્રી કૈલાસ ખેર દ્વારા દેશભક્તિનાં ગીતો રજૂ કરાયાં હતાં.

આ પ્રસંગે પ્રભારી મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલા, સાંસદ શ્રી પરબતભાઈ પટેલ અને દિનેશભાઈ અનાવાડિયા, ધારાસભ્ય શ્રી શશિકાન્તભાઈ પંડ્યા, બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, ટુરીઝમ વિભાગના સચિવ શ્રી હારિત શુક્લા, કલેક્ટર શ્રી આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્વપ્નિલ ખરે સહિત B.S.F. ના ઉચ્ચ અધિકારીઓ-પદાધિકારીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ●

## અંબાજીમાં પ્રવાસીઓની સુવિધામાં વધારો

# અંબાજીમાં દેશના સૌથી મોટા લાઇટ એન્ડ સાઉન્ડ શોનો પ્રારંભ

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ચૈત્ર નવરાત્રિના પાવન અવસરે આસ્થા, ભક્તિ અને વિકાસનું કેન્દ્ર બની રહ્યું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આદ્યશકિત મા અંબેનાં દર્શન અને ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના કરી, શીશ નમાવી સાડા છ કરોડ ગુજરાતીઓની સુખ, સમૃદ્ધિ અને સલામતી માટે પ્રાર્થના કરી હતી. આ સાથે, તેમણે પાંચ લાભાર્થીઓને ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન અંતર્ગત બનાવવામાં આવેલી દુકાનની ચાવી અર્પણ તથા વિચરતી-વિમુક્ત જાતિનાં કુલ ૪૧ મહિલા લાભાર્થીઓને ૮૦ ચોરસ મીટરના પ્લોટની સનદનું વિતરણ પણ કર્યું હતું. તો વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ગબ્બર ખાતે રૂ. ૧૩.૩૫ કરોડના ખર્ચે નવનિર્મિત ભારતના સૌથી મોટા લાઇટ એન્ડ સાઉન્ડ શોનો પ્રારંભ પણ મુખ્યમંત્રીશ્રીએ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ મા આદ્યશક્તિનાં દર્શન બાદ અંબાજી મંદિર સંકુલમાં એગ્રો મોલના શુભારંભ ઉપરાંત, પબ્લિક એડ્રેસ સિસ્ટમનું લોકાર્પણ તેમજ ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડની મોબાઇલ એપનું લોન્ચિંગ પણ કર્યું હતું.

અંબાજી ગામની આસપાસ રહેતા મદારી, ભરથરી તથા વાદી જેવી વિચરતી વિમુક્ત જાતિના લોકોના પરિવારો માટે 'શ્રી શક્તિ વસાહત'નું નિર્માણ થઈ રહ્યું છે. આ વસાહતમાં પાકાં રહેણાક મકાનની સુવિધા સરકારના સહયોગથી ઉપલબ્ધ થશે. વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'શ્રી ગાયત્રી તીર્થ' ખાતે વેદમાતા ગાયત્રીનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

ગબ્બર તીર્થની તળેટીમાં આવેલા 'શ્રી ગાયત્રી શક્તિપીઠ' ખાતે ચૈત્રી નવરાત્રિના અનુષ્ઠાન પ્રસંગે સમસ્ત ગુજરાતમાંથી આવેલા શક્તિસાધકો ગાયત્રી મહામંત્રના જાપ કરી રહ્યા છે ત્યારે આ દિવ્ય પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાયત્રીમાતાનાં દર્શન કરી વૈદિક મંત્રોચ્ચાર સાથે ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુપ્રસિદ્ધ અંબાજી મંદિરની મુલાકાત બાદ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સાથે વિકાસકામોની સમીક્ષા બેઠક યોજી હતી.


અંબાજી મંદિરની આસપાસનાં પ્રવાસન સ્થળોમાં કોટેશ્વર મહાદેવ મંદિર, કામાક્ષીદેવી મંદિર અને કુંભારિયા જૈન દેરાસર આવેલાં છે અને પૌરાણિક મંદિરો છે અને તેનો વિકાસ કરવાથી પ્રવાસનની તકો આવનારા સમયમાં ઉપલબ્ધ બનશે. આ ઉપરાંત તેલિયા નદી, રીંછડિયા તળાવ અને કુંભેશ્વર મહાદેવ મંદિરનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરી શકાય તેમ છે.

૫૧ શક્તિપીઠ પરિક્રમાના વિશેષ દિવસોની ઉજવણી કરાય છે. ગબ્બર ખાતે ભારતનો સૌથી મોટો થ્રી-ડી વીડિયો પ્રોજેક્શન મેપિંગ શો શરૂ કરવામાં આવ્યો છે. અંબાજી મંદિરમાં એલ.ઈ.ડી. સ્ક્રીન અને પબ્લિક એડ્રેસ સિસ્ટમ તથા ગબ્બર ટોચ ખાતે સમગ્ર પરિક્રમા પથનાં ૫૧ મંદિરોમાં એકસાથે આરતી થઈ શકે તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ગબ્બર ખાતે રૂ. ૧૩.૩૫ કરોડના ખર્ચે નવનિર્મિત ભારતના સૌથી મોટા લાઇટ એન્ડ સાઉન્ડ શોનો પ્રારંભ કરાવતાં જણાવ્યું હતું કે, અંબાજી ગબ્બર ખાતે નવનિર્મિત ભારતનો સૌથી મોટો 'લાઇટ એન્ડ સાઉન્ડ શો' આવનારા સમયમાં અંબાજી તીર્થધામનું અનેરા આકર્ષણનું કેન્દ્ર બનવાનો છે. વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો પણ પ્રારંભ થયો છે ત્યારે આ મહોત્સવ પવિત્ર યાત્રાધામનો વિકાસ વધુ વેગવંતો બનાવશે એવો વિશ્વાસ પણ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશભરમાં એક જ સ્થળે





એકાવન શક્તિપીઠનો જે સંકલ્પ સેવ્યો હતો એ સાકાર થયો છે એમ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું. આદ્યશક્તિ ધામનાં દર્શને આવનારા લાખો શ્રદ્ધાળુઓને હવે એક જ સ્થળે એકસાથે ૫૧ શક્તિપીઠનાં દર્શનનો લાભ મળતો હશે એવો વિશ્વાસ પણ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે સાંસ્કૃતિક વિલેજનું ઉદ્દ્ઘાટન, અંબાજી મંદિરની અદ્યતન વેબસાઇટનું લોન્ચિંગ તેમજ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા વિકસાવવામાં આવેલી મોબાઈલ એપનું પણ લોન્ચિંગ કર્યું હતું.

આ અવસરે માર્ગ અને મકાન વિભાગના મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ કહ્યું હતું કે, પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે અનેક પ્રકલ્પોનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા લોકાર્પણ અને પ્રારંભ કરાવીને યાત્રિકોને ભેટ આપી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને માર્ગદર્શન હેઠળ જે શ્રી ૫૧ શક્તિપીઠનું રૂપરેખાનું આયોજન કરવામાં આવ્યું હતું એ આજે સાકાર થતું જોવા મળી રહ્યું છે.

ઉપરાંત અંબાજી વિકાસ વિસ્તાર અને યાત્રાધામ પ્રવાસન સત્તામંડળની રચના અંગે કરવાનાં થતાં કામો, અંબાજી મંદિર પરિસર વિસ્તૃતીકરણ, યાત્રિકોની સંખ્યામાં વૃદ્ધિ સાથેનાં ભાવિ આયોજનો, કેન્દ્ર સરકારની પ્રસાદ યોજના હેઠળ ભોજનાલય બનાવવા અંગે, ગબ્બર પગથિયાંના નવીનીકરણ, વિકાસ કોટેશ્વર મહાદેવ મંદિરના વિકાસ, નવું એસટી બસ સ્ટેશન સહિત અંબાજી મંદિર પાસેના વિવિધ રસ્તાઓ, બાયપાસ રોડ અને પાર્કિંગ સુવિધા તથા સંસ્કૃત મહાવિદ્યાલયના નવીન સંકુલ અંગે વિગતવાર માહિતી પણ જિલ્લા કલેક્ટરશ્રીએ મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂ કરી હતી.

આ અવસરે પ્રવાસન અને યાત્રાધામ રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, સાંસદ શ્રી પરબતભાઇ પટેલ, રાજ્યસભા સાંસદ શ્રી દિનેશભાઈ અનાવાડિયા, ધારાસભ્ય શ્રી શશિકાન્તભાઈ પંડ્યા, મુખ્યમંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવ શ્રી કે. કૈલાસનાથન, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર સહિત અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●




## કોટેશ્વર ધામના નવીનીકરણનું ભૂમિપૂજન

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીની નજીક આવેલા કોટેશ્વરનાં વિકાસકાર્યોનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પ્રારંભ કરાવ્યો હતો. કોટેશ્વર ખાતે રૂ. ૩ કરોડના ખર્ચે યાત્રાળુઓ માટે યાત્રિક સુવિધા કેન્દ્ર, રેમ્પની કામગીરી, પગથિયાંનું રિનોવેશન, હયાત મંદિર અને પરિસરનું રિનોવેશન, ગૌમુખ કુંડ રિનોવશન તથા નવીન કામ, સરસ્વતી માતાની પ્રતિમાનું નિર્માણ, ગાર્ડનિંગ તથા પ્રવેશદ્વાર સહિતનાં આધુનિકીકરણનાં કામો હાથ ધરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે મંદિરથી પરત ફરતાં મુખ્યમંત્રીશ્રીએ સામાન્ય નાગરિકની જેમ સ્થાનિક ગ્રામજનો સાથે તેમના સામાન્ય જીવનમાં મુશ્કેલી વિશે ચર્ચા કરી તેમનાં બાળકોના આરોગ્ય અને શિક્ષણ વિશે વિસ્તૃત વાત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સહજ ભાવે સ્થાનિકો સાથે ચાની ચૂસકી લગાવી પાપડી-જલેબી આરોગ્યાં હતાં.

## શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ

શક્તિ, ભક્તિ અને આસ્થાના પરમ કેન્દ્રબિંદુ સમાન વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ત્રિ-દિવસીય શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો, જેમાં અંબાજી ગબ્બર તળેટી ખાતે શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો સંતો-મહંતોની ઉપસ્થિતિમાં શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ કલેક્ટર શ્રી આનંદ પટેલે પ્રારંભ કરાવ્યો હતો. ●





# ગુજકોમાસોલના સહકાર ભવનનું ઉદ્‌ઘાટન

સહકાર ક્ષેત્ર દેશના આર્થિક વિકાસનું ત્રીજું મોડેલ છે. આ ત્રીજું મોડેલ દેશના વિકાસ માટે ઉપયોગી અને અનુકૂળ મોડેલ છે. તેને મજબૂત કરી જનજન સુધી તેનો ફાયદો કરાવવો તથા દેશના વડાપ્રધાનશ્રીના સ્વપ્ન પાંચ ટ્રિલિયન ડોલર ઇકોનોમીને હાંસલ કરવા ગ્રામીણ ક્ષેત્રને જોડવાનું કામ કરવું ખૂબ જરૂરી છે, તેવું ગાંધીનગર ખાતે નવનિર્મિત ગુજકોમાસોલના શ્રી ત્રિભુવનદાસ પટેલ સહકાર ભવનના ઉદ્‌ઘાટન સમારંભમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, સરદાર પટેલ, મોરારજી દેસાઈ અને ઉદેસિંહ ભાણસિંહ જેવા અનેક લોકોએ સહકારની ભાવના આપણામાં આઝાદીના સમયથી પ્રત્યારોપિત કરી છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, સહકારિતાની ભાવના સાથે પ્રોફેશનલીઝમની ભાવનાનો સમન્વય ત્રિભુવનદાસ પટેલે ગુજરાતમાં કર્યો છે. કોઈપણ સંસ્થાને સ્પર્ધામાં ટકવા માટે સમયોચિત ફેરફાર કરવા ખૂબ જરૂરી છે, જેથી સહકાર ક્ષેત્રમાં કમ્પ્યુટરાઇઝેશન અને પ્રોફેશનલ લોકોની ભરતી કરવી પણ ખૂબ જ જરૂરી છે.



આઝાદીના અમૃત મહોત્સવના વર્ષમાં દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં સહકાર મંત્રાલયની સ્થાપના કરી છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, સહકારી આંદોલનને ગતિ આપવા અને વર્ષોથી સહકારી કાર્યકર્તાઓની માગને ધ્યાનમાં લઈ દેશમાં આ મંત્રાલય ઊભું કરવામાં આવ્યું છે. સહકાર ક્ષેત્રને મજબૂત કરવાની ચિંતા સહકાર મંત્રાલય કરશે.

દેશના અર્થતંત્રમાં પાંચ વર્ષમાં સહકાર ક્ષેત્રનું યોગદાન વધારવા સરકાર

## સહકારથી સમૃદ્ધિના ખુલ્યાં દ્વાર

# 'આદર્શ સહકાર ગ્રામ યોજના'નો પ્રારંભ

અમદાવાદ જિલ્લાના બાવળા ખાતે આદર્શ સહકાર ગ્રામ યોજના'ના શુભારંભ પ્રસંગે કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે, દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકારી ક્ષેત્રને લઈને જે કલ્પના કરી હતી તે આજે 'આદર્શ સહકારી ગ્રામ યોજના' થકી સાકાર થતી જોવા મળી રહી છે. શ્રી અમિતભાઈ શાહે નેશનલ બેંક ફોર એગ્રિકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ - નાબાર્ડ તેમજ ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેન્કના સહયોગથી મોડેલ કો-ઓપરેટિવ વિલેજ'નો પ્રારંભ કરવા બદલ નાબાર્ડ અને જી.એસ.સી બેંકના સૌ અધિકારી અને પદાધિકારીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું કે, આઝાદીનું 75મું વર્ષ દરેક માટે મહત્ત્વનું છે. ગુજરાતમાં સહકાર ક્ષેત્રથી સમૃદ્ધિ આવી છે. આ કાર્યક્રમમાં સહકારી માળખું કેટલું મજબૂત થયું છે તેની સાક્ષી મળે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સહકાર મંત્રાલયની સ્થાપના કરી સહકારી ક્ષેત્રને મજબૂત કરવાનું કામ તો કર્યું જ છે, પરંતુ સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોની વર્ષો જૂની માગ પણ પૂરી કરી છે. સાથે સાથે આગામી સમયમાં ભારતની બધી જ પ્રાઇમરી એગ્રિકલ્ચર સોસાયટીને કમ્પ્યુટરાઇઝ્ડ કરી સોફ્ટવેર આપવાનું કામ પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં થવા જઈ રહ્યું છે. દેશમાં સહકારી ક્ષેત્રનું માળખું એટલું સુગ્રથિત છે કે સહકારી ક્ષેત્ર મજબૂત થાય તો દેશનો ગરીબ માણસ - ખેડૂત - પશુપાલક એમ બધા જ મજબૂત બનશે એમ શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગ્રામીણ ક્ષેત્ર અને ગ્રામીણમાં રહેતા યુવાનો વધુ પ્રવૃત્તિમય થયા છે અને દેશનાં ગામડાંઓ આત્મનિર્ભર બનવાની દિશામાં આગળ વધી રહ્યાં છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દેશનાં દરેક ગામડાંઓ સંપૂર્ણ સુવિધાથી સજ્જ બને અને ટેક્નોલોજીયુક્ત બને એ દિશામાં પણ આગળ વધી રહ્યા છે. શહેરની સુવિધાઓ ગામડાંમાં ઉપલબ્ધ થાય તેવા સશક્ત ગામની કલ્પના શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી છે એમ ઉમેર્યું હતું. ●



કટિબદ્ધ છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, ૧૯૬૦માં સ્થાપના થયેલા ગુજકોમાસોલે અનેક ઉતાર-ચઢાવ જોયા છે. આજે ૨૨ ટકા ડિવિડન્ટ આપનાર સંસ્થા પણ દેશમાં આ છે તેમજ મગફળીના તેલનું ઉત્પાદન અને ૨૫૦ જેટલા મેગા સ્ટોલનું નિર્માણ ગુજકોમાસોલે કર્યું છે, તે બદલ અભિનંદન આપ્યાં હતાં.

સહકારી ક્ષેત્રને મજબૂત કરવાનું કામ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, દેશમાં સહકાર ક્ષેત્રનો વિકાસ કરવા માટે ડેવલપ રાજ્ય, અંડર ડેવલપિંગ રાજ્ય અને ડેવલપિંગ રાજ્ય એમ ત્રણ વિભાગમાં વિભાજિત કરવામાં આવશે. નાનામાં નાની વ્યક્તિને પણ સહકારિતા આંદોલનમાં જોડીને સહકારિતાથી સમૃદ્ધ થવાના વડાપ્રધાનશ્રીના સૂત્રને સાર્થક કરવામાં આવશે. સહકારી ક્ષેત્રનું કૃષિધિરાણ, ખાતર વિતરણ, ખાતર ઉત્પાદન, ખાંડ ઉત્પાદન જેવાં ક્ષેત્રોનમાં મોટું યોગદાન છે. ચાલુ વર્ષના બજેટમાં કેન્દ્ર સરકારે સહકાર ક્ષેત્રના વિકાસ માટે રૂપિયા ૯૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. તેમજ સહકાર ક્ષેત્રના વિકાસ માટે શિક્ષણ, સહકાર ક્ષેત્રના વિકાસ માટે નીતિ અને ડેટાબેઝ બનાવવાનો પણ આરંભ કરવામાં આવ્યો છે.

ગુજકોમાસોલના અધ્યક્ષ શ્રી દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય જનજીવનને ધબકતું કરવાનું મુખ્ય કાર્ય ગુજકોમાસોલનું છે. છેલ્લાં ત્રણ વર્ષના સમયગાળામાં આ સંસ્થાએ તેના ડિવિડન્ડમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી છે.

આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, સહકાર અને ઉદ્યોગ મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી જેઠાભાઈ ભરવાડ, અમૂલ ડેરીના ચેરમેન શ્રી શામળભાઈ પટેલ, ગુજકોમાસોલના વાઈસ ચેરમેન શ્રી ગોવિંદભાઈ પરમાર સહિત અનેક મહાનુભાવો અને મંડળીઓના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ●

## NCDFIની સુવર્ણજયંતીએ ઈ-માર્કેટ એવોર્ડ સમારંભ યોજાયો

આપણો દેશ દૂધઉત્પાદક ક્ષેત્રે આત્મનિર્ભર બન્યો છે, તે વાત આનંદની છે, પરંતુ દૂધઉત્પાદન ક્ષેત્રે વિશ્વમાં અગ્રેસર બની ગયા તે વાતનો સંતોષ માની આપણે અટકવાનું નથી, તેવું નેશનલ કો-ઓપરેટીવ ડેરી ફેડરેશન ઓફ ઈન્ડિયા (NCDFI)ના ગાંધીનગર ખાતે યોજાયેલા ૫૦ વર્ષ પૂર્ણ - ઈ-માર્કેટ એવોર્ડ સમારંભમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું. NCDFIનાં ૫૦ વર્ષ પૂર્ણ થવા બદલ આ સંસ્થામાં યોગદાન આપનાર સર્વેને અભિનંદન પાઠવી તેમણે જણાવ્યું હતું કે, કોઈ પણ સંસ્થાની સુવર્ણ જયંતીની ઉજવણી એટલે તે સંસ્થાએ હાંસલ કરેલી સિદ્ધિઓને યાદ કરવાનો સમય. પણ આ પ્રસંગે આગામી સમયમાં કેમ સંસ્થાની વધુમાં વધુ પ્રગતિ થાય તેનું ચિંતન કરવું પણ તેટલું જ જરૂરી છે. આ સંસ્થા ભાઈચારાના વ્યવહાર સાથે સમગ્ર દેશમાં કામ કરે છે, તે વાતની પ્રશંસા કરી હતી તેમજ ભારતદેશને દૂધઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર બનાવવામાં આ સંસ્થાનો સિંહફાળો છે, તેવું પણ ઉમેર્યું હતું.

દેશને દૂધઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવામાં પશુપાલકોનું યોગદાન મહત્ત્વનું છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, પશુપાલન થકી આજે ગામડાંઓની મહિલાઓ સ્વનિર્ભર બની છે. કેન્દ્રીય મંત્રી શ્રી બી. એલ. વર્માએ જણાવ્યું હતું કે, દૂધઉત્પાદન ક્ષેત્રે દેશ આત્મનિર્ભર બન્યો છે. તે વાત આનંદની છે. આ ક્ષેત્રમાં ઈ-માર્કેટનો આરંભ વર્ષ-૨૦૧૫માં કરવામાં આવ્યો હતો. વર્ષ- ૨૦૨૧-૨૨માં ૪૮૦૦ કરોડથી વધુનું ઈ-માર્કેટ થકી વેચાણ થયું છે. સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, સહકારી ક્ષેત્ર દેશનું ખૂબ મોટું ક્ષેત્ર છે. આ ક્ષેત્રને બળ આપવાનું કામ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકાર મંત્રાલય ઊભું કરીને કર્યું છે. દેશની વસ્તીને સહકારી ક્ષેત્ર થકી દૂધ અને તેની ઉત્પાદિત અનેક વસ્તુઓ સરળતાથી મળી રહે છે. આ પ્રસંગે સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં સ્લરી આધારિત જૈવિક ખાતરના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે એન.ડી.ડી.બી. અને જી.એસ.એફ.સી. વચ્ચે એમ.ઓ.યુ. થયા હતા. એન.ડી.ડી.બી. દ્વારા ગુજરાતમાં ગોબરધન યોજનાનું અમલીકરણ કરવામાં આવ્યું હતું. સહકાર મંત્રીશ્રીના હસ્તે દેશમાં ઈ-માર્કેટમાં અગ્રેસર રહેનાર મંડળીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના વાઈસ ચાન્સલેર શ્રી જયંતકુમાર વ્યાસ સહિત દેશના વિવિધ પ્રાંતમાંથી અલગ અલગ મંડળીઓના ચેરમેનશ્રીઓ સહિત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. ●

## બહુચરાજી પંથકમાં આઝાદીની આહ્‌લેક જગાવનાર

# પ્રહ્‌લાદજી પટેલનું સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન ચિરસ્મરણીય રહેશે : CM



ગુજરાતની ત્રણ શક્તિપીઠોમાંની એક એવા બહુચરાજીની ભૂમિ પર બહુમુખી પ્રતિભા ધરાવતા શેઠ પ્રહ્‌લાદજી જીવી ગયા તેનાથી બહુ ઓછા લોકો વાકેફ છે. પ્રહ્‌લાદજી પટેલનું જીવન એટલે સ્વાતંત્ર્યની લડત, ભૂદાન ચળવળ અને સમાજસેવાની ત્રિવેણી ધારામાં વહેલું જીવન, તેમ બહુચરાજી ખાતે યોજાયેલા પ્રહ્‌લાજી શેઠના જીવનચરિત્રના પુસ્તકનું વિમોચન કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું.

સમગ્ર પરિવાર અને આ પુસ્તક પ્રકાશન પાછળ જહેમત ઉઠાવનારા તમામને અભિનંદન પાઠવી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ પુસ્તકના માધ્યમથી તમે સૌએ મોટી સેવા કરી છે. પ્રહ્‌લાદજી શેઠ એટલે માનવતાનું અજવાળું, નિખાલસતા, નીડરતા, સાદગી, પ્રામાણિકતા, પરિશ્રમ જેવા અનેક ગુણોનો ભંડાર એમ કહી શકાય. પ્રહ્‌લાદજી શેઠની જુનવાણી લાટીનું નવનિર્માણ કરી ‘શેઠ પ્રહ્‌લાદ બજાર’ નામ અપાયું છે. આ નવી બજાર પ્રહ્‌લાદજી શેઠની સ્મૃતિઓને ચિરકાલીન બનાવશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં આપણે આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવી રહ્યા છીએ ત્યારે પ્રહ્‌લાદજી શેઠ જેવા નામી-અનામી ક્રાંતિવીરોનાં ત્યાગ-બલિદાન અને તપસ્યાને યાદ કરવાનો, તેમાંથી પ્રેરણા લેવાનો આ ઉત્સવ છે. આઝાદીના અમૃત મહોત્સવ વર્ષે પ્રહ્‌લાદજી શેઠના જીવન પરનું આ પુસ્તક આવનારી પેઢીઓ માટે પ્રેરણાપુંજ બની રહેશે. શ્રી પ્રહ્‌લાદજી શેઠનું ભૂદાન યજ્ઞમાં પણ મોટું પ્રદાન હતું. પોતાની 200 વીઘા જમીન ભૂદાનમાં આપવા ઉપરાંત તેમણે ઉત્તર ગુજરાતમાં આ આંદોલનને સફળ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.



આઝાદીની લડત દરમિયાન બે વખત તેમણે સાબરમતી અને યરવડામાં જેલવાસ ભોગવ્યો હતો. આઝાદીની લડતમાં તેમણે ખૂબ જુલમો સહ્યા હતા. પીઠમાં પડેલાં ચાઠાંને પ્રહ્‌લાદજી શેઠે અંગ્રેજોએ આપેલા સુવર્ણ ચંદ્રક ગણાવ્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રહ્‌લાદજી શેઠે એ જમાનામાં પોતાની જમીનમાં પ્રાકૃતિક ખેતીનો સફળ પ્રયોગ કર્યો હતો. તેઓ પોતે પ્રાકૃતિક ખેતીના હિમાયતી હતા.

આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો સંદેશામાં સ્વર્ગસ્થ પ્રહ્‌લાદભાઈ પટેલને 115મી જન્મજયંતીએ શ્રદ્ધાંજલિ આપી જણાવ્યું હતું કે દેશહિત માટે પોતાના પરિવારહિતને પણ ગૌણ ગણનારા પ્રહ્‌લાદભાઈ સ્વાતંત્ર્ય સંગ્રામની એક ઉત્કૃષ્ટ મિસાલ છે. આઝાદી પછી સરદારસાહેબના માર્ગદર્શન હેઠળ પ્રહ્‌લાદભાઈએ આ વિસ્તારનાં ત્રણ રજવાડાંના વિલીનીકરણમાં ભજવેલી ભૂમિકા ખૂબ જ મહત્ત્વની છે. બહુચરાજી પંથકમાં શખાવત તરીકે તેમણે આપેલા યોગદાનની સ્મૃતિ તાજી કરી હતી.

પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રહ્‌લાદભાઈ શેઠે દેશની આઝાદીના લડતની સાથે સાથે બહુચરાજી પંથકમાં સામાજિક સુધારા, શિક્ષણ અને આર્થિક વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

પૂર્વ ગૃહમંત્રી શ્રી રજનીભાઈ પટેલે જણાવ્યું હતું કે પ્રહ્‌લાદજીએ અખંડ ભારતના નિર્માણકાર્યમાં અને ભૂદાનમાં યોગદાન આપ્યું છે તેમજ આ વિસ્તારના વિકાસ અને શિક્ષણકાર્યમાં પણ તેમનું યોગદાન મહત્ત્વનું રહ્યું છે. ઝીલિયા ગાંધી આશ્રમના પદ્મશ્રી માલજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, મને શેઠ સાથે દસ વર્ષ કામ કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. આ પ્રસંગે પ્રહ્‌લાદભાઈ શેઠના જીવનચરિત્ર પુસ્તકના લેખક શ્રી રમેશ તન્નાએ તેમના જીવનચરિત્રનો ટૂંકમાં પરિચય આપ્યો હતો.

આ અગાઉ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બેચરાજી ગ્રામપંચાયત દ્વારા સંચાલિત આત્મનિર્ભર ગ્રામ હાટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, સાંસદ શ્રી શારદાબહેન પટેલ સહિત પરિવારજનો અને આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# વરસાદના પાણીનું પ્રત્યેક ટીપું બચાવી જળસંચયને જીવનમંત્ર બનાવીએ



રાજકોટ જિલ્લાના ઉપલેટા ખાતે તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની રજતતુલા કરવામાં આવી હતી. ઉપલેટા તાલુકા શાળા ખાતે રજતતુલા સમારોહ શ્રી ગોકુલ ગૌસેવા સદન-અરણી તથા વૃક્ષ પ્રેમસેવા ટ્રસ્ટ-ઉપલેટાના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, જળસંગ્રહ અભિયાનમા એકત્ર થયેલી આ રજતતુલા માત્ર એક મુખ્યમંત્રીની નથી, પરંતુ જનહિત માટે પરિશ્રમ કરતાં એક અદના કાર્યકર્તાની છે. સૌરાષ્ટ્રમાં જળઅભિયાનમાં જનભાગીદારીના પ્રેરણાસ્રોત એવા શ્રી પ્રેમજીબાપાના કાર્યને બિરદાવી તેમણે ચીંધેલા માર્ગે ઉપલેટા અને ધોરાજી વિસ્તારમાં હજુ વધુ ચેકડેમોના નિર્માણ માટે મુખ્યમંત્રીશ્રીના વજન કરતાં વધારે ૧૦૫ કિલો રજત સહિત કુલ ૧.૧૫ કરોડનો લોકફાળો એકત્ર થયો હતો. આ કાર્યક્રમ આયોજિત સંસ્થાઓ જળઅભિયાન માટે વાપરશે તે અંગે હર્ષની લાગણી વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જળસંગ્રહ અભિયાન માટે જનઆંદોલનમાં જનજનનો આધાર અગત્યનો છે.

મુખ્યમંત્રીશ્રીએ વરસાદી પાણીના સંગ્રહ માટે નવી પેઢી પણ જાગૃત થઈ રહી છે તે સંદર્ભ સાથે શાળાપ્રવેશોત્સવમાં



ગુજરાતની એક દીકરીના વક્તવ્યને ટાંકીને મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નળની ચકલીમાંથી ધીમેધીમે ટીપુંટીપું પાણી વહી જતું હોય તો વર્ષે ૩૧ હજાર લિટર પાણીનો વ્યય થાય તેમ જણાવી આપણા માટે પાણીનું એક-એક ટીપું અગત્યનું છે તેમ કહી, વડાપ્રધાનશ્રીના 'નલ સે જલ ' જળશક્તિ અભિયાન સફળ બનાવવા ભાવાર્થ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ સિદસરના કાર્યક્રમમાં હિમોગ્લોબિનની વૃદ્ધિ માટે ટેબ્લેટ તુલા સહિતના સંસ્થાઓના કાર્યક્રમો અને આ જળઅભિયાનમાં જનભાગીદારીના કાર્યક્રમો થકી ગુજરાતની વિકાસયાત્રાને જનભાગીદારીના સૂત્ર સાથે આગળ વધારવી છે તેમ જણાવીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પરિશ્રમથી પરિવર્તનનો વિકાસનો માર્ગ આપણને ચીંધ્યો છે તેમ કહી સૌનો સાથ સૌનો વિકાસ અને સૌનો પ્રયાસ - વિશ્વાસના મંત્રથી એક-એક કાર્યકર્તાના ટીમવર્કથી આપણે જનસેવાનો યજ્ઞ સફળ કરવો છે, તેમ પણ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ પ્રાકૃતિક ખેતીની હિમાયત કરી ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવી જમીનના સ્વાસ્થ્યની સાથે સાથે આપણા અને આવનારી પેઢીના સ્વાસ્થ્યને સુધારવા સૌને પ્રેરણા આપી હતી.

આ તકે સાંસદ શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, પાણી એ ધરતી પરનું અમૃત છે. વરસાદી પાણીના સંગ્રહ માટે પ્રેમજીબાપાએ પ્રેરણા મળે તેવા કાર્યો કર્યા છે. તેમના કાર્યોને આગળ વધારવા ઉપલેટા-ધોરાજી વિસ્તારમાં સંસ્થાઓ દ્વારા લોકફાળા સાથે કરવામાં આવેલા કાર્યોને બિરદાવ્યા હતા.

ભારતીય સેનામાં કર્નલ તરીકે સેવા આપીને નિવૃત થનાર શ્રી સંજયભાઈ ડઢાણીયાનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માન કરાયું હતું. તેમજ ધોરાજી-ઉપલેટા વિસ્તારમાં જળસંચયની પ્રવૃતિ કરનાર પ્રેમજીબાપાના જીવનકવન આધારિત 'વૃક્ષપ્રેમી' પુસ્તકનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા સમારોહમાં સંસ્થાઓની પર્યાવરણ જાળવણી, જળસંરક્ષણ, જળસંચય અભિયાન, વૃક્ષસંરક્ષણની કલ્યાણકારી પ્રવૃતિઓને બિરદાવી રાજ્ય સરકારની સાથે રહીને જળ, વૃક્ષ અને પર્યાવરણની પ્રવૃતિઓને ઉજાગર કરી સામૂહિક રચનાત્મક પ્રવૃતિની પ્રશંસા કરવામાં આવી હતી તેમજ વિવિધ સંસ્થાઓએ મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની રજતતુલા પ્રસંગે કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, રાજ્યમંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, વાહનવ્યવહાર મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, સાંસદ શ્રી રમેશભાઈ ધડુક, શ્રી રામભાઈ મોકરિયા સહિત અન્ય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# રાજ્યમાં સેવાસેતુના આઠમા તબક્કાનો પ્રારંભ



રાજ્યના નાગરિકો, લોકોની વ્યક્તિલક્ષી રજૂઆતોના ઉકેલ નિવારણની ગતિને વધુ પારદર્શી અને વેગવંતી બનાવવા આઠમા તબક્કાનો રાજ્યવ્યાપી સેવાસેતુ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જેના ભાગરૂપે નવસારી જિલ્લાના બીલીમોરા નગરપાલિકા વિસ્તારમાં આદિજાતિ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની સુરક્ષા મંત્રી શ્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો.



મંત્રી શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે લોકોને વ્યક્તિગત લાભો ઘરઆંગણે જ મળી રહે તેવા ઉમદા હેતુથી સેવાસેતુના કાર્યક્રમો કરવામાં આવે છે. સરકારશ્રીના જુદા જુદા વિભાગોના લાભ તાલુકામથકે ગયા વગર ઘરઆંગણે મળી રહ્યા છે ત્યારે મહત્તમ લાભ લેવા જણાવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા દરિદ્રનારાયણની સેવા માટે અનેક યોજનાઓ અમલી બનાવવામાં આવી રહી છે. એથી પણ વધુ આ સરકાર આ યોજનાઓનો લાભ આપવા આપના દ્વારે આવીને આ પ્રજાલક્ષી સેવાઓ સેવાસેતુના માધ્યમથી પૂરી પાડી રહી છે. સરકારની સેવાઓનો લાભ લેવા હવે તાલુકા કે જિલ્લામથકના ધક્કા ખાવા નથી પડતા અને ઘરઆંગણે તમામ સેવાઓનો લાભ મળી રહ્યો છે.

કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર, ચેક, જન્મના દાખલા, આવકના દાખલા લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યાં હતાં.

ખેડા જિલ્લામાં ગ્રામવિકાસ અને ગ્રામ ગૃહનિર્માણ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે સેવાસેતુના આઠમા તબક્કાના પ્રારંભ પ્રસંગે જણાવ્યું હતું કે, સરકાર છેવાડાના માનવી સુધી તમામ સેવાઓ પહોંચાડવા માટે કટિબદ્ધ છે. સરકાર ૮થી ૧૦ ગામનાં ક્લસ્ટર ગ્રુપ બનાવીને તે ગામ ખાતે ૫૬ જેટલી સેવાઓનો મોટા ભાગે સ્થળ પર જ નિકાલ લાવે છે અને મળવાપાત્ર લાભો તરત તે જ દિવસે જે તે લાભાર્થીને આપવામાં આવે છે, જેથી ગ્રામજનોને તાલુકામથકે જવાનો સમય અને પૈસાનો બચાવ થાય છે. તેમજ તેઓને મળતો લાભ સરળતાથી અને ઝડપથી મળી રહે છે.

તેઓશ્રીએ આ પ્રસંગે સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપી લાભાર્થીઓને મળતા લાભો એનાયત કર્યા હતા. ઘરની આજુબાજુમાં પણ કોઈ લાભાર્થી તેઓને મળતા લાભથી વંચિત ન રહે તે જોવા ઉપસ્થિત જનમેદનીને જણાવ્યું હતું. તેઓશ્રીએ બાળકોને શિક્ષણ અને દરેક નાગરિકને રસી લેવા અપીલ કરી હતી. કુપોષિત બાળકોને પોષણક્ષમ આહારની કિટોનું વિતરણ કર્યું હતું.

જૂનાગઢના માંગરોળ તાલુકાનાં છેવાડાના અંતરિયાળ એવા બગસરા (ઘેડ) ખાતે હંટરપુર, ઓસા, ફુલરામા, થલ્લી, સાંઢા, તરસાલી, વિરોલ, સહિતનાં ૧૪ ગામોને આવરી લઈ પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી શ્રી દેવાભાઈ માલમની ઉપસ્થિતિમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો.

સેવાસેતુમાં આધારકાર્ડ, જાતિ પ્રમાણપત્ર, આવકના દાખલા, રાશનકાર્ડ સહિતની કુલ ૫૬ પ્રકારની સરકારની સેવાઓ આવરી લેવામાં આવી છે, જેનાથી ગ્રામ્ય વિસ્તારના લોકોને તાલુકામથકે ધક્કામાંથી મુક્તિ મળે છે. આ પ્રસંગે મંત્રી શ્રી દેવાભાઈ માલમે નાની બાળકીને તેડીને તેના આધારકાર્ડની કાર્યવાહી કરી હતી. આ બાળકીનાં માતા સાથે મંત્રીશ્રીએ સંવાદ સાધી કહ્યું હતું કે વર્તમાન સરકારની આ સંવેદનશીલતા છે. ●



# અમદાવાદમાં 'રાષ્ટ્રીય સ્વાસ્થ્ય ઉત્સવ - વી કેર' યોજાયો









'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રાલયની સંસ્થા 'સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારત' દ્વારા અમદાવાદના નમો સ્ટેડિયમ ખાતે માનસિક દિવ્યાંગ બાળ તેમજ પુખ્ત વયના રમતવીરો માટે 'રાષ્ટ્રીય સ્વાસ્થ્ય ઉત્સવ-વી કેર'નું આયોજન કરવામાં આવ્યુ હતું. આ અવસરે સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારત' દ્વારા દેશભરના એક લાખથી વધુ દિવ્યાંગોનું હેલ્થ ચેકઅપ કરવા બદલ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા સ્પેશિયલ સર્ટિફિકેટ પણ એનાયત થયું હતું.

આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી જણાવ્યું હતું કે, આઝાદીના 75 વર્ષ નિમિત્ત સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારત દ્વારા દેશભરના દિવ્યાંગો માટે હેલ્થ ચેકઅપનું જે આયોજન કરવામાં આવ્યું છે તે ખરેખર પ્રશંસનીય અને સરાહનીય છે. વિકલાંગો માટે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દિવ્યાંગ શબ્દ આપીને તેમને સમાજમાં એક સન્માનજનક નામ આપ્યું છે, આ શબ્દથી માત્ર ભારતના જ નહીં, પણ દેશ-દુનિયાના લાખો દિવ્યાંગોને મોટું બળ મળ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, દિવ્યાંગ રમતવીરોને પ્રોત્સાહન મળે, ખેલક્ષેત્રમાં આગળ વધે એ હેતુથી 'રાષ્ટ્રીય સ્પોર્ટ્સ ફેડરેશન'હેઠળ 'સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારત' દ્વારા દેશનાં ૭૫ શહેરોમાં ૭૫,૦૦૦ ખેલાડીઓને ૭૫૦૦ નિષ્ણાત તબીબો હેલ્થ ચેકઅપ અને સારવાર આપવામાં આવી છે, ત્યારે પસંદ કરવામાં આવેલાં દેશનાં વિવિધ કેન્દ્રોમાં અમદાવાદ અને સુરત શહેરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ધારાસભ્ય શ્રી રાકેશભાઈ શાહે જણાવ્યું કે, 'રાષ્ટ્રીય સ્વાસ્થ્ય ઉત્સવ-વી કેર' એ દિવ્યાંગજનો માટે સંવેદનશીલ પહેલ બની છે. દેશના ૭૫૦ સ્પોર્ટ્સ સેન્ટરોમાં દિવ્યાંગ ખેલાડીઓનું કૌશલ્યવર્ધન કરી તાલીમ પણ આપવામાં આવી રહી છે. આ પ્રસંગે રાજ્યકક્ષાના રમતગમત મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ઓલિમ્પિયન શ્રી બબીતા ફોગાટ સહિત દિવ્યાંગ રમતવીરો અને શહેરીજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

### મનોદિવ્યાંગની નોંધણી માટે મોબાઇલ એપ

મુખ્યમંત્રીશ્રીએ મનોદિવ્યાંગની નોંધણી માટે સ્વદેશી મોબાઈલ એપ્લિકેશનનો પ્રારંભ કરાવ્યો હતો. ડિજિટલ ઇન્ડિયાની દિશામાં આ એક સરાહનીય પગલું છે. સમગ્ર ગુજરાતમાં દિવ્યાંગ ભાઈ-બહેન કોઈ સહાયથી વંચિત ન રહે એના માટે રાજ્ય સરકાર હંમેશાં પ્રયત્નશીલ છે.



### દેશવ્યાપી હેલ્થ કેમ્પના કારણે ત્રણ વિશ્વવિક્રમ સર્જાયા

દિવ્યાંગજનોને નવી ઊર્જા પૂરી પાડી, તેમની પ્રતિભાને ખીલવવા માટે દેશભરમાં હાઈક્વોલિટી હેલ્થ સ્ક્રીનિંગ પ્રોજેક્ટ હાથ ધરી 'રિટર્ન ટુ પ્લે-ઇનક્લ્યુઝન રિવોલ્યુશન'ની ઉમદા પહેલ કરવામાં આવી છે. દેશવ્યાપી હેલ્થ કેમ્પોના કારણે ગિનેસ બુક ઓફ રેકોર્ડ્સ, લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ, અને એશિયા બુક ઓફ રેકોર્ડ્સ જેવા ત્રણ વિશ્વવિક્રમ સર્જાયા હતાં. દેશનાં કુલ ૭૫ સેન્ટરોમાં ગુજરાતનાં સુરત અને અમદાવાદ એમ બે સેન્ટરોનો સમાવેશ કરાયો છે. આ બે શહેરોમાંથી કુલ ૧૦,૦૦૦ ખેલાડીઓની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. ●

## આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત

# સરઢવ ગામની પ્રભાત ફેરીમાં CM સહભાગી થયા

ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે. જે અન્વયે ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામે ૧૨મી એપ્રિલ વહેલી સવારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પહોંચ્યા હતા અને પ્રભાત ફેરીમાં જોડાઈને ગ્રામજનોના જનઉમંગમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રીની આ પહેલને ગ્રામજનોએ વ્યાપક પ્રતિસાદ આપ્યો હતો અને સરઢવના અબાલ વૃદ્ધ સૌ ગ્રામજનો આ પ્રભાત ફેરીમાં ઉમટી પડ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ પ્રભાતફેરી માર્ગમાં લોકો વચ્ચે જઈને તેમની સાથે વાતચીત કરી અભિવાદન ઝીલ્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવ અન્વયે ગામોમાં પ્રભાત ફેરી, ગામ તળાવ નિર્માણ અને ગામને ગૌરવ અપાવનારા ગામના વ્યક્તિ વિશેષ, નિવૃત ઉચ્ચ અધિકારીઓ, શિક્ષકોના સન્માન, શાળાનો જન્મદિવસ, વૃક્ષારોપણ સહિતના વિવિધ જનવિકાસ કામો લોકભાગીદારીથી આ જનઉત્સવ અંતર્ગત ઉજવવા માટે જે આહવાન કર્યું છે. તેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સરઢવના ગ્રામજનો સાથે સાકાર કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરના સરઢવ પશુ આરોગ્ય કેન્દ્રની પણ આ અન્વયે મુલાકાત લીધી હતી. પશુઓનું રસીકરણ, સઘન સારવાર, માવજત કરીને ગ્રામીણ અર્થતંત્રના આધાર સમા પશુઓના સ્વાસ્થ્યની કાળજી લેવાના ભાવ સાથે મુખ્યમંત્રીશ્રીએ આ પશુ દવાખાનામાં નેશનલ એનિમલ ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ અન્વયે સરઢવના ૧૮૦૦ પશુઓના રસીકરણથી પશુરોગ નિયંત્રણનો પ્રારંભ કરાવ્યો હતો અને આ વેળાએ ગૌ પૂજન પણ કર્યું હતું.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રભાત ફેરીના પ્રારંભ પૂર્વે સરઢવના અંબાજી માતા, રણછોડરાય મંદિર સહિતના મંદિરોમાં મંગળા આરતી કરી દર્શન અર્ચન કર્યા હતા અને ગામમાં નવિન આર.ઓ પ્લાન્ટનું પણ લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ગામના પ્રગતિશીલ ખેડૂતો જેમણે પ્રાકૃતિક ખેતી સફળતાપૂર્વક અપનાવી છે તેમનું પણ સન્માન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે ગ્રામજનોને સંબોધન કરતાં કહ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવના અવસરે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ વિકાસના ઉત્સવની પ્રેરણા આપણને આપી છે. મહાત્મા ગાંધીજીએ ગામડાને ભારતનો આત્મા કહ્યો છે ત્યારે સર્વાંગી ગ્રામવિકાસના કાર્યોને આપણે પ્રાથમિકતા આપી છે. આઝાદીનો અમૃત મહોત્સવ આવા ગ્રામીણ વિકાસ કામો માટે નવી જનચેતનાનો અવસર બન્યો આઝાદીનો અમૃત મહોત્સવ આપણને હવે લીવ ફોર ધ નેશન દ્વારા દેશ સેવાની પ્રેરણા આપે છે. પાણી, વીજળી, પેટ્રોલ બચાવીને પણ આપણે રાષ્ટ્રસેવા કરી શકીએ તેમ છીએ.

શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યભરમાં કરોડો રૂપિયાના વિકાસ કામો થઈ રહ્યાં છે. તેમજ આવશ્યક ન હોય તે સિવાયના કામો એફિડેવિટમાંથી લોકોને મુક્તિ, તલાટી દ્વારા આપવામાં આવતા દાખલાની મર્યાદા ત્રણ વર્ષ કરવા જેવા અનેક જનહિતલક્ષી નિર્ણયોની ભેટ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આપી છે તેનો પણ વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રી સાથે આ અવસરે ધારાસભ્ય શ્રી શંભૂજી ઠાકોર, પૂર્વ મંત્રી શ્રી વાડીભાઈ પટેલ, સરપંચ શ્રી કિરીટભાઈ પટેલ, પદાધિકારીઓ તેમજ ગામના વરિષ્ઠ અગ્રણીઓ, શાળાના છાત્રો ગ્રામજનો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●



# જ્ઞાતિબાધ વિના થતાં સમૂહલગ્ન સામાજિક સમરસતાના ઉદ્દીપક



કોઈ એકનો પ્રસંગ જ્યારે સમગ્ર સમાજ મનાવે ત્યારે એ અવસર બની જાય છે અને આવા પ્રસંગ સામાજિક દાયિત્વનું પ્રતીક બની જાય છે. ખાસ કરીને કોઈ જ્ઞાતિબાધ વિના થતાં સમૂહલગ્નનો સમારોહ સામાજિક સમરસતાના ઉદ્દીપક છે. તેનાથી સમાજ એક થશે, સામાજિક એકતાથી ગુજરાત એક બનશે. સાવલી ખાતે ધારાસભ્ય શ્રી કેતનભાઈ ઈનામદાર પ્રેરિત શ્રી મહેન્દ્રભાઈ જશભાઈ ટ્રસ્ટ દ્વારા આયોજિત સાતમા સમૂહલગ્ન સમારોહમાં નવપરિણીત યુગલોને આશીર્વચન આપતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતુ કે, સામાન્ય રીતે કોઈ વ્યક્તિગત રીતે થતાં લગ્નમાં એક જ સમાજનાં બે કુટુમ્બો મળે છે, પણ, સમૂહલગ્નમાં સૌ કોઈ સાથે મળી લગ્નપ્રસંગને મનાવે છે.

જ્ઞાતિબાધ વિના થતાં સમૂહલગ્નોમાં વિવિધ સમાજ અને જ્ઞાતિના પરિવારો એક મંડપ નીચે એકઠા થાય છે. આ બાબત જ સામાજિક સમરસતાનું પ્રતીક બને છે. ગુજરાતમાં તમામ સમાજ એક થશે તો જ રાજ્ય એક બનશે. એકતા અને સામાજિક સૌહાર્દસભર ગુજરાતથી જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું એક ભારત, શ્રેષ્ઠ ભારતનું સપનુ સાકાર થશે, તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. સામાજિક ઉત્થાન અને સદ્ભાવના કાર્યક્રમોમાં ગુજરાત સરકાર હંમેશાં મદદ કરશે, તેવો મત તેમણે અંતે દર્શાવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ નવદંપતીઓને આશીર્વચન આપી દામ્પત્યજીવનની શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે મહાનુભાવો દ્વારા ટ્રસ્ટ દ્વારા અનુદાનિત સુકન્યા સમૃદ્ધિ યોજનાની એક હજાર બાળકીઓ પૈકી ૧૦ બાળકીઓને પાસબુકનું વિતરણ કરવામાં આવ્યું છે. શ્રી ઈનામદારને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ, લંડન તરફથી મળેલું સર્ટિફિકેટ ઓફ કમિટમેન્ટ પણ એનાયત કરવામાં આવ્યું હતું.

આ વેળાએ મંત્રીમંડળના સદસ્ય શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, શ્રી અર્જુનસિંહ ચૌહાણ, શ્રીમતી મનીષાબહેન વકીલ, શ્રીમતી નિમિષાબહેન સુથાર, સાંસદ સર્વ શ્રી સી.આર. પાટીલ, શ્રીમતી રંજનબહેન ભટ્ટ, ધારાસભ્ય શ્રી વી. ડી. ઝાલાવડિયા, ધારાસભ્ય શ્રી કેતનભાઈ ઈનામદાર, મેયર શ્રી કેયૂરભાઈ રોકડિયા ઉપસ્થિત રહ્યા હતા. ●

# સિદસરમાં દશાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સિદસર સ્થિત ઉમિયાધામના દશાબ્દી મહોત્સવની ઉજવણીમાં ઉપસ્થિત રહ્યા હતા અને આ સાથે તેમણે સિદસર યાત્રાધામના વિકાસ માટે રૂ. 18.25 કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, વિકસિત અને શક્તિશાળી ગુજરાતનું નિર્માણ થાય તે માટે રાજ્ય સરકાર હરહંમેશ હરેક સમાજની પડખે ઉભી છે.

ઉમિયા માતાજીનાં દર્શન કરી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. નરેન્દ્રભાઈ મોદીની સૌને સાથે લઈ આગળ વધવાની નેમને રાજ્ય સરકાર આગળ ધપાવી રહી છે. ઉમિયાધામ સંસ્થા દ્વારા શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ સહિતના ક્ષેત્રે સેવાનો યજ્ઞ શરૂ કરાયો છે ત્યારે રાજ્ય સરકારે પણ આ સંસ્થાને વિકાસના રાહમાં મદદરૂપ થવા યાત્રાધામ વિકાસ માટે પહેલાં 3 કરોડ અને ત્યાર બાદ હવે 18.25 કરોડ રૂપિયાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ તકે, જિલ્લાવાસીઓના આરોગ્યની સુખાકારી માટે 3 નવી એમ્બ્યુલન્સને પણ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ ઉમિયા માતાજી મંદિરના ભવ્ય ઇતિહાસને વાગોળ્યો હતો તેમજ ઉમિયાધામ મંદિરના વિકાસ માટે રાજ્ય સરકાર તમામ રીતે મદદરૂપ થવા કટિબદ્ધ છે તેમ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉમિયાધામ ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રીશ્રીની 1.50 લાખ હિમોગ્લોબીન પિલ્સ વડે તુલા કરી આરોગ્યપ્રદ સમાજના નિર્માણ માટે એક નવતર પહેલ કરી હતી.

આ પ્રસંગે ઉમિયાધામ, સિદસરના પ્રમુખ શ્રી જેરામભાઈ વાસજાળિયા,પૂર્વ મંત્રી શ્રી ચીમનભાઈ સાપરિયા, ધારાસભ્ય શ્રી ધનજીભાઈ પટેલ તથા ચિરાગભાઈ કાલરિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# જીવદયાને પ્રવૃત્તિ નહીં પણ જીવનનો હિસ્સો બનાવીએઃ CM

ગુજરાત સરકાર જીવ માત્ર માટે દયા અને કરુણા એ પરંપરાને વરેલી છે. 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' જાહેર કરવા બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું અભિવાદન કરવાનો કાર્યક્રમ તાજેતરમાં અમદાવાદમાં યોજાયો હતો. આ સમારોહ વિવિધ જૈન સંઘો, ગૌશાળા અને પાંજરાપોળના સહકારથી યોજવામાં આવ્યો હતો. આ અભિવાદન કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ જીવદયા પ્રવૃત્તિ માત્ર નહીં, પરંતુ જીવનનો હિસ્સો હોય તેવું જીવન જીવવું તે સમયની માગ છે એવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ગાયમાતાનું માહાત્મ્ય આપણી સંસ્કૃતિમાં પણ વર્ણવાયું છે ત્યારે ગૌમાતા સહિત તમામ અબોલ પશુધન પ્રત્યેની સેવા, કરુણા અને સંવેદનાને રાજ્ય સરકારે અગ્રિમતા આપી છે

તેમણે કહ્યું હતું કે, અબોલ પશુઓને તેમની પીડામાંથી મુક્ત કરવા તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વર્ષ ૨૦૦૨માં 'પશુ આરોગ્ય મેળા'નું આયોજન કર્યું હતું, તે જ પુરવાર કરે છે કે તેમના હૃદયમાં અબોલ પશુઓ માટે અપાર પ્રેમ છે. ગુજરાત સરકારે આ પ્રક્રિયા કાર્યરત રાખી છે અને લાખો પશુઓને તેમની શારીરિક પીડામાંથી મુક્ત કર્યાં છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, ગૌહત્યા પ્રતિબંધનો કાયદો ગુજરાત લાવ્યું તેમાં અનેક અડચણો આવી, પરંતુ રાજ્ય સરકારની ઇચ્છાશક્તિને પગલે તેમાં આપણને સફળતા મળી છે. પ્રજા માટે શું સારું થઈ શકે! તેનું સતત ચિંતન જ અમારો કર્મમંત્ર છે. રાજ્ય સરકાર આ દિશામાં પરિણામલક્ષી કામગીરી કરી રહી છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર છેવાડાના માનવીના કલ્યાણ માટે સતત કાર્યરત છે. શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ભૂપેન્દ્રભાઈએ લીધેલી મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનાના લીધે નવી પાંજરાપોળો પણ ઊભી થઈ શકશે અને નવાં પશુઓનો પણ નિભાવ થઈ શકશે. આ પ્રસંગે શહેરી વિકાસમંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયા, ધારાસભ્ય સર્વશ્રીઓ બાબુભાઈ પટેલ, રાકેશભાઈ શાહ તથા અગ્રણી શ્રી અમિતભાઇ શાહ, જૈનાચાર્ય શ્રેષ્ઠીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ●





# મોરબીમાં ગૌ મહિમા સત્સંગ સભા

મોરબીના ખોખરા હનુમાન હરિહરધામ ખાતે આયોજિત શ્રી રામ કથા અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગૌ મહિમા સત્સંગ સભા યોજાઇ હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે  નાગરિકોને સંબોધન કરતા જણાવ્યુ હતુ કે, પ્રાકૃતિક ખેતી માનવી અને જમીન બંનેનાં સ્વાસ્થ્ય માટે તેમજ ગાયોના સંવર્ધન માટે લાભદાયી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી રાસાયણિક ખાતર અને દવાઓનો ઉપયોગ ટાળી પ્રાકૃતિક ખેતી અપનાવવાનો સંકલ્પ કરવા જણાવ્યુ હતુ. તેમજ આઝાદીના અમૃત મહોત્સવ વર્ષે પ્રાકૃતિક ખેતી અને ગૌ રક્ષણના માર્ગે ચાલવાનું સૌને આહવાન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીની વિશેષ ઉપસ્થિતિમાં શહિદવીર પરિવારજનોને ૧-૧ લાખ રૂપિયાની સહાય નિધિના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. ગૌશાળાના નિભાવ માટે રૂપિયા ૬૦૦ કરોડની બજેટમાં જોગવાઇ કરવા બદલ ગૌશાળા સંચાલકો, ગૌભક્તો તેમજ પાંજરાપોળ સંચાલકો દ્વારા મુખ્યમંત્રીશ્રીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

ગૌ મહિમા સત્સંગ સભામાં નિજાનંદ સ્વામી મહારાજ, ચૈતન્ય શંભુ મહારાજ તથા અન્ય સંતો મહંતો દ્વારા પ્રાસંગિક પ્રવચનો કરવામાં આવ્યા હતા. આ સભામાં રામકૃષ્ણાનંદજી મહારાજ, ગૌઋષિ દત્તશરણાનંદજી મહારાજ સહિત મોટી સંખ્યામાં સંતો, મહંતો સમગ્ર ગુજરાતમાંથી ગૌશાળા, પાંજરાપોળના સંચાલકો, ગૌભક્તો તેમજ મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે રાજ્યના ઉદ્યોગ મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા, ધારાસભ્ય શ્રી લલીતભાઇ કગથરા, સાંસદ સર્વે શ્રી મોહનભાઇ કુંડારીયા, વિનોદભાઇ ચાવડા, પૂર્વ ધારાસભ્ય સર્વેશ્રી કાંતિભાઇ અમૃતિયા, બાવનજીભાઇ મેતલીયા વગેરે ઉપસ્થિત રહયા હતા.

# સિંગાપોરના હાઇકમિશનર મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મુલાકાતે



સિંગાપોરના હાઈકમિશનર શ્રીયુત સિમોન વોંગ અને સિંગાપોરના મુંબઈ સ્થિત કોન્સ્યુલેટ જનરલ શ્રીયુત ચિયોંગ મિંગ ફૂંગે સિંગાપોરના ડેલિગેશન સાથે ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી. સિંગાપોરના હાઈકમિશનર શ્રી સિમોન વોંગ સાથેના પરામર્શમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સિંગાપોરમાં જમીનની અછતના કારણે ત્યાંના MSME એકમો પોતાની નવી ફેસેલિટીઝ માટે અન્ય દેશો તરફ વળ્યા છે.

આવા MSME ગુજરાતમાં પ્રોડક્શન ફેસેલીટીઝ શરૂ કરે તો તેમને પોતાના ઉત્પાદનો મધ્યપૂર્વ અને આફ્રિકા જેવા ગ્લોબલ માર્કેટમાં સપ્લાય કરવામાં ઘણી મદદ મળશે. સાથે ભારતના વિશાળ સ્થાનિક બજારમાં પણ વ્યાપક લાભ મળશે. ગુજરાતમાં સિંગાપોરના MSME એકમો અને અન્ય બિઝનેસ ડેવલપમેન્ટ માટે કોલોબરેશનની સાનુકૂળ તકો છે.

સિંગાપોર સ્થિત ફિનટેક કંપનીઓ ફાયનાન્સિયલ અને ટેક્નોલોજી સેક્ટરમાં સહભાગીતા માટે ગિફ્ટ સિટીમાં આવે તે અંગે પણ પરામર્શ આ બેઠકમાં થયો હતો. સિંગાપોર હાઈકમિશનરે આ અંગેની વધુ વિગતો આપતાં કહ્યું કે, આગામી જુલાઈ-૨૨ માં સિંગાપોરનું ઈન્ટરનેશનલ સ્ટોક એક્સચેન્જ પણ ગિફ્ટ સિટીમાં કાર્યરત થઈ જશે.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી હવે આત્મનિર્ભર ભારતનું વિઝન વૈશ્વિક આત્મનિર્ભરતા સુધીનું વ્યાપક વિઝન બની ગયું છે. વડાપ્રધાનશ્રીના આવા વિઝનની પ્રત્યક્ષ અનુભૂતિ કરવા સિંગાપોરના હાઈકમિશનરશ્રીને સ્ટેચ્યુ ઓફ યુનિટિની મુલાકાત અવશ્ય લેવાનું પણ મુખ્યમંત્રીશ્રીએ નિમંત્રણ પાઠવ્યું હતું.

ગુજરાતમાં અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિયલ એસ્ટેટ, ટાઉનશીપ ડેવલપમેન્ટ, લોજિસ્ટીકસ અને વેરહાઉસીંગ ફેસેલીટીઝ ડેવલપમેન્ટમાં સિંગાપોરની આ ક્ષેત્રની તજજ્ઞ કંપનીઓ રોકાણ કરી શકે તે અંગે પણ આ બેઠકમાં ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી તેમજ ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા પણ આ મુલાકાત બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. ●



## રાજ્યપાલશ્રીની શુભેચ્છા મુલાકાત

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ભારત સ્થિત સિંગાપોરના ઉચ્ચાયુક્ત શ્રીયુત સિમોન વોંગ (Mr. Simon Wong)એ રાજભવન ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી. તેમની સાથે મુંબઈ સ્થિત સિંગાપુરના કોન્સ્યુઅલ જનરલ શ્રીયુત ચિયોંગ મિંગ ફૂંગ (Mr. Cheong Ming Foong) સહિત પ્રતિનિધિમંડળના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. મુલાકાત દરમિયાન તેમણે ભારત અને સિંગાપુર વચ્ચેના દ્વિ-પક્ષીય સંબંધોને મહત્વપૂર્ણ ગણાવ્યા હતા અને ગુજરાતના સર્વાંગી વિકાસ અંગે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. રાજ્યપાલશ્રીએ શ્રીમાન સિમોન વોંગને સ્મૃતિ ભેટ આપી તેમનું અભિવાદન કર્યું હતું. ●

# કચ્છમાં ઇલેક્ટ્રિક કોમર્શિયલ વ્હિકલ પ્રોડક્શન પ્લાન્ટ સ્થપાશે



સલામતી, પારદર્શિતા અને સર્વસમાવેશક નીતિના પરિણામે ગુજરાત ઉદ્યોગસાહસિકો માટે બેસ્ટ ચોઇસ ઓફ ઇન્વેસ્ટમેન્ટ બન્યું છે. દેશમાં સૌથી વધુ મૂડીરોકાણ ગુજરાતમાં થઈ રહ્યું છે. દેશ ઉપરાંત સમગ્ર વિશ્વના દેશો ઉદ્યોગો સ્થાપવા તથા મૂડીરોકાણ માટે ગુજરાતને પસંદ કરી રહ્યા છે. તાજેતરમાં ટ્રિટોન ઇલેક્ટ્રિક વ્હિકલ એલ.એલ.સી કંપનીએ કચ્છ-ભૂજમાં ઈલેક્ટ્રિક કોમર્શિયલ વ્હિકલ પ્રોડક્શન પ્લાન્ટ સ્થપવાની જાહેરાત કરી છે. આ અંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ટ્રિટોન ઈલેક્ટ્રિક વ્હિકલ એલ.એલ.સી. અને ગુજરાત સરકાર વચ્ચે ગાંધીનગરમાં એમ.ઓ.યુ સંપન્ન થયા હતા.

ટ્રિટોન ઈલેક્ટ્રિક વ્હિકલ દ્વારા રૂ. ૧૦,૮૦૦ કરોડના કુલ રોકાણ સાથે પ્લાન્ટની સ્થાપના થશે. આ અંતર્ગત ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૨૦૦ કરોડના રોકાણ સાથે આ પ્લાન્ટ શરૂ કરાશે. આ પ્લાન્ટથી ૧૦ હજાર જેટલા લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગાર અવસર મળતા થશે. ગુજરાત સરકાર વતી ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તાએ તથા ટ્રિટોન ઈલેક્ટ્રિક વ્હિકલ તરફથી ફાઉન્ડર અને સી.ઈ.ઓ. શ્રી હિમાંશુ પટેલે આ એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કર્યા હતા.

ટ્રિટોન ઈલેક્ટ્રિક વ્હિકલ પોતાના ૬૪૫ એકર વિસ્તારમાં પથરાયેલા પ્લાન્ટમાં વાર્ષિક ૫૦ હજાર ટ્રકની ઉત્પાદનક્ષમતા ધરાવતો પ્લાન્ટ શરૂ કરશે. એટલું જ નહીં, ચેસીસ અને કેબિન, રોબોટિક પેઈન્ટ શોપ, ચેસીસ સબ-એસેમ્બલી અને ક્વોલિટી એસ્યોરન્સ તથા મટીરિયલ ટેસ્ટિંગ લેબ જેવી ઇન હાઉસ ફેસેલિટીઝ પણ તેઓ ઊભી કરવાના છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ટ્રિટોન ઇલેક્ટ્રિક વ્હિકલ એ યુ.એસ.એ. બેઝ્ડ કંપની છે. લિથિયમ બેટરી સેલ અને ઈલેક્ટ્રિક વ્હિકલ કંટ્રોલર્સના ઉત્પાદનમાં વિશેષ તજજ્ઞતા ધરાવે છે. ટ્રિટોન દ્વારા વર્લ્ડક્લાસ સેફટી અને ફંકશનાલિટીઝ સાથે શ્રેષ્ઠ લોન્ગ રેન્જ ઈલેક્ટ્રિક વ્હિકલ વિકસાવવામાં આવી રહ્યાં છે. યુ.એસ.એ.માં ટ્રિટોન દ્વારા ઈલેક્ટ્રિક સેમી ટ્રક, એસ.યુ.વી, ઈલેક્ટ્રિક સેડાન, ડિફેન્સ ઈલેક્ટ્રિક વ્હિકલ અને ઈલેક્ટ્રિક રિક્ષાનું ઉત્પાદન કરવામાં આવે છે. તેઓ ગુજરાતના ભૂજમાં પોતાનો પ્લાન્ટ સ્થાપવા જઈ રહ્યા છે તે અંગેના એમ.ઓ.યુ. તેમણે ગુજરાત સરકાર સાથે કર્યા છે. રાજ્ય સરકાર આ પ્લાન્ટની સ્થાપના માટેની જરૂરી પરવાનગીઓ, મંજૂરીઓ અને નોંધણી પ્રક્રિયાઓમાં પ્રવર્તમાન નીતિ-નિયમો અનુસાર સહાયક બનશે.

આ એમ.ઓ.યુ. પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા તેમજ ટ્રિટોન ઈલેક્ટ્રિક વ્હિકલના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●



## ઇ-વ્હિકલ પ્લાન્ટની વિશેષતા

**ટ્રિટોન ઈલેક્ટ્રિક વ્હિકલનો પ્લાન્ટ ૬૪૫ એકરમાં હશે, જે વાર્ષિક ૫૦ હજાર ટ્રકની ઉત્પાદનક્ષમતા ધરાવતો હશે. આ ઉપરાંત ચેસીસ અને કેબિન, રોબોટિક પેઈન્ટ શોપ, ચેસીસ સબ-એસેમ્બલી અને ક્વોલિટી એસ્યોરન્સ તથા મટીરિયલ ટેસ્ટિંગ લેબ જેવી ઈન હાઉસ ફેસિલિટીઝ પણ તેઓ ઊભી કરશે. યુ.એસ.એ.માં ટ્રિટોન દ્વારા ઈલેક્ટ્રિક સેમી ટ્રક, એસ.યુ.વી, ઈલેક્ટ્રિક સેડાન, ડિફેન્સ ઈલેક્ટ્રિક વ્હિકલ અને ઈલેક્ટ્રિક રિક્ષાનું ઉત્પાદન કરવામાં આવે છે. આ પ્લાન્ટથી ૧૦ હજાર જેટલા લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારી મળશે.**

# ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિયેશન દ્વારા મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન




ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિયેશન દ્વારા તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમારોહને સંબોધતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રાજ્યભરમાં રોડ રસ્તા મકાનોનું નિર્માણ એ વિકાસપ્રક્રિયાને સતત વેગવાન રાખતું પરિબળ છે. સમગ્રતયા જોઈએ તો કન્સ્ટ્રક્શનનાં કામ તેજ ગતિએ કાર્યરત હોય છે, ત્યારે રાજ્ય સરકારે પણ ગુણવત્તાસભર કામોને પ્રાધાન્ય આપ્યું છે. ગુજરાત સતત વિકાસની કેડીએ આગળ વધી રહ્યું છે ત્યારે વિકાસકામો સમયસર સંપન્ન થાય તેની સાથે ગુણવત્તા પણ જળવાય એ એટલું જ જરૂરી છે.

રાજ્યમાં કોઈ પણ નાગરિકને કંઈ પણ તકલીફ પડે તો તેને નિવારવાની જવાબદારી રાજ્ય સરકારની છે. નાના-મોટા અનેક વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને પડતી મુશ્કેલીઓનો ઉકેલ લાવવા માટે અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણને 'સૌનો સાથ - સૌનો વિકાસ' મંત્ર આપ્યો છે અને તેને ચરિતાર્થ કરીને અત્યારે આપણે 'સૌનો પ્રયાસ- સૌનો વિશ્વાસ' હાંસલ કરી શક્યા છીએ. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ પોતાના સિવિલ એન્જિનિયર તરીકેના કાર્યકાળ સમયનાં સંસ્મરણો યાદ કર્યાં હતાં

માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું હતું કે, છેવાડાના માનવીના ઉત્થાન માટે રાજ્ય સરકાર સદાય તત્પર છે. 'હર હાથ કો કામ- કામ કા સહી દામ' પંડિત દીનદયાળ ઉપાધ્યાયના આ સૂત્રને કેન્દ્ર અને રાજ્ય સરકાર સાર્થક કરી રહી છે. કોરોનાને કારણે બાંધકામમા સ્ટીલ, સિમેન્ટ, ડામર, રેતી અને અન્ય ચીજવસ્તુઓના ભાવ વધતાં નિર્માણકાર્યોમાં અનેક વિસંગતતાઓ ઊભી થઈ અને તેથી રાજ્ય સરકારે અનેક કરારોમા ફેરફાર કર્યા, જે બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા અનેક લોકો માટે હિતાવહ રહેશે.

આ પ્રસંગે સાંસદ શ્રી સી. આર. પાટીલ, માર્ગ અને મકાન વિભાગના સચિવ શ્રી એસ. બી. વસાવા, એસોસિયેશનના ચેરમેન શ્રી અરવિંદભાઈ પટેલ, વાઈસ ચેરમેન શ્રી કિશોરભાઈ વિરમગામા, વિવિધ કમિટી મેમ્બર્સ, જિલ્લાઓમાંથી વિવિધ કોન્ટ્રાક્ટરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગુજરાત ફર્સ્ટ ન્યુઝ ચેનલનો પ્રારંભ

સિદ્ધિ મીડિયા ગ્રુપ સંચાલિત ગુજરાત ફર્સ્ટ ન્યુઝ ચેનલનો અમદાવાદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમાચારજગત માટે 5 W મહત્ત્વના છે. Who, What, When, Where, Why. આજે બ્રેકિંગ ન્યુઝની હરીફાઈ છે, પણ બ્રેકિંગ સમાચારની દોડમાં કોઈને નુકસાન ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ. સમાચારજગત માટે 3T એટલે કે Truth, Transparency, Technology પણ મહત્ત્વનાં છે. સાથે સાથે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને વિકાસની દોડમાં અવ્વલ બનાવ્યું છે. ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે, હતું અને રહેશે. આપણા ગુજરાતને એ ઊંચાઈ પર જાળવી રાખવા મીડિયા સહભાગીતા આવશ્યક છે.

આ પ્રસંગે રાજ્યના ગૃહ મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાત તો પહેલેથી ફર્સ્ટ જ છે, ચેનલ પણ આવનારા દિવસોમાં ફર્સ્ટ થાય એવી શુભકામના. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શાસનવ્યવસ્થામાં કંઈ ભૂલ થાય તો મીડિયા તેનું સકારાત્મક અભિગમથી ધ્યાન દોરે તે જરૂરી છે, પરંતુ રાજ્યના પ્રજાલક્ષી નિર્ણયો અને રાજ્યની જનતાની સુખકારી માટે લીધેલા નિર્ણયો લોકો સુધી પહોંચે એ માટે તમામ મીડિયા હાઉસ મક્કમતાથી સહયોગી બને. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ શ્રી નરહરિભાઈ અમીન, શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયા, મેયર શ્રી કિરીટભાઈ પરમાર, પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ, સિદ્ધિ મીડિયા ગ્રુપના ચેરમેન શ્રી મુકેશભાઈ પટેલ, ચેનલના એડિટર શ્રી દીપકભાઈ રાજાણી તથા વરિષ્ઠ પત્રકારો સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. ●

## ગુજરાત રેઝિલિયન્સ સિટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત

# વર્લ્ડ બેન્ક દ્વારા અમદાવાદની પસંદગી



અમદાવાદ મહાનગરને ગુજરાત રેઝિલિયન્ટ સિટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત વર્લ્ડ બેન્ક દ્વારા અંદાજે ૩ હજાર કરોડ રૂપિયાની લોનને સૈદ્ધાંતિક મંજૂરી અપાઇ છે. તદ્અનુસાર, ગુજરાતમાં અમદાવાદને પ્રથમ પસંદગી તરીકે વર્લ્ડ બેન્ક દ્વારા આ લોન આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દેશનાં વિકસતાં શહેરો માટે વર્લ્ડ બેન્ક દ્વારા આ પ્રોગ્રામ અન્વયે વિવિધ માળખાકીય સુવિધા વિકાસકામો માટે લોન આપવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં આ સંદર્ભમાં વર્લ્ડ બેન્કના પ્રતિનિધિઓ સાથે શહેરી વિકાસ વિભાગ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓની ઉચ્ચસ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

રેઝિલિયન્ટ સિટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ અન્વયે સસ્ટેઇનેબલ અને સમયાનુકુલ વિકાસકામો ભવિષ્યના લાંબા ગાળાના આયોજન સાથે હાથ ધરવા સંબંધિત મહાનગરપાલિકાઓને વર્લ્ડ બેન્ક દ્વારા લોન આપવામાં આવે છે. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આ અંગે હાથ ધરવામાં આવેલા જુદા જુદા પ્રોજેક્ટ્સની રૂપરેખા સાથેનું પ્રેઝન્ટેશન આ બેઠકમાં પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

અમદાવાદ શહેરની આગામી ૨૦૫૦ના વર્ષની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા છે. વર્લ્ડ બેન્ક દ્વારા રૂ. ૩૦૦૦ કરોડની જે લોન અમદાવાદને ફાળવવામાં આવશે તે અંતર્ગત જે કામો-પ્રોજેક્ટ્સ હાથ ધરવાનાં થાય છે તેમાં હયાત એસ.ટી.પી.ની કેપેસિટીમાં વધારો અને ટેક્નોલોજી અપગ્રેડેશન, નવા એસ.ટી.પી.ના નિર્માણ, ઇન્ડસ્ટ્રિયલ રિયુઝ માટે ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નિર્માણ, હયાત મુખ્ય ડ્રેનેજ લાઇનોના રિહેબિલિટેશન અને નવા માઇક્રો ટનલિંગ લાઇનોનાં કામ, ખારીકટ કેનાલ ડેવલપમેન્ટ અને તળાવ ડેવલપમેન્ટ તથા તેની સાચવણી અને સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઇનનાં કામોનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આ કામો ત્વરાએ શરૂ કરી સમયસર પૂર્ણ કરવા માટે બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું. વર્લ્ડ બેન્કની ટીમના પ્રતિનિધિઓ ગુજરાતના વિકાસ અને હેરિટેજ સિટી અમદાવાદના અદ્યતન વિકાસથી પ્રભાવિત થયા હતા. વર્લ્ડ બેન્કની આ ટીમ મહાપાલિકાના આ પ્રોજેક્ટ્સના અહેવાલો મેળવશે અને ત્યાર બાદ તેના આધારે આગામી જુલાઈ-૨૦૨૨ સુધીમાં લોન અંગેની પ્રક્રિયાઓ પૂર્ણ કરી અમદાવાદ મહાપાલિકાને આ લોન અપાશે.

આ બેઠકમાં શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયા, વર્લ્ડ બેન્કના પ્રતિનિધિ સુશ્રી મેસ્કરીન બરહાને, રોલેન્ડ વ્હાઇટ તથા હર્ષ ગોયલ તેમજ મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, શહેરી વિકાસ અગ્ર સચિવ શ્રી મુકેશકુમાર અને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી લોચન શહેરા આ બેઠકમાં સહભાગી થયા હતા. ●

# અમદાવાદમાં રામજી મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

અમદાવાદ ખાતે રામજી મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રહી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, જેમ શરીરમાંથી બીમારી દૂર કરવા સ્વચ્છતાની જરૂર છે તેમ મનની સ્વચ્છતા માટે આધ્યાત્મિક અનુભૂતિ પણ એટલી જ અનિવાર્ય છે. સંતો અને મહાત્માના મુખેથી પરમાત્માના ભજન સાંભળવાથી આપણે સૌને એની અનુભૂતિ થાય છે. જીવનમાં અનેક પરિસ્થિતિઓમાં સંતો મહાત્માઓ પાસેથી પ્રાપ્ત કરેલ જ્ઞાન આપણે સૌને પરમાત્માની સમીપે લઈ જાય છે. શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પૂ.ભાઇશ્રી રમેશભાઈ ઓઝાને અભિવાદન કર્યું હતું તો ભાઈશ્રીએ મુખ્યમંત્રીશ્રીનું કાઠિયાવાડી પાઘડી પહેરાવી સન્માન કર્યું હતું. આ તકે મુખ્યમંત્રીશ્રીએ સંત મહાત્માઓ તેમની મધુર વાણીથી આપણે સૌને આશીર્વાદ આપતા રહે અને આવનારી પેઢી અવનવી ઉપલબ્ધિઓ પ્રાપ્ત કરે તેવી પરમાત્માને પ્રાર્થના કરી હતી. આ ધાર્મિક કાર્યક્રમમાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી, મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને અન્ય ધારાસભ્યોશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# PDEUનો નવમો પદવીદાન સમારોહ સંપન્ન



વિદ્યાર્થી કાળમાં પદવી મેળવવી એ જીવનનો મહત્ત્વનો પડાવ છે. પદવીદાનએ વિદ્યાર્થીની મહેનત અને ધગશને પોંખવાનો અવસર છે. તાજેતરમાં આવો જ રૂડો અવસર પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટીનાં આંગણે યોજાયો. જેમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પંડિત દીન દયાળ એનર્જી યુનિવર્સિટીના નવમાં પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીઓને સંબોધન કરતા ઊર્જા ક્ષેત્રે આવેલા બદલાવને સ્વીકારી નવા વિકલ્પો તૈયાર કરવાનું આહવાન કર્યું હતું.

આ નવમા પદવીદાન સમારોહમાં ૧૫૬૩ યુવાનોને ગ્રેજ્યુએશન, ૪૦ વિદ્યાર્થીઓને પી.એચ.ડી ડીગ્રી અને ૧૦૨ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને મેડલ એનાયત કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આ તકે કહ્યું કે, વિવિધ સેક્ટરલ યુનિવર્સિટીઝની રાજ્યમાં શરૂઆત કરાવીને ગુજરાતના યુવાનોને વિશ્વ સમકક્ષ જ્ઞાન અવસરો ઘર આંગણે આપવાના વડાપ્રધાનશ્રીના સંકલ્પનું બીજ આજે વટવૃક્ષ બની ગયા છે તેનું ઉત્તમ ઉદાહરણ આ પંડિત દીનદયાળ યુનિવર્સિટી છે. પી.ડી.ઇ.યુ.માં પદવી મેળવનાર વિદ્યાર્થીઓને વિડિયો કોન્ફરન્સના માધ્યમથી કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી શ્રી હરદીપ એસ. પુરીએ તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે પી.ડી.ઇ.યુ.ના પ્રેસિડેન્ટ અને રિલાયન્સ ગૃપના ચેરમેન શ્રી મુકેશ અંબાણીએ નવમા પદવીદાન સમારંભમાં પદવી મેળવનાર તમામ વિદ્યાર્થીઓને તેમના સુવર્ણ ભવિષ્ય માટેની શુભકામનાઓ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી આપી હતી. શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી, રાજ્ય મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર સહિત યુનિવર્સિટીના ગવર્નિંગ કાઉન્સીલના શ્રી પરિમલ નથવાણી, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન ડૉ. હસમુખ અઢિયા અને યુનિવર્સિટીના પ્રાધ્યાપકો, ડિગ્રી પ્રાપ્ત વિદ્યાર્થીઓના પરિવારજનો તેમજ રાજ્ય સરકારના સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવો આ પદવીદાન સમારોહમાં જોડાયા હતા. ●

# પત્રકારત્વ નવસર્જનનું સામર્થ્ય ધરાવે છેઃ CM

પત્રકારત્વ એ ઇતિહાસનું જતન કરવાની સાથે નવસર્જન કરવાનું સામર્થ્ય ધરાવે છે. અમદાવાદના ટાગોર હોલ ખાતે આયોજિત ગુજરાત મીડિયા એવોર્ડસમાં સંબોધતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કહ્યું હતું કે સમૂહમાધ્યમો લોકમાનસ બદલવાની શક્તિ ધરાવે છે.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે આઝાદીના અમૃત મહોત્સવનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, આ પ્રસંગે આપણે સંકલ્પ બની પત્રકારત્વના માધ્યમ દ્વારા દેશને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે કટિબદ્ધ બનીએ. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે સ્વાતંત્ર્ય સંગ્રામમાં પત્રકારત્વની ભૂમિકાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ગાંધીજીના પત્રકારત્વે



ભારતની આઝાદીની ચળવળમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ પત્રકારત્વની વિવિધ શ્રેણીમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર પત્રકારોનું સન્માન કર્યું હતું. 'કચ્છમિત્ર'ના તંત્રી અને વરિષ્ઠ પત્રકાર શ્રી કીર્તિભાઇ ખત્રીને લાઇફટાઇમ એચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ પત્રકારત્વની વિવિધ શ્રેણીમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર પત્રકારોનું સન્માન કર્યું હતું.

આ પ્રસંગે જાણીતા પત્રકાર શ્રી દેવેન્દ્રભાઈ પટેલ, શ્રી અજયભાઇ ઉમટ, પૂર્વ મુખ્ય સચિવ શ્રી પી. કે. લહેરી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મીડિયાજગત સાથે સંકળાયેલા મહાનુભાવો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●

## રાજ્યનાં ત્રણ નગરોને રૂ.50 કરોડથી વધુનાં વિકાસકાર્યોની ભેટ



રાજ્યની બે નગરપાલિકાઓ સાવરકુંડલા અને ઉપલેટામાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પાણીપુરવઠા યોજનાઓ માટે કુલ ૩૦.૫૨ કરોડ રૂપિયાનાં કામોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ ઉપરાંત અમદાવાદ જિલ્લાની ધોળકા નગરપાલિકાને ભૂગર્ભ ગટરયોજના ફેઝ-૪.૧નાં કામો માટે પણ ૨૦.૨૩ કરોડ રૂપિયાનાં કામોને પણ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે હાથ ધરવા અનુમતિ આપી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સમગ્રતયા રૂ. ૫૦.૭૫ કરોડનાં વિવિધ કામો આ ત્રણ નગરોમાં હાથ ધરવા સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

અમરેલી જિલ્લાની સાવરકુંડલા નગરપાલિકામાં જે કામો હાથ ધરાવાનાં છે તેમાં ૧૫ લાખ લિટર ક્ષમતાની ૨૦ મી. ઊંચી ESR, ૩૬ લાખ લિટર ભૂગર્ભ સંપ, વિતરણ વ્યવસ્થા, પમ્પ હાઉસ, પમ્પિંગ મશીનરી અને ફિલ્ટર પ્લાન્ટનો સમાવેશ થાય છે તેમજ રાજકોટ જિલ્લાની ઉપલેટા નગરપાલિકા દ્વારા પાણીપુરવઠાનાં જે કામો હાથ ધરાશે તેમાં ઇન્ટેકવેલ, હયાત ઇન્ટેકવેલના નવીનીકરણ, ૪ એમ.એલ.ડી. ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ભૂગર્ભ સંપ, ઊંચી ટાંકી અને રાઇઝિંગ મેઇન તથા વિતરણ વ્યવસ્થાનાં વિવિધ કામોનો સમાવેશ થાય છે. સાવરકુંડલા અને ઉપલેટામાં આ બધાં કામો આગામી વર્ષ ૨૦૫૨ની અંદાજિત વસ્તીની પાણી માટેની જરૂરિયાત ધ્યાનમાં રાખીને હાથ ધરાશે.

ધોળકા નગરમાં ૧૨.૪૫ કિ.મી.નાં સુએઝ નેટવર્ક કામો માટે રૂ. ૭.૯૨ કરોડ, રાઇઝિંગ મેઇન માટે રૂ. ૭.૪૨ કરોડ તથા લિફ્ટ પમ્પિંગ સ્ટેશન માટે રૂ. ૩.૪૫ કરોડ સહિતનાં કામો હાથ ધરાશે. મુખ્યમંત્રીશ્રી સમક્ષ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન તરફથી ધોળકા નગરનાં આ કામો અંગેની દરખાસ્ત શહેરી વિકાસ વિભાગ મારફતે રજૂ કરી હતી તેને પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અનુમતિ આપી છે. ●

## સુરતમાં સિક્સ લેનનો નવો રેલવે ઓવરબ્રિજ બનશે

સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આઉટ ગ્રોથ વિસ્તારનાં કામો અંતર્ગત અર્બન મોબિલિટી ઘટકમાં રૂ. ૬૪ કરોડના રેલવે ઓવરબ્રિજ બનાવવાના કામને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રીશ્રીએ આપેલી આ સૈદ્ધાંતિક મંજૂરીના પરિણામે સુરત ઓલપાડ રોડ પર જૂના સરોલી જકાતનાકા પાસે આવેલા હયાત રેલવે ઓવરબ્રિજના સ્થાને નવો ૬ લેન ઓવરબ્રિજ બનાવવાનું કામ હાથ ધરવામાં આવશે. સુરત શહેર અને તેની આસપાસ થયેલા વિકાસના કારણે કિમ-ઓલપાડથી આવતાં અને સુરત ઓલપાડને જોડતા હયાત ટુ લેન બ્રિજ પરના ટ્રાફિકનું ભારણ પણ રોજબરોજ વધતું રહે છે.

આ સમસ્યાના સુચારુ નિરાકરણ માટે જૂના સરોલી જકાતનાકા પાસે ૬ લેનનો ઓવરબ્રિજ બનાવવાના કામ માટે ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા રજૂ કરવામાં આવેલી દરખાસ્તને મુખ્યમંત્રીશ્રીએ સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. ●

### નાગરિકો, ખેડૂતો અને પશુઓને

## ઉનાળામાં પાણીનો જથ્થો ઉપલબ્ધ કરાવવા સઘન આયોજન

ઉનાળાની સિઝનમાં રાજયના નાગરિકોને પીવાનું પાણી, ખેડૂતોને સિંચાઈ સુવિધા તથા અબોલ પશુઓને પણ પીવાનું પાણી મળી રહે એ માટે રાજ્ય સરકારે સઘન આયોજન કર્યું છે. આ અંગે તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષપદે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠક અંગે શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજયના નાગરિકોને ઉનાળા દરમિયાન પીવાના પાણીની કોઈપણ પ્રકારની તકલીફ ન પડે એ માટે રાજ્ય સરકારે સઘન આયોજન કર્યું છે. ગ્રામ્યસ્તરે જૂથ પાણી પુરવઠા યોજનાઓ દ્વારા અપાતા પીવાના પાણી અને હેન્ડપંપ રિપેરિંગ સહિતની ફરિયાદોના નિકાલ માટે ૧૯૧૬ ટોલ ફ્રી નંબર કાર્યરત કરાયો છે જેના પર નાગરિકોને પોતાની રજૂઆત કરી શકશે જેનો સત્વરે નિકાલ કરાશે. ઉનાળાની સિઝનમાં નાગરિકોને પીવાંના પાણીની કોઈ તકલીફ ન પડે એ માટેનું સુચારુ આયોજન કરવા સંબંધિતોને મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી છે. સાથે સાથે પાણીનો બગાડ ન કરવા પણ નાગરિકોને અપીલ કરાઈ છે.

ભુજ-ભચાઉ ધોરીમાર્ગ પર ઓવરબ્રિજનું કામ રૂપિયા ૧૦૮ કરોડના ખર્ચે હાથ ધરાશે. આ બ્રિજ અંગે વિવિધ જમીન સંપાદન સહિતના ટેકનિકલ પ્રશ્નો હતા તે હલ થયા છે એટલે હવે આ કામ સત્વરે શરૂ કરીને ટૂંક સમયમાં પૂર્ણ કરાશે. જેના પરિણામે ભૂજ અને ભચાઉના

# શિક્ષકોની બદલીના નિયમોમાં ઐતિહાસિક બદલાવ

વિદ્યાર્થીઓના શિક્ષણનું હિત, શિક્ષકોનું હિત તથા શૈક્ષણિક સંઘો-મહાસંઘોની લાગણીને ધ્યાનમાં રાખીને રાજ્યના વિદ્યાસહાયક, પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોની જિલ્લા ફેરબદલીઓના નિયમો સંદર્ભે રાજ્ય સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. આ અંગે શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું કે, સરકારના આ નિર્ણયનો લાભ અંદાજે ૨ લાખથી વધુ શિક્ષકો તથા તેમના આશ્રિત ૧૦ લાખ પરિવારજનોને થશે. ૧૦ વર્ષ પહેલાં વર્ષ-૨૦૧૨માં પ્રાથમિક શિક્ષકોની બદલીઓ સંદર્ભે નિયમો ઘડાયા હતાં. આ નિયમોમાં બદલાવ માટે પ્રાથમિક શિક્ષણના સંઘો દ્વારા રજૂઆતો થઈ હતી. જે અંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ સંવેદનશીલ અભિગમ રાખીને આ અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.



ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘની રજૂઆતોને ધ્યાનમાં લઈ શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લા છ મહિનાથી આ અંગે વિવિધ રજૂઆતો ધ્યાનમાં લઈને વ્યાપક સંશોધન દ્વારા આ ઠરાવ રાજ્યના આશરે ૨ લાખ શિક્ષકોના હિતને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે. શિક્ષણમંત્રીશ્રીએ વિદ્યાસહાયક, પ્રાથમિક શિક્ષક અને મુખ્ય શિક્ષકની બદલીના નિયમોમાં કરેલા ઐતિહાસિક સુધારાની વિસ્તૃત વિગતો આપતાં જણાવ્યું હતું કે, પ્રાથમિક શિક્ષકોની બદલીના નિયમો તા. ૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવથી નિયત થયા હતા. માન્ય શૈક્ષણિક સંગઠનો તેમજ શિક્ષકોનું હિત ધ્યાનમાં લઈ રાજ્ય સરકાર દ્વારા નવા નિયમો તૈયાર કરવામાં આવ્યા છે, જે અંતર્ગત અત્યાર સુધી જે તે જિલ્લામાં ખાલી જગ્યાના ૪૦ ટકા શિક્ષકોને જિલ્લા ફેરબદલીનો લાભ આપવામાં આવતો હતો તેના બદલે નવા નિયમો મુજબ જે તે જિલ્લામાં ખાલી ૧૦૦ ટકા જગ્યા પર જિલ્લા ફેરબદલીનો લાભ આપવામાં આવશે. મંત્રીશ્રીએ કહ્યું કે, જિલ્લાફેર, અરસપરસ અને જિલ્લા આંતરિક અરસપરસ બદલીમાં સંબંધિત શિક્ષકોનાં વતન હોવાં જરૂરી હતાં તે જોગવાઈ દૂર કરવામાં આવી છે.

વિદ્યાસહાયકોની બદલી ન્યાયી રીતે થાય તેનું મંથન કરીને ૧૦ વર્ષ એક જ જગ્યાએ નોકરી કરવાની શરતે જે શિક્ષકોને નિમણૂક આપવામાં આવી છે તેવા શિક્ષકો ૫ વર્ષ પછી જિલ્લા ફેરબદલી કે જિલ્લા અરસ પરસ બદલી માટે અરજી કરી શકશે. એટલું જ નહીં, જે સરકારી કર્મચારીઓ રાજ્યના એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં બદલીપાત્ર છે તેવા કર્મચારીઓના પતિ/પત્ની જો સરકારી શાળામાં પ્રાથમિક શિક્ષક કે મુખ્ય શિક્ષક હોય તો તેઓને સરકારી કર્મચારીના બદલીવાળા જિલ્લામાં પ્રતિનિયુક્તિથી મૂકી શકાશે. પતિ/પત્નીના કિસ્સાનો લાભ હવેથી અનુદાનિત સંસ્થાઓ, ગુજરાત સરકારના જાહેર સાહસો, કેન્દ્ર અને રાજ્ય સરકારની સરકારી કંપનીઓના કિસ્સામાં પણ મળવાપાત્ર થશે.

શિક્ષણ મંત્રીશ્રીએ વધુ એક જાહેરાત કરતાં જણાવ્યું કે, આ ઉપરાંત અરસપરસ બદલી કરવા માટે અરજી કરવાની છેલ્લી તા. ૨૬ માર્ચ હતી તે વધારીને હવે આવતી તા. ૩જી મે સુધી લંબાવવામાં આવી છે. તે ઉપરાંત બદલીઓના કિસ્સામાં ફરિયાદ નિવારણ માટે ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવામાં આવી છે. એટલે કે બદલી બાબતે જે કોઈ રજૂઆત/ફરિયાદ હોય તો સંબંધિત શિક્ષક/મુખ્ય શિક્ષક દ્વારા ફરિયાદ નિવારણ સમિતિને રજૂઆત કરી શકાશે અને ફરિયાદ નિવારણ સમિતિ તેનું નિરાકરણ કરશે, જેથી શિક્ષકોને બિનજરૂરી લિટિગેશનમાંથી મુક્તિ મળશે. ●

---

નાગરિકોના પ્રશ્નોનું નિરાકરણ આવશે. આ જ રીતે મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતો તારાપુર-બગોદરા સિક્સલેન હાઈવેના ફેઝ-૨માં રૂપિયા ૬૫૧ કરોડના ખર્ચે કામ શરૂ થનાર છે. ફેઝ-૧ના કામ પૂર્ણ થયા છે તેનું લોકાર્પણ આગામી સમયમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરાશે.

ગુજરાતના ખેડૂતો પાસેથી ચણાની ખરીદી રેકોર્ડ બ્રેક ભાવે થઇ રહી છે તેમ જણાવી મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી પ્રતિ ક્વિન્ટલ રૂા.૫૨૩૦ એટલે કે પ્રતિ મણ રૂા.૧૦૪૬ના ટેકાના ભાવે ચણાની ખરીદી કરવામાં આવી રહી છે. શરૂઆતમાં ૧૮૭ કેન્દ્રો જ્યારે અત્યારે જરૂરિયાત મુજબ ૧૧૭ કેન્દ્રો પરથી ચણાની ખરીદી કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા આ વર્ષે ૬.૬૫ લાખ મેટ્રિકટનથી વધુ ચણાની ટેકાના ખરીદીને મંજૂરી આપવામાં આવી છે. આ વર્ષે ગુજરાતમાં ૫.૫૦ થી ૬ લાખ ટન ચણા ઉત્પાદનનો અંદાજ છે. જરૂરિયાત પડશે તો ગુજકોમાસોલને વધુ ચણાની ખરીદી કરવા માટે પણ સૂચના અપાશે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, ઉનાળાની સિઝનમાં અબોલ મૂંગાં પશુઓને પણ પીવાના પાણી અને ઘાસચારાની કોઈ તકલીફ ના પડે એ માટે સંપૂર્ણ તકેદારી રાખવા વન વિભાગને સૂચના આપી છે. પશુઓ માટે ૬.૯૫ કરોડ ટન ઘાસચારાનો જથ્થો અનામત રખાયો છે. જ્યારે અછતની પરિસ્થિતિ ઊભી થાય ત્યારે આ અનામત જથ્થો મહેસૂલ વિભાગ દ્વારા ડેપો ખોલીને રાહતદરે વિતરણ કરાશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સંવેદના સાથે ગુજરાતમાં પ્રથમ વાર ગાય અને ગૌશાળાના સંવર્ધન-જતન માટે રૂ. ૬૦૦ કરોડની જોગવાઈ આ વખતના બજેટમાં કરાઈ છે. ●

# ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીએ ભાવાંજલિ





બંધારણના ઘડવૈયા ભારત રત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરજીની ૧૩૧મી જન્મજયંતીએ ગુજરાત વિધાનસભા પોડિયમમાં તેમના તૈલચિત્ર સમક્ષ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભાવ પુષ્પ અર્પણ કરી શ્રદ્ધાસુમન પાઠવ્યા હતા. વિધાનસભા અધ્યક્ષા ડૉ. શ્રીમતી નીમાબહેન આચાર્ય, મંત્રીશ્રીઓ અને દંડક શ્રી પંકજભાઈ દેસાઈ સહિતના અગ્રણીઓ, ધારાસભ્યો પણ ડૉ. આંબેડકરના તૈલચિત્ર પુષ્પાંજલિમાં જોડાયા હતા.

ત્યારબાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરને પાટનગર ગાંધીનગરમાં ચ-માર્ગ પર સેન્ટ્રલ વિસ્ટામાં સ્થાપિત પ્રતિમાને ફૂલહાર અર્પણ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

ગુજરાતભરમાં ડૉ. બાબાસાહેબની જન્મજયંતીની ઉત્સાહભેર ઉજવણી થઇ હતી. ભારતરત્ન બાબાસાહેબ આંબેડકરના જન્મદિવસની ઉજવણી નિમિત્તે વાંકાનેર તાલુકાના ભલગામ પાસે આવેલ માનવ બૌદ્ધ વિહાર ખાતે ડૉ. ભીમરાવ આંબેડકરની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ રાજયના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી પ્રદીપભાઇ પરમારના હસ્તે કરવામાં આવ્યું હતું.





મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળ અનેક યોજનાઓ થકી ગરીબો, વંચિતો અને છેવાડાના માનવીઓના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં આવી રહ્યું છે. મંત્રીશ્રીએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની વિવિધ યોજનાઓનો ઉલ્લેખ કર્યો હતો અને તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

આ ઉપરાંત મોરબીમાં જ સમસ્ત અનુસૂચિત જાતિ સમાજ અને સ્વયં સૈનિક દળ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી નિમિત્તે ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં મોરબી-માળીયા વિસ્તારના ધારાસભ્ય અને મંત્રી શ્રી બ્રિજેશભાઇ મેરજાએ ખાસ ઉપસ્થિત રહી રેલીનું સ્વાગત કરી ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાજંલી અર્પણ કરી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બંધારણના ઘડવૈયા આદરણીય આંબેડકર સાહેબની જન્મજયંતી પ્રસંગે સમસ્ત દલિત સમાજ અને નગરપાલિકા દ્વારા રેલીનું આયોજન કરીને બાબાસાહેબની ગરિમા વધારી છે. દેશના બંધારણ થકી સમગ્ર વિશ્વમાં આપણને નામના અપાવી છે તેવા બાબાસાહેબ આંબેડકરના ચરણોમાં કોટી-કોટી વંદન કરીએ. ●

## "દોરડા" પર ચાલીને કરતબ બતાવતા 'નટ' સમુદાયના

# અંગદાતાએ અંગદાનની "દોર"ને મજબૂત કરી

✎ **અમિતસિંહ ચૌહાણ**





અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બાવનમું અંગદાન થયું છે. મહીસાગર જિલ્લાના લુણાવાડાના ૨૫ વર્ષીય "જયેશભાઇ નટ" બ્રેઇનડેડ થતા પિતાએ પુત્રવિરહની વેદનાથી પર થઇ અંગદાનની સંવેદના દાખવી છે.

નટ શબ્દ સાંભળીને માનસ પટલ પર ચોક્કસથી નાનપણમાં જોયેલું કોઈ એવું દ્રશ્ય પ્રતિબિંબિત થયું હશે. જેમાં એક નાની દીકરી કે દીકરો થોડી ઉંચાઈ પર બાંધેલા દોરડા પર ચાલીને કરતબ બતાવી લોકોનું મનોરંજન કરી રહ્યા હોય. આમ જયેશભાઈ પોતે ભલે આ વ્યવસાય સાથે જોડાયેલા ન હતા પરંતુ જેમ દરેક ગરીબજન ઊંચાઈ પર બાંધેલી ગરીબીની એક દોરી પર રોજ ચાલીને જીવન-મરણ વચ્ચે પરિવારના અસ્તિત્વ માટે સંતુલન જાળવે છે તેમ તેમણે પણ પરિવાર માટે સંઘર્ષ કર્યો અને હંમેશની જેમ કંઈક આપીને જીવી ગયા. અલબત્ત પોતાનું જીવન હારી ગયા પરંતુ બ્રેનડેડ થયા પછી અંગદાનરૂપે અન્ય દર્દીઓ માટે જીવન દાતા પૂરવાર થયાં.

આ વાત ધૂળાભાઇ નટના (બ્રેઇનડેડ જયેશભાઇના પિતા) જુવાનજોધ દીકરા ૨૫ વર્ષના જયેશની વાત છે. કોઈપણ મા-બાપની જેમ જ ધૂળાભાઇને આશા હતી કે જયેશભાઇ પગભર બનીને પરિવારની પડખે રેહશે પણ કુદરતને તે મંજૂર જ ન હતું. જયેશભાઈને માર્ગ અકસ્માતમાં બ્રેઇન હેમરેજ થયુ. અમદાવાદ સિવિલમાં ઘડીયાળના કાંટે તબીબોના પ્રયાસો અને પરિજનોની પ્રાર્થના છતાં તબીબોએ જયેશભાઈને બ્રેઇનડેડ જાહેર કર્યા. પિતા ધૂળાભાઇને જયારે સિવિલ હોસ્પિટલના તબીબોએ બ્રેઇનડેડના સમાચાર આપ્યા ત્યારે તબીબોએ તો આ દ્રશ્ય જોઇને પોતાનાં આંસુ રોકી લીધા હતા. પરંતુ પિતા ધૂળાભાઇના આંસુ રોકાયે રોકાતા ન હતા.

જ્યારે સહાનુભૂતિને નેવે મૂકીને પરાનુભૂતિ એટલે કે પોતાની જાત ને એક ક્ષણ માટે આ પરિસ્થિતિમાં મૂકીને જોઇએ તો જ પિતાની પુત્રવિરહની વેદના અને અંગદાનરૂપી સંવેદનાને અનુભવી શકાય. જ્યાં દીકરાને બ્રેઇનડેડ જોઇ પિતા ધૂળાભાઇના આંસુ પણ રોકાયે રોકાતા ન હતા તેવામાં પુત્ર પ્રત્યેના અપાર સ્નેહથી પણ વધુ અંગદાનનું મહત્વ સમજીને તેઓએ દીકરાના અંગોના દાન કરવાનો પવિત્ર નિર્ણય કર્યો.!! પિતા ધૂળાભાઇએ અંગદાન માટે હા પાડતા સિવિલના તબીબો દ્વારા બ્રેઇનડેડ જયેશભાઇના અંગોને રીટ્રાઇવલ સેન્ટરમાં લઇ જવામાં આવ્યા. કલાકોની ભારે જહેમત બાદ બ્રેઇનડેડ જયેશભાઇના અંગદાનમાં હ્રદય, ફેફસા, એક કિડની અને લીવરનું દાન મળ્યું.

હ્રદયને અમદાવાદની સીમ્સ હોસ્પિટલમાં અને ફેફસાને મુંબઇની ગ્લોબલ હોસ્પિટલમાં ગ્રીનકોરિડોર મારફતે જ્યારે કિડની અને લીવરને અમદાવાદ સિવિલ મેડિસીટીની કિડની ઇન્સ્ટિટ્યૂટમાં પ્રત્યારોપણ માટે ગણતરીની મીનીટોમાં મોકલવામાં આવ્યા. અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષી જણાવે છે કે, અંગદાનની સમગ્ર પ્રક્રિયામાં હ્રદય અને ફેફસાનું રીટ્રાઇવલ અને પ્રત્યારોપણ અત્યંત ગંભીર અને જટીલ હોય છે. ગણતરીના કલાકોમાં જ આ બંને અંગોને પ્રત્યારોપણ માટે સામેના વ્યક્તિ સુધી પહોંચાડવા ગ્રીનકોરિડોરની મદદ લેવી પડતી હોય છે. સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધી ૫૨ અંગદાતાઓ થકી મળેલા ૧૫૮ અંગોમાંથી ૮ હ્રદય અને ૮ ફેફસાનું દાન મેળવવામાં સફળતા મળી છે. ●



# ખેતરમાં મલ્ટીક્રોપ કોન્સેપ્ટથી આંબા સાથે તરબૂચની ખેતી

✎ પરેશ ટાપણીયા

ઉનાળાના આગમનની સાથે બજારમાં મીઠા-મધુરા તરબૂચની હાટો જોવા મળે છે. ગરમીમાં ઠંડીનો અહેસાસ કરાવતા તરબૂચનું સેવન તમામ વયના લોકો માટે પહેલી પસંદ રહે છે, ત્યારે સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ઘલા ગામના યુવા ખેડૂત પ્રવિણભાઈ માંગુકિયાએ દેશી તરબૂચના સ્થાને પાઈનેપલ મિશ્રિત સ્વાદ ધરાવતા તાઈવાનના રંગીન અને સ્વાદિષ્ટ તરબૂચ ઉગાડ્યા છે. તેમણે ખેતરમાં મલ્ટીક્રોપ કોન્સેપ્ટથી આંબા કલમોની સાથે તરબૂચની ખેતીનો સફળ પ્રયોગ કર્યો છે. તેઓ આજુબાજુના ત્રણ ગામના શ્રમિકોને રોજગારી આપી રહ્યાં છે.

સુરતના પ્રગતિશીલ ખેડૂતો કૃષિમાં વૈવિધ્યકરણ કરવા સાથે આધુનિક ખેતીમાં અદ્યતન ટેકનોલોજીનો સહારો લઈને અન્ય ખેડૂતોને નવી રાહ પણ ચીંધી રહ્યાં છે. આવા જ એક ખેડૂત પ્રવિણભાઈ માંગુકિયાએ આધુનિક ટેકનોલોજીના માધ્યમથી ઉનાળુ સિઝનમાં રંગબેરંગી અને રસીલા તાઈવાની તરબૂચનું વાવેતર કરીને જેકપોટ સમાન ઉત્પાદનનો અંદાજ સેવતા તા.૨૧મી માર્ચે પ્રથમ જ દિવસે જ ૨૦ ટન તરબૂચનું ઉત્પાદન પણ મેળવી લીધું છે. તેમણે વાવેતર કર્યાના માત્ર ૯૦ દિવસ બાદ રૂ.૨૧ લાખનું ઉત્પાદન થવાની સંભાવના વ્યકત કરી હતી. જે પૈકી રૂા.૭ લાખના દવા, મજૂરી તથા અન્ય ખર્ચને બાદ કરતા તેમને રૂ.૧૪ લાખનો ચોખ્ખો નફો થશે તેમ તેમણે કહ્યું હતું. વિશેષ વાત એ છે કે તેમણે નવ એકર જમીનમાં મલ્ટી ક્રોપનો પ્રયોગ કરતાં ૪૪૦૦ આંબાની કલમો પણ વાવી છે, અને વચ્ચેના ભાગમાં તરબૂચ ઉગાડ્યા છે. જમીનનો સદુપયોગ કરી બે આંતરપાકો થકી વધુ આવક મેળવવાનો માર્ગ અખત્યાર કર્યો છે. આ ઉપરાંત, તેમણે સોલર પાવર, ખેતતલાવડી અને ટપક પદ્ધતિથી સિંચાઈ સુવિધા ઊભી કરી છે. જેથી ભરઉનાળે સિંચાઈના પ્રશ્નનું કાયમી નિરાકરણ પણ મળ્યું છે.

અતિઘનિષ્ઠ ફળપાક યોજના હેઠળ આંબા કલમો વાવવા સાથે અંદરથી લાલ અને બહારથી પીળા હોય એવી વિશાલા જાત અને બહારથી લીલા દેખાતા અને અંદરથી પીળા હોય એવી આરોહી જાતના ઓછા બીજવાળા અને અતિ સ્વાદિષ્ટ તાઈવાની તરબૂચની ખેતીનો આ વર્ષે પ્રયોગ કર્યો, જેમાં પ્રવિણભાઈને પ્રથમ પ્રયાસે જ સફળતા મળી છે. અધૂરામાં પૂરું કેન્દ્ર અને રાજ્ય સરકારની અધધ રૂા. ૩૧ લાખની યોજનાકીય સબસિડી મળતાં તેઓને કૃષિમાં અવનવા પ્રયોગો કરવા માટે પાંખો મળી છે.

પ્રવિણભાઈના જણાવ્યા અનુસાર તરબૂચનું વાવેતર કર્યાના ૭૫ દિવસ વિત્યા હોવાથી પાક તૈયાર થઈ ચૂકયો છે. હવે ૭૫ થી ૯૦ દિવસના સમયગાળામાં તરબૂચનું ઉત્પાદન થવાં લાગશે. જેથી આઠ એકરમાંથી અંદાજે ૧૪૦ ટન જેટલા તાઈવાની તરબૂચ પાકશે.

વિશાલા, આરોહી વેરાયટીની વધુ માંગ છે. ખાસ કરીને હોટેલોમાં આ તરબૂચની વધુ માંગ રહે છે. તેથી તે મોંઘા પણ છે. જે રૂ.૨૦ થી ૩૦ પ્રતિ કિલોના ભાવે વેચાય છે. જેનું વજન ૪ થી ૫ કિલો રહે છે. સામાન્ય રીતે હોટેલ-રેસ્ટોરન્ટમાં જોવા મળતાં તાઈવાનના રંગીન તરબૂચ હવે કિફાયતી દરે ઉપલબ્ધ થતાં સુરત અને દક્ષિણ ગુજરાતના લોકોને સ્વાદમાં નવી વેરાયટી મળશે.

તેઓ વધુમાં જણાવે છે કે, તેમણે ગત તા.૧૦મી જાન્યુઆરીએ મહારાષ્ટ્રના પૂનાની નર્સરીથી રોપાદીઠ રૂા.૬ ના ભાવે ૨૯૦૦૦ વિશાલા અને આરોહી જાતના રોપા ઓર્ડર આપી મંગાવ્યા હતા. આ તરબૂચના રોપાને માટીના બદલે નારિયેળના પાવડરમાં તૈયાર કરવામાં આવે છે. હાઈટેક પદ્ધતિથી ખેતી નફાકારક બનશે. સોશ્યલ મીડિયા અને મિત્રો-પરિચિતોના ગ્રુપમાં સીધું જ વેચાણ થઈ જાય છે.

આમ, ઓછા સમયગાળામાં વધુ નફો આપતી મીઠા-મધુરા તરબૂચની ખેતી દક્ષિણ ગુજરાતના પ્રગતિશીલ ખેડૂતોને નવી ઓળખ આપી રહી છે. પ્રવિણભાઈ જેવા યુવા કિસાનો અથાગ મહેનત અને કોઠાસૂઝથી નફાકારક ખેતીને વધુ ઉચ્ચતા બક્ષી રહ્યાં છે.



# ગાંધીનગરમાં વૃક્ષારોપણ સાથે સફાઈકર્મીઓનું સન્માન



ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગાંધીનગરના રાયસણ ખાતે સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરતા જણાવ્યું હતું કે, સ્વચ્છતાની જાળવણી પ્રત્યેક નાગરિકનું કર્તવ્ય છે. તેમણે સ્વચ્છતાના સ્વભાવ-સંસ્કારનું નિર્માણ કરી પોતાનો નાગરિક ધર્મ બજાવવા સૌને અનુરોધ પણ કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ રાયસણ વિસ્તારમાં શ્રમદાન કરી લોકોને સ્વચ્છતા માટે પ્રેરિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ગંદકી કરનારા કરતાં સ્વચ્છતા જાળવનારા માનવીનું મૂલ્ય ઊંચું છે. ઘરની સફાઈ કરી કચરો શેરી કે મહોલ્લામાં નાખવાની માનસિકતા બદલવી પડશે અને ગલી-મહોલ્લા, ગામ અને શહેરની સ્વચ્છતા માટે પણ લોકોએ ચિંતા કરવી પડશે. રાજ્યપાલશ્રીએ બાળકોમાં સ્વચ્છતાના સંસ્કાર સુદૃઢ કરવાની હિમાયત પણ કરી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ વૃક્ષારોપણ કરીને પર્યાવરણની જાળવણીનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન રાજ્યપાલશ્રીએ પાંચ સફાઈકર્મીઓનું સન્માન કર્યું હતું.

## ભૂજમાં ડો.આંબેડકરના જીવનકાર્ય અંગે સંવાદ




ભૂજમાં બંધારણ નિર્માતા ડૉ. ભીમરાવ આંબેડકરના જીવનકાર્ય અને વિચારો પર આધારિત પુસ્તક સંવાદ સમારોહમાં વિધાનસભા અધ્યક્ષા શ્રી ડૉ. નીમાબહેન આચાર્યે જણાવ્યું હતું કે, આપણી લોકશાહી, આપણું લોકતંત્ર વધુ ને વધુ મજબૂત બનતાં જાય છે તેનું મુખ્ય કારણ બાબાસાહેબે બનાવેલું બંધારણ છે. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પણ સંસદીય બંધારણ ઉપર ઉત્સવ રાખવા આવે છે. તેમણે ડૉ. આંબેડકરના જીવન પર સંવાદ કરનાર દરેકને અભિનંદન પાઠવ્યાં હતાં. આ કાર્યક્રમમાં સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા હાજર રહ્યા હતા. અન્ય એક કાર્યક્રમ દરિયાલાલની જન્મજયંતીની ઉજવણીમાં ભાગ લઈ ડૉ. નીમાબહેને સૌ સમાજને એક થવા આહ્વાન કર્યું હતું. તેમણે ભૂજની વી. ડી. હાઈસ્કૂલ પાસે જલારામ સર્કલનુ લોકાર્પણ પણ કર્યું હતું.

## અમદાવાદમાં 'શક્તિ કોન્ક્લેવ-2022'



ગુજરાત સરકાર પણ વિવિધ યોજનાઓ થકી મહિલાઓને પગભર થવા પ્રોત્સાહિત કરે છે ત્યારે અમદાવાદમાં આયોજિત 'શક્તિ કોન્ક્લેવ - 2022'માં રોજગાર મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ મહિલાઓએ સર્વોપરિતા હાંસલ કરવાનો મંત્ર અપનાવવો જોઈએ તેમ જણાવ્યું હતું. આ અવસરે મંત્રીશ્રીએ કૌશલ્ય પર વાતચીત કરતાં કહ્યું કે, સમાજના સૌએ પોતાનું કૌશલ્ય બહાર લાવી આત્મનિર્ભર બનીને દેશના વિકાસમાં ભાગીદાર બનવું જોઈએ. મંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા સૂત્ર 'સ્કિલ + વિલ + ઝીલ = વિન'ને ચરિતાર્થ કરવાનો અનુરોધ કર્યો હતો. 'શક્તિ કોન્ક્લેવ - 2022' અંતર્ગત સમાજની પીડિતાઓ તેમજ આત્મનિર્ભર બનેલી મહિલાઓને એક મંચ પર લાવી સીધી જ રાજ્ય સરકાર સાથે સંવાદ કરે છે. આ પ્રસંગે 'સી' ટીમના સભ્યોને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ ઝાંસી ઓટીટી અને સૃષ્ટિ ભારત ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આયોજિત કરાયો હતો.

## રાજકોટમાં શાળાના નવનિર્મિત બિલ્ડિંગનું લોકાર્પણ



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નંબર-૭માં રામનાથપરા પાસે રૂ. ૪૮.૫૦ લાખના ખર્ચે નવનિર્મિત ફૂલબજાર તથા રૂ. ૩.૪૦ કરોડના ખર્ચે બનેલા શ્રી સંત તુલસીદાસ પ્રાથમિક શાળા નંબર-૧૬ના નવનિર્માણ પામેલા બિલ્ડિંગનું શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સામાન્ય અને છેવાડાના માનવીની ઉન્નતિ થાય, તે માટેની ચિંતા અને કાર્યો રાજ્ય સરકાર કરી રહી છે. ફૂલ એ માત્ર સુગંધ નહીં, પણ ઊર્જા પણ આપે છે. એટલે રાજકોટના ફૂલબજારને એક પદ્ધતિસરનું મકાન અપાયું છે. તે માટે મહાનગરપાલિકાને હું અભિનંદન પાઠવું છું. આ ઉપરાંત મનપાએ નવી સુવિધાસંપન્ન શાળા બનાવી છે. સમગ્ર રાજ્યમાં ૩ લાખ શિક્ષકો અને ૪૦ હજાર શાળાઓ ભૂલકાંઓના શિક્ષણ માટે કાર્યરત છે.

વાહનવ્યવહાર રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ જરૂરિયાતવાળા માનવીઓને પણ મળે તેવા પ્રયત્નો સરકાર દ્વારા થઈ રહ્યા છે. રાજ્યનું એક પણ બાળક શિક્ષણ વગરનું ન રહે તેની ચિંતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર કરી રહી છે. પારેવડી ચોકમાં ફૂલ વેચવા આવતા ખેડૂતોની સગવડ માટે મહાનગરપાલિકાએ ફૂલબજાર બનાવ્યું છે, જેનાથી ફૂલબજારમાં રોજગારીની તકોમાં વધારો થશે.

## વિકાસકામો થકી રાજકોટને વધુ સુવિધાયુક્ત બનાવાશે

રાજકોટમાં ઝનાના હોસ્પિટલ, બ્રિજ, ઈશ્વરિયા પાર્ક તથા રિજિયોનલ સાયન્સ સેન્ટરનાં વિકાસકામો થકી શહેરને વધુ સુવિધાયુક્ત બનાવવામાં આવી રહ્યું છે. આ વિકાસકામોનું શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જાતનિરીક્ષણ કર્યું હતું. રાજકોટ મધ્યે અંદાજિત રૂ. ૭૦ કરોડના ખર્ચે ૩૧,૨૦૦ ચો.મી વિસ્તારમાં ૨૦૦ બેડ તથા બાળકો માટે ૩૦૦ બેડની ઝનાના મેટરનિટી એન્ડ ચાઈલ્ડ હોસ્પિટલના નવનિર્માણકાર્યને મંત્રીશ્રીએ નિહાળી સૂચનો કર્યાં હતાં. મંત્રીશ્રીએ હોસ્પિટલ ચોકમાં નિર્માણાધીન બ્રિજ અને ઈશ્વરિયા પાર્કની મુલાકાત લીધી હતી. ઈશ્વરિયા પાર્ક નજીક અંદાજિત રૂ. ૮૦ કરોડના ખર્ચે રિજિયોનલ સાયન્સ સેન્ટર નિર્માણ પામી રહ્યું છે, જેમાં મુખ્ય છ ગેલેરીઓ સહિતનાં અનેક અવનવાં આકર્ષણો અંગે પણ જાણકારી મેળવી હતી.

## સરભાણમાં સીડ પ્રોડક્શન અને પ્રોસેસિંગ યુનિટનું લોકાર્પણ

ભારત સરકાર તથા ગુજરાત સરકારની સહાયથી SMSP યોજના અન્વયે ભરૂચના આમોદ તાલુકાના સરભાણમાં સીડ પ્રોડક્શન અને પ્રોસેસિંગ કમ સ્ટોરેજ ગોડાઉન યુનિટનું કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે લોકાર્પણ કર્યું હતું. ખેડૂતોની આવક બમણી થાય તે દિશામાં કેન્દ્ર તથા રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું જણાવી કૃષિ મંત્રીશ્રીએ રાજ્ય સરકાર દ્વારા અમલી ખેતીલક્ષી વિવિધ યોજનાઓની વિસ્તૃત જાણકારી આપી, જેનો મહત્તમ લાભ લેવાનો ઉપસ્થિત ખેડૂતોને અનુરોધ કર્યો હતો.



અન્ય એક કાર્યક્રમમાં મંત્રીશ્રીએ જામનગર જિલ્લાના જોડિયા, ધ્રોલ અને હાપા ખાતે માર્કેટિંગ યાર્ડ પર ટેકાના ભાવે ચણા આપવા આવતા લાભાર્થી ખેડૂત ખાતેદારો સાથે વાતચીત કરી હતી. આ મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ જામનગર (હાપા) ખાતે બેડ ગામના અકસ્માતમાં મૃત્યુ પામેલા ખેડૂત નરોત્તમભાઈ વીરજીભાઈ સુનાગરાના વારસદાર હીરુબહેન નરોત્તમભાઈ સુનાગરાને વીમાની રકમનો ચેક અર્પણ કર્યો હતો. તદઉપરાંત લોકસંપર્ક યોજી ઉપસ્થિત નાગરિકોના પ્રશ્નો તથા રજૂઆતો સાંભળી હતી.

## 'ફૂડ ટેસ્ટિંગ મોબાઈલ લેબોરેટરી વાન' ભેળસેળનો મૃત્યુઘંટ વગાડશે



જનઆરોગ્યની સુરક્ષામાં સૌથી મોટો અંતરાય હોય તો તે છે ખાદ્ય પદાર્થોમાં થતી બેફામ ભેળસેળ, પરંતુ હવે આવા ભેળસેળિયાઓની ખેર નથી. તાજેતરમાં ગાંધીનગરમાં કેન્દ્ર સરકાર પુરસ્કૃત વધુ ૧૩ મોબાઈલ ફૂડ ટેસ્ટિંગ વાનને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

આરોગ્ય મંત્રીશ્રીએ કહ્યું હતું કે, નાગરિકોને અશુદ્ધ અને ભેળસેળવાળો ખાદ્ય પદાર્થ ન લેવો પડે તે માટે આ મોબાઈલ વાન વિવિધ જિલ્લાઓમાં કાર્યરત કરવામાં આવશે. નાગરિકો સામેથી ટેસ્ટિંગ માટે ખાદ્ય પદાર્થ લઈને આવશે તો તેનું વિનામૂલ્યે પણ ટેસ્ટિંગ કરી આપવામાં આવશે. જો નમૂનો ભેળસેળયુક્ત પુરવાર થશે તો સામેથી સેમ્પલ લઈને તેની સામે કાયદાકીય રીતે કડક પગલાં લેવાશે.

અદ્યતન ટેક્નોલોજી ધરાવતા કમ્પ્યુટરાઈઝ્ડ સાધનો દ્વારા ખાદ્ય ચીજોની ચકાસણી માટે રાજ્ય સરકાર દ્વારા કરાયેલી શ્રેષ્ઠ કામગીરીને પરિણામે કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા દ્વારા ગુજરાતને નવીન ૧૩ મોબાઈલ વાન પૂરી પાડવામાં આવી છે, જેનું રાજ્યભરમાં પરિભ્રમણ કરાવીને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સંદર્ભે જનજાગૃતિ કેળવાશે. આ વાનનો તમામ આનુષંગિક ખર્ચ પણ કેન્દ્ર સરકાર દ્વારા પુરો પાડવામા આવશે.

આ મોબાઈલ વાન અદ્યતન ટેક્નોલોજીયુક્ત સાધનોથી સુસજ્જ છે. આ સાધનો દ્વારા સ્થળ પર જ નમૂનાનું પરીક્ષણ થઈ શકે તે માટે મિલ્ક ટેસ્ટિંગ મશીન દ્વારા ટેસ્ટિંગ કરી દૂધમાં ફેટ, એસ.એન.એફ., પ્રોટીન તથા એમોનિયમ સલ્ફેટ, સુક્રોઝ, વોટર મોલ્ટોડ્રેક્સ્ટ્રિન, યુરિયા જેવાં કેમિકલ્સ શોધી શકાશે.

## રાજ્યના દરેક તાલુકામાં ડાયાલિસિસ કેન્દ્ર કાર્યરત કરાશે

મહેસાણા જિલ્લાના બહુચરાજીમાં વિશ્વ આરોગ્ય દિવસની આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી હતી. મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના દરેક તાલુકામાં ડાયાલિસિસ કેન્દ્ર કાર્યરત કરવા સરકાર સંકલ્પબદ્ધ છે. રાજ્યભરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (P.H.C.) અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર C.H.C.માં આરંભાયેલી PMJAY-MA કાર્ડ કઢાવવાની ઝુંબેશનો મહત્તમ નાગરિકોને લાભ લેવા અનુરોધ કર્યો હતો.

વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણીને ખરા અર્થમાં સાર્થક કરવા રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં બહુચરાજી ખાતેથી વિવિધ આરોગ્યલક્ષી પહેલની શરૂઆત કરવામાં આવી હતી, જેના અંતર્ગત આરોગ્યમંત્રીશ્રીના હસ્તે 'ટીબી હારેગા દેશ જીતેગા'ના નિર્ધારને પરિપૂર્ણ કરી રાજ્યમાં ટીબીને ધરમૂળમાંથી નાબૂદ કરવા માટે 'ટીબી પ્રિવેન્ટિવ થેરપી'નું રાજ્યવ્યાપી અમલીકરણ કરાવવાની શરૂઆત કરવામાં આવી છે.

આ પ્રિવેન્ટિવ થેરપીનું રાજ્યવ્યાપી અમલીકરણનો પ્રારંભ કરાવતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૨૫ સુધીમાં દેશમાંથી ટીબીને સંપૂર્ણપણે દૂર કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે, જેના ભાગરૂપે જ દેશનાં વિવિધ રાજ્યોમાં ટીબીગ્રસ્ત દર્દીઓના પરિવારજનોને ટીબીના ચેપથી બચાવવા માટે ટીબી પ્રિવેન્શન થેરપી કરવામાં આવી છે.

મંત્રીશ્રી દ્વારા 'વન સ્ટેટ વન ડાયાલિસિસ'ની ગુજરાતની પહેલને વધુ સુદૃઢ બનાવવા માટે નવીન ૧૧ ડાયાલિસિસ કેન્દ્રોનો પણ શુભારંભ કરાવવામાં આવ્યો હતો. આ ડાયાલિસિસ કેન્દ્રો કાર્યરત થતાં હવે ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ સંચાલિત ડાયાલિસિસ કેન્દ્રોની સંખ્યા ૮૦ થઈ છે.

રાજ્યમાં ૩૦થી ૪૦ કિલોમીટર ત્રિજ્યા વિસ્તારમાં ડાયાલિસિસ કેન્દ્ર કાર્યરત થવાથી કિડની સંબંધિત બીમારી ધરાવતા અને ડાયાલિસિસની જરૂરિયાત હોય તેવા દર્દીઓને લાભ મળશે.

આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી નિમિષાબહેન સુથારે લુણાવાડા ખાતે ડાયાલિસિસ સેન્ટરનો પ્રારંભ કરાવતાં જણાવ્યું હતું કે, ડાયાલિસિસની નિઃશુલ્ક સારવાર ઉપલબ્ધ થતાં વન સ્ટેટ-વન ડાયાલિસિસ, વન નેશન-વન ડાયાલિસિસના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત રાજ્ય પ્રથમ હોવાનું જણાવ્યું હતું.

# વાપીના છીરીમાં શાળાનું ખાતમુહૂર્ત અને કોચરવામાં સ્કૂલનું લોકાર્પણ



દક્ષિણ ગુજરાતના દુર્ગમ વિસ્તારોના વિકાસને ગુજરાત સરકારે પ્રાથમિકતા આપી છે. તાજેતરમાં વલસાડના વાપી તાલુકામાં છીરી ગામે રૂ. ૧.૯૫ કરોડના ખર્ચે તૈયાર થનાર મુખ્ય પ્રાથમિક શાળાનું ખાતમુહૂર્ત કરવા ઉપરાંત રૂ. ૨.૭૮ કરોડના બે સી.સી. રોડને નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ ખુલ્લા મૂક્યા હતા. આ રોડના નિમાર્ણથી છીરી ગામનો વિકાસ થશે, જ્યારે પ્રાથમિક શાળાનું નિર્માણ થતાં ૬૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકશે એમ મંત્રીશ્રીએ આ વેળાએ જણાવ્યું હતું.

વાપી તાલુકાના કોચરવામાં રૂ. ૧.૮૦ કરોડના ખર્ચે અદ્યતન કમ્પ્યુટર લેબ સાથેની પ્રાથમિક શાળાને તેમણે ખુલ્લી મૂકી હતી. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવના માધ્યમથી રાજ્યના દરેક નાગરિકને સાક્ષર કરવાના સર્વાંગી પ્રયાસો રાજ્ય સરકારે કર્યા, જેનાં આજે સારાં પરિણામો મળી રહ્યાં છે. આ ઉપરાંત ડુંગરી ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના રૂ. ૨૭ લાખના ખર્ચે તૈયાર થનારા ભવનનું ખાતમુહૂર્ત મંત્રીશ્રીએ કર્યું હતું.

## સરદારસાહેબના ભારતને અખંડ બનાવવાનાં કાર્યોને યાદ રખાશે



નર્મદામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવેલા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર અને સંકલ્પભૂમિ સ્મારક વડોદરાની તજજ્ઞ સમિતિએ વ્યુઈંગ ગેલેરી પ્રતિમાના હૃદયસ્થાનેથી અદ્‌ભુત નજારો માણ્યો હતો.

મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે ચાંદોદના સંત શ્રી જીવણનાથ આશ્રમની બાજુમાં નવનિર્માણ પામનાર હવશી દેગામા ઘાટસ્થળની મુલાકાત લીધી હતી. વડોદરામાં નિર્માણાધીન ડો. બાબાસાહેબ આંબેડકરના સ્મારક ભવનના નિર્માણકાર્યની મંત્રીશ્રીએ સમીક્ષા કરી હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિ વડોદરા સાથે જોડાયેલી છે અને તેને સ્થાપત્યબદ્ધ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કલ્યાણનગરમાં રૂ. ૧૦ કરોડના ખર્ચથી સ્મારક ભવનનું નિર્માણ થઈ રહ્યું છે. તેમના અધ્યક્ષસ્થાને મળેલી વડોદરા જિલ્લા આયોજન મંડળની બેઠકમાં વડોદરા જિલ્લામાં જનસુખાકારી અને જનસુવિધાનાં રૂ. ૧૧૦૦ લાખનાં વિવિધ ૫૮૫ વિકાસકામો મંજૂર કરવામાં આવ્યાં હતાં.

## ઘાઘોસર ગામને મળ્યો જળસંચય અભિયાનનો લાભ



'સુજલામ્ સુફલામ્' જળઅભિયાન-૨૦૨૨ અંતર્ગત લીંબડી તાલુકાના ઘાઘોસર ખાતે વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાના હસ્તે તળાવ ઊંડું કરવાના કામનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ પ્રસંગે મંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં કુદરતી પાણીના સ્તર ઊંચા આવે તેમજ પાણીનો જળસંચય વધુ ને વધુ થાય અને તેનો લાભ નાગરિકો અને લાખો ખેડૂતોને થાય તેવા હેતુથી રાજ્ય સરકાર દ્વારા સુજલામ્ સુફલામ્ જળઅભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન થકી તળાવો ઊંડાં કરવાથી પાણીનો સંગ્રહ થશે તેમજ તળાવમાંથી નીકળતી કાળી માટી ખેડૂતો પોતાના ખેતરે લઈ જઈ શકશે. આમ આ જળઅભિયાન નાગરિકો અને ખેડૂતો માટે મહત્ત્વનું સાબિત થશે. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ શ્રી કૃષ્ણસિંહ રાણા, ઉપપ્રમુખ શ્રી વિક્રમભાઈ વડેખણિયા, સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ચિત્ર-વિચિત્ર મહાદેવના સાંનિધ્યમાં લોકમેળો



હિંદુ નવ વર્ષની શરૂઆત ચૈત્ર માસથી થાય છે. તેની સાથેસાથે ગુજરાતભરમાં મેળાઓની વસંત ખીલે છે. તેમાંથી એક છે ઉત્તર ગુજરાતના સાબરકાંઠાના ગુણભાંખરી ગામે ચિત્ર-વિચિત્ર મહાદેવના સાંનિધ્યમાં યોજાતો ચિત્ર-વિચિત્ર મેળો. આકુળ-વ્યાકુળ અને સાબરમતીના ત્રિવેણી સંગમે મેળાને ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર, આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથારે ખુલ્લો મૂક્યો હતો. અપર્ણ અને તર્પણની આ ઐતિહાસિક પવિત્ર ભૂમિને વંદન કરતાં મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું કે, છ હજાર વર્ષ જૂનું મહાભારતકાલીન આ સ્થળ છે, જ્યાં આકુળ-વ્યાકુળની ધરતીમાં લોકો તર્પણ કરે છે. તેમણે રાજ્ય સરકાર દ્વારા આદિજાતિ સંસ્કૃતિને ઉજાગર કરવાનું કામ કર્યું હોવાની વાત કરી હતી. આદિજાતિ રાજ્યમંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથારે જણાવ્યું હતું કે, રાજ્યની આ સરકારે આદિજાતિ સંસ્કૃતિને વીસરાવા દીધી નથી, આદિવાસી વિસ્તારના મેળાઓએ લોકસંસ્કૃતિને જીવંત રાખવાનું કામ કર્યું છે. આ પ્રસંગે સાંસદ સર્વશ્રી રમીલાબહેન બારા, દીપસિંહ રાઠોડ ઉપસ્થિત રહ્યાં હતાં.

## કપડવંજમાં સરકારી અનાજના ગોડાઉનનું લોકાર્પણ



કપડવંજમાં ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા નિર્મિત 2000 ટન કેપેસિટી ધરાવતા ગોડાઉનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

લોકાર્પણ કરતાં ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર છેવાડાના નાગરિક સુધી અનાજ સુરક્ષિત રીતે પહોંચે તે માટે અને ખેડૂતોનો પાક સુરક્ષિત રહે તે માટે સતત ચિંતા કરી માળખાકીય મજબૂત સુરક્ષા ઊભી કરી રહી છે.

આ ગોડાઉનમાં 2000 મેટ્રિક ટન અનાજનો સંગ્રહ થઈ શકશે, જેથી કરીને કપડવંજ તાલુકાના ૮૯ દુકાનદારો અને પ્રજાને ઘઉં, ચોખા, ચણા, દાળ અને તેલ જેવી જીવનજરૂરી વસ્તુઓ સુરક્ષિત મળી રહેશે. મધ્યાહ્ન ભોજન કેન્દ્રો ખાતે ઘઉં, ચોખા, ચણા, દાળ, અને તેલ ઉપરાંત આંગણવાડી ખાતે ઘઉં, મીઠું અને તેલ પૂરાં પાડવામાં આવે છે.

## 'ગામદૂત યોજના' થકી પોલીસ કરશે પ્રજાપ્રશ્નોનો નિકાલ



સુરત રેન્જ પોલીસ અને જિલ્લા પોલીસ દ્વારા જિલ્લાનાં કડોદરામાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે 'ગામદૂત યોજના' તેમજ 'બાળ સંભાળ કેન્દ્ર' (ડે કેર સેન્ટર)નો પ્રારંભ કરાયો હતો. ગૃહ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કડોદરા ખાતે બાળકો માટે ડે કેર સેન્ટર એ સુરત જિલ્લા પોલીસનો નવતર પ્રયોગ અને સમાજ પ્રત્યે ઉત્તરદાયિત્વ માટેની ઉમદા પહેલ છે, જેમાં પોલીસ મહિલાકર્મી શ્રમિકોનાં બાળકોની સારસંભાળ રાખશે, જેનાથી ગરીબ શ્રમિકોનાં બાળકોને સુરક્ષાછત્ર મળશે, જ્યારે પોલીસ વિભાગ દ્વારા શરૂ કરાયેલી 'ગામદૂત યોજના' થકી પોલીસ કર્મચારીઓ દરેક ગામોની મુલાકાત લઈ પ્રજાપ્રશ્નોનો નિકાલ કરી લોકોનો વિશ્વાસ જીતશે. સુરતમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તથા સુરત શહેર પોલીસના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી યોગ શિબિરમાં પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ, શહેરીજનોએ તંદુરસ્તીનો સંકલ્પ લીધો હતો. યોગ શિબિરમાં શ્રી હર્ષભાઈએ જણાવ્યું હતું કે, યોગના માધ્યમથી નાગરિકો તંદુરસ્ત અને નીરોગી જીવન જીવી શકે છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી શીશપાલ રાજપૂતે દેશને નશામુક્ત અને રોગમુક્ત કરવા તેમજ ભારતને વિશ્વગુરુ બનાવવા યોગ એક મહત્ત્વની ભૂમિકા ભજવશે તેમ કહ્યું હતું. જ્યારે અન્ય એક કાર્યક્રમમાં મંત્રીશ્રીએ સુરતના સરસાણામાં BNI ગ્રેટર-સુરત આયોજિત 'સુરત બિઝફેસ્ટ'ને ખુલ્લો મૂકી વ્યાપારીઓને ટીમવર્કથી આગળ વધવા અનુરોધ કર્યો હતો.

# ફાટકમુક્ત ગુજરાત : 200થી વધુ ઓવરબ્રીજનું નિર્માણ થશે



ગુજરાત સરકારનો માર્ગ અને મકાન વિભાગ ફાટકમુક્ત ગુજરાતની નેમ સાથે આગળ વધી રહ્યો છે. માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ સિદ્ધપુરના ખળી ચાર રસ્તા પાસે નવનિર્મિત રેલવે ઓવરબ્રીજનું લોકાર્પણ કર્યું હતું. રૂ.44.40 કરોડના ખર્ચે નવનિર્મિત રેલવે ઓવરબ્રીજથી લાલપુર, બીલીયા અને કહોડા સહિતના ગામો તથા સિદ્ધપુર શહેરના નાગરિકોને વારંવાર બંધ થતા ફાટકના કારણે ઉભી થતી ટ્રાફિકની સમસ્યાથી મુક્તિ મળશે. આ પ્રસંગે માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું કે, મુંબઈથી દિલ્હી સુધી માલવાહક ટ્રેનોના આવાગમનના કારણે વારંવાર બંધ થતા ફાટકથી નાગરિકોને મુશ્કેલી ન પડે અને સમયની સાથે ઈંધણની પણ બચત થાય તે માટે આ ઓવરબ્રિજ ઉપયોગી નિવડશે અને ફાટકમુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત આવનારા સમયમાં સમગ્ર રાજ્યમાં 200થી વધુ ઓવરબ્રીજનું નિર્માણ કરાશે. આ પ્રસંગે સાંસદ શ્રી ભરતસિંહજી ડાભી, જી.આઈ.ડી.સી.ના પૂર્વ ચેરમેન શ્રી બલવંતસિંહ રાજપૂત સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## સચિન દુર્ઘટનાનાં મૃતકોના પરિવારજનોને આર્થિક સહાય



સુરતની સચિન GIDCમાં કેમિકલ લીકેજની દુર્ઘટનાના ૬ મૃતક શ્રમિકોના પરિવારજનોને કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના હસ્તે મુખ્યમંત્રી રાહતનિધિમાંથી કુલ રૂ. ૨૪ લાખની સહાય અર્પણ કરવામાં આવી હતી. પ્રત્યેક સ્વ. શ્રમિકદીઠ રૂ. ૪ લાખની સહાયના ચેક અર્પણ કરી મંત્રીશ્રીએ દિવંગતો પ્રતિ સંવેદના પ્રગટ કરી હતી. મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભવિષ્યમાં આ પ્રકારની દુર્ઘટના ન સર્જાય એ માટે પણ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને ઔદ્યોગિક એકમો સાથે યોગ્ય સંકલન જાળવવામાં આવશે. બેઠકમાં ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબહેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ઓલપાડનાં ૧૫ ગામમાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ



સુરતના ઓલપાડ તાલુકાનાં ૧૫ ગામમાં અંદાજિત રૂ. ૭ કરોડના ખર્ચે વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું, જેમાં નરથાણ, વેલુક, કાસલા ખુર્દ, કાસલા બુજરંગ, સરસ, કુવાદ, કપાસી, કાછોલ, કુદિયાણા, દાંડી, લવાછા, આડમોર, ભાંડુત, ડભારી, ટુંડા ગામે ડામર, આર.સી.સી. રોડ, વાસ્મો અંતર્ગત પાણીપુરવઠાનાં કાર્યો, ગટરલાઈન, ગ્રામપંચાયતની પ્રોટેક્શન વોલ સહિતનાં વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત/લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ ઓલપાડ તાલુકામાં કુપોષિત બાળકોને સેવાભાવી ગ્રામજનો દત્તક લેવા આગળ આવે એવું આહ્વાન કર્યું હતું.

# સુરતમાં યોજાઈ અનોખી 'રામાથોન'



વિશ્વમાં સૌપ્રથમવાર સુરતમાં રામનવમીના પવિત્ર પર્વે 'સર્વ ધર્મ સમભાવ'ને ઉજાગર કરતી 'રામાથોન'નું આયોજન કરવામાં આવ્યુ હતુ. 'આંતરરાષ્ટ્રીય ચિલ્ડ્રન ફોરમ' અને 'મોબાઈલ એડિક્શન ક્લિનિક'ના સહયોગથી રેનબો ક્લબ રિસોર્ટમાં આયોજિત અનોખી કિડ્સ મેરેથોન 'રામાથોન'ને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં ૧૧ વર્ષ સુધીના વિવિધ ધર્મના અંદાજિત ૫૦૦ જેટલા બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. નવી પેઢી મહાન ભારતીય સંસ્કૃતિ તરફ દોરાય અને એકતાની ભાવના કેળવે તે હેતુસર યોજાયેલી 'રામાથોન'ના વિચાર અને આયોજનને ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ બિરદાવ્યા હતા. મેરેથોનમાં બાળકો શ્રીરામ, લક્ષ્મણ અને હનુમાનનો વેશ ધારણ કરીને ૨૦૦ અને ૪૦૦ મીટરની દોડ લગાવી હતી. મેરેથોનમાં બાળકોના માતા-પિતા પણ દોડમાં સહભાગી થયા હતા. બાળકોએ સ્ટેજ પરથી ભગવાન શ્રીરામના આદર્શ ગુણો અને પ્રેરણાદાયી જીવન પ્રસંગોનું વર્ણન કર્યું હતું. ઉપરાંત, ગ્રાઉન્ડ પર બાળકોએ મનોરંજન પ્રવૃત્તિઓમાં પણ ભાગ લીધો હતો. મેરેથોનમાં ભાગ લેનાર બાળકોને ટી-શર્ટ, મેડલ, પ્રમાણપત્ર, નાસ્તો અને અનોખી રામાથોનનું પુસ્તક આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સુરત જિલ્લા રમતગમત અધિકારી શ્રી દિનેશભાઈ કદમ, આંતરરાષ્ટ્રીય ચિલ્ડ્રન ફોરમ અને મોબાઈલ એડિક્શન ક્લિનિક સંસ્થાના સભ્યો, માતા-પિતા તેમજ બાળસ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી માટે વિકાસકાર્યો મંજૂર

રાજ્યના છેવાડાના માનવીને રોડ-રસ્તા, પાણી, આરોગ્ય, શિક્ષણ અને વીજળી જેવી આંતરમાળખાકીય સુવિધાઓ મળે તે રાજ્યના વિકાસ માટે પણ મહત્ત્વપૂર્ણ બાબત છે. તાજેતરમાં અમરેલી જિલ્લા આયોજન મંડળની બેઠક સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્ય મંત્રી શ્રી આર. સી. મકવાણાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠકમાં આયોજન હેઠળનાં કામો સમયબદ્ધ રીતે ગુણવત્તાયુક્ત અને જનસુવિધાલક્ષી થાય તે જોવા મંત્રીશ્રીએ અમલીકરણ અધિકારીશ્રીઓને અનુરોધ કર્યો હતો. અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે આયોજન મંડળ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં અંદાજિત રૂ. ૧૨.૫૦ કરોડના ખર્ચે ૫૬૮ જેટલાં વિકાસકાર્યો મંજૂર કરવામાં આવ્યાં હતાં. મંત્રીશ્રીએ પ્રત્યેક ગામમાં સ્થાનિક કક્ષાએ પ્રાથમિકતા ધરાવતા લોક-સુવિધાનાં હાથ ધરાયેલાં કામો ઝડપથી પૂર્ણ કરવા તથા આયોજન મંડળમાં મંજૂર થયેલાં કામોના પ્લાન એસ્ટિમેટ ટૂંક સમયમાં રજૂ કરી, આ મંજૂર કામો નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવ્યું હતું.



# સુરતના સરસાણામાં 'ઉદ્યોગ-૨૦૨૨' પ્રદર્શન

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સુરતના સરસાણામાં આયોજિત ચાર દિવસીય ઔદ્યોગિક પ્રદર્શન 'ઉદ્યોગ-૨૦૨૨'ને ઉદ્યોગ, સહકાર, વન-પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ખુલ્લું મૂક્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ, ઓનલાઈન વ્યવસ્થાઓ, ફાસ્ટ એપ્રુવલ દ્વારા વ્યવસાયીઓ મુક્તપણે વેપારઉદ્યોગ કરી શકે તેવો માહોલ બનાવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાઈબ્રન્ટ ગુજરાતની પરંપરા શરૂ કરી હતી, જેના પરિણામે આજે ઉદ્યોગ-વ્યવસાયોમાં 'વાઈબ્રન્સી'-ધબકાર જોવા મળી રહ્યો છે.

આ સંદર્ભે મંત્રીશ્રીએ કહ્યું કે, તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદૃષ્ટિના પરિણામે ગુજરાતની નિકાસ રૂ. ૪.૫૦ લાખ કરોડને પાર કરી થઈ છે. ભારતીય ઉદ્યોગકારોનાં ઉત્પાદનોએ વિકસિત દેશોનાં બજારોમાં આગવું સ્થાન મેળવ્યું છે. તેમણે રાજ્યભરમાં સૌથી વધુ સોલર રૂફટોપ પેનલો સુરત શહેરમાં ઈન્સ્ટોલ થઈ હોવાનું જણાવી સૌર ઊર્જા પ્રત્યે જાગૃત થવા બદલ સુરતવાસીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

ટેક્સટાઇલ, ગારમેન્ટ, સિલ્ક, જેમ્સ એન્ડ જવેલરી જેવાં ક્ષેત્રોમાં સુરત શહેરે તેજગતિએ વિકાસનાં સીમાચિહ્નો સર કર્યાં છે. આવનારા સમયમાં ટેક્નિકલ ટેક્સટાઇલ ક્ષેત્રનું ભાવિ ઊજળું છે. ભારતમાં કુલ રૂ. ૨૦ હજાર કરોડનું ટેક્નિકલ ટેક્સટાઇલનું બજાર હોવાનું જણાવીને આ ક્ષેત્રમાં રહેલી ઉજ્જવળ તકો ઝડપી લઈને આગળ વધવાનો અનુરોધ મંત્રીશ્રીએ કર્યો હતો.

આ તકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉદ્યોગ એક્ઝિબિશનની સફળતા માટે લિખિત સંદેશો પાઠવી દક્ષિણ ગુજરાતના વ્યવસાયકારોને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે આ પ્રસંગે કૃષિ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, સાંસદ શ્રી સી. આર. પાટીલ, ધારાસભ્ય શ્રીમતી સંગીતાબહેન પાટીલ, સહિત એક્ઝિબિટર્સ અને ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા. ●



# પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ

રાજ્યના દરેક પરિવારને પોતાના ઘરનું ઘર મળે તે માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. માત્ર ઘરનું ઘર મળી રહે એટલું જ નહીં, પરંતુ નાગરિકોને આવાસમાં પૂરતી સુવિધા મળી રહી છે કે નહીં તેની પણ સતત ચિંતા કરવામાં આવે છે. તાજેતરમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ રાજ્ય મંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયાએ સુરતની પ્રમુખદર્શન સોસાયટી, નાની વેડ સ્થિત સુમન સારથિ આવાસ ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓની રૂબરૂ મુલાકાત લઈ સંવાદ સાધ્યો હતો.



મંત્રીશ્રીએ પીએમ આવાસ યોજનાના લાભાર્થીઓને LED બલ્બ અને છોડ અર્પણ કરી 'વીજળી બચાઓ' અને 'પર્યાવરણની જાળવણી'નો સંદેશ આપી રાજ્ય સરકારની યોજનાઓનો બહોળો લાભ લેવાનો અનુરોધ કર્યો હતો. સુમન સારથિ આવાસમાં કુલ ચાર બિલ્ડિંગમાં ૨૭૩ લાભાર્થી પરિવારોને છત્ર મળ્યું છે, ત્યારે મંત્રીશ્રીએ લાભાર્થીઓને રૂબરૂ મળીને તેમનાં મંતવ્યો જાણ્યાં હતાં.

આ પ્રસંગે મંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મધ્યમવર્ગીય પરિવારોનું 'ઘરના ઘર'નું સ્વપ્ન સાકાર કરવા પારદર્શક અને માતબર સંખ્યામાં આવાસોની ફાળવણી કરી છે, ત્યારે રાજ્ય સરકાર પણ વધુમાં વધુ ગરીબ પરિવારોને છત્ર પૂરું પાડવા કટિબદ્ધ છે. સુરત જેવા મોંઘા શહેરમાં સામાન્ય આર્થિક પરિસ્થિતિના કારણે ઘણા પરિવારોનું 'ઘરના ઘર' સ્વપ્ન ફળીભૂત થતું નથી. આવા પરિવારોને રાજ્ય સરકારે શહેરના સારા વિસ્તારમાં અને ઓછી કિંમતમાં ગુણવત્તાસભર મકાન આપી તેમને આધાર આપ્યો છે.

આ પ્રસંગે મ્યુનિસિપલ સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય શ્રી ચીમનભાઈ પટેલ, પાણી સમિતિના ચેરમેન શ્રી રાકેશભાઈ માળી, લાઇટ અને ફાયર કમિટીના ચેરમેન શ્રી કિશોરભાઈ મિયાણી, કોર્પોરેટરશ્રીઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ભીમરાડમાં 'ગાંધી સ્મારક પ્રોજેક્ટ' આકાર પામશે



રાજ્યનાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. રાજ્યમાં આવતા પ્રવાસીઓને સારી સુવિધા મળી રહે તેમજ સ્થાનિકોને રોજગારીના અવસર મળે તેવા પ્રયાસો સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા સુરતના ભીમરાડ ગામમાં રૂ. ૧૦ કરોડના ખર્ચે નિર્મિત થનારા 'ગાંધી સ્મારક'નું માર્ગ અને મકાન તથા પ્રવાસન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

ભીમરાડ ગામની ભૂમિનું ઐતિહાસિક મહત્ત્વ સમજાવતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ૧૯૩૦માં અંગ્રેજોએ મીઠા પર કર લગાવ્યો જેને નાબૂદ કરવા માટે ગાંધીજીએ ૧૨ માર્ચ, ૧૯૩૦ના રોજ અમદાવાદથી દાંડીયાત્રાનો પ્રારંભ કર્યો હતો. યાત્રાની પૂર્ણાહુતિ ૬ એપ્રિલના રોજ થઈ હતી. દાંડીથી પરત ફરી ૯ એપ્રિલ ૧૯૩૦ના રોજ પૂજ્ય બાપુ સહિત અન્ય સત્યાગ્રહીઓએ ભીમરાડ ગામે આવી સભા સંબોધી હતી. ગાંધીજીનાં મૂલ્યો અને આદર્શો આવનારી પેઢીને સદાય સ્મરણીય રહે તે માટે ભીમરાડ ખાતે 'ગાંધી સ્મારક આશ્રમ'ના નિર્માણનો સંકલ્પ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો હોવાનું મંત્રીશ્રીએ કહ્યું હતું.

ભીમરાડ ગામને ઐતિહાસિક પર્યટન સ્થળ તરીકે વિકસાવવાની નેમ સાથે રાજ્ય સરકારે રૂ. ૧૦ કરોડની ફાળવણી કરી છે. આ પ્રોજેક્ટ આગામી બે વર્ષમાં સાકારિત થશે, જેમાં ગાંધી સભાગૃહ, મ્યુઝિયમ, પ્રાર્થના અને મલ્ટિપર્પઝ હોલ, પુસ્તકાલય, પ્રદર્શન હોલ, સંશોધન કેન્દ્ર, કૌશલ્ય વિકાસ અને વ્યાવસાયિક તાલીમ કેન્દ્ર, સ્પોર્ટ્સ એક્ટિવિટી ગ્રાઉન્ડ, એડમિનિસ્ટ્રેટિવ ઓફિસ, ટોઈલેટ બ્લોક્સ અને તમામ પ્રકારની પ્રાથમિક સુવિધાઓ ઊભી કરવામાં આવશે. આ પ્રસંગે સાસંદ સી. આર. પાટીલ, મેયર શ્રીમતી હેમાલીબહેન બોઘાવાલા, ધારાસભ્ય સર્વશ્રીઓ ઝંખનાબહેન પટેલ, સંગીતાબહેન પાટીલ, વિવેકભાઈ પટેલ, પ્રવીણભાઈ ઘોઘારી, ભીમરાડ ગાંધી સ્મારક સમિતિ પ્રમુખશ્રી બળવંતભાઈ પટેલ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# પોલીસની અભિનવ પહેલ

સુરત શહેર પોલીસ વિભાગ દ્વારા પોલીસ પરિવારનાં યુવક-યુવતીઓને ભવિષ્ય ઘડતર માટે તાલીમ સાથે માર્ગદર્શન મળી રહે તે માટે 'ભવિષ્ય' કારકિર્દી પ્રેરણા કેન્દ્ર તથા પોલીસ શોપિંગ પ્લાઝા તથા સાયબર ક્રાઈમના રૂમોનું ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ લોકાર્પણ કર્યું હતું. પોલીસ પરિવારનાં બાળકોને કારકિર્દી માર્ગદર્શનની સાથે ઉત્તમ તાલીમ મળી રહે તે માટેના કેન્દ્રની શરૂઆત કરવામાં આવી છે. આ કેન્દ્રમાં સ્કિલ ડેવલપમેન્ટ, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ, કમ્પ્યુટર સ્કિલ જેવી અનેક તાલીમો આપવામાં આવશે.

ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ પોલીસના પ્રયાસને બિરદાવીને જણાવ્યું હતું કે, પોલીસ અને સમાજ વચ્ચે અંતર ઘટે તે માટે ગૃહવિભાગ દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પોલીસ સ્ટેશને કામ અર્થે આવતા નાગરિકો સાથે પોલીસ દ્વારા માનવીય વર્તન થાય તે જરૂરી હોવાનું જણાવીને ગેરવર્તણૂક કરનારા જવાનો સામે ફરિયાદ આવશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

સુરત પોલીસ દ્વારા ગાર્ડનો, વોકિંગ ટ્રેક જેવાં જાહેર સ્થળોએ સજેશન બોક્સ મૂકીને સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો છે, જેના સારાં પરિણામો મળી રહ્યાં છે. તાજેતરમાં બનેલી ઘટના વિશે જણાવતાં કહ્યું કે, ઉમરા પોલીસના જવાને સજેશન બોક્સની ચિઠ્ઠી વાંચીને તત્કાલ કાર્યવાહી કરીને હનિટ્રેપના કિસ્સામાં વ્યક્તિને મદદ કરીને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. વધુમાં તેમણે કહ્યું કે, શહેરની કોઈ પણ મહિલાઓ સીધી પોલીસ સ્ટેશને આવવા માગતી ન હોય તો સજેશન બોક્સમાં પોતાની સમસ્યા એક ચિઠ્ઠી દ્વારા લખીને જણાવી શકે છે, જેના પર પોલીસ દ્વારા તત્કાલ કાર્યવાહી કરવામાં આવશે. આ અવસરે પોલીસ કમિશનરશ્રી અજયકુમાર તોમર, અધિક પોલીસ કમિશનર શ્રી પ્રવીણ માલ સહિત પોલીસ જવાનો ઉપસ્થિત રહ્યા હતા. ●



## ક્યારેક એવું પણ બને કે...

# તાલીમાર્થીને કાલ્પનિક નહીં, વાસ્તવિક તાલીમ મળે!



✒ સુરેશ મિશ્રા

તાલીમમાં ક્યારેક એવી ઘટના ઘટી જતી હોય છે કે તાલીમ લેનારાઓને કાલ્પનિક નહીં, પરંતુ વાસ્તવિક તાલીમ મળી જાય છે! આવી જ એક ઘટના તાજેતરમાં વડોદરા જિલ્લાના આપદા મિત્રોને આફતોમાં જીવનરક્ષા કરવાની આપવામાં આવી રહેલી તાલીમ દરમિયાન ઘટી હતી. એન.ડી.એમ.એ.ના, આપદા મિત્રોના આફતો પ્રસંગે જીવનરક્ષાનાં કૌશલ્યોનું સંવર્ધન કરવાના કાર્યક્રમ હેઠળ જી.એસ.ડી.એમ.એ., પોલીસ તાલીમશાળા, વડોદરા અને કલેક્ટર કચેરીની ડિઝાસ્ટર શાખાના ઉપક્રમે પૂર જેવી આફતોના પ્રસંગે લોકોને બચાવવા અને હોડી દ્વારા સલામત સ્થળે ખસેડવાની તાલીમ ફાજલપુર પાસે મહીસાગર નદીમાં ચાલી રહી હતી. તે સમયે જ આપઘાતના ઈરાદે એક મહિલાએ પુલ પરથી નદીના પાણીમાં પડતું મૂકતા તાલીમાર્થીઓ બે ઘડી તો ડઘાઈ ગયા હતા. તે પછી તરત જ પરિસ્થિતિ સમજીને તેઓએ બચાવ કામગીરી હાથ ધરીને એ મહિલાને ડૂબતી ઉગારી લીધી હતી. આ ઘટનાથી તેમને અનાયાસ બચાવની વાસ્તવિક તાલીમ મળી અને સંકટમાં મુકાયેલી મહિલાની જીવનરક્ષા થઈ હતી.

કલેક્ટર કચેરીની ડિઝાસ્ટર શાખાના ડી.પી.ઓ. શ્રી બંતીશ પરમારે ઉપરોક્ત જાણકારી આપતાં જણાવ્યું કે એન.ડી.એમ.એ.ની સૂચના પ્રમાણે જી.એસ.ડી.એમ.એ.ના માર્ગદર્શન હેઠળ પોલીસ તાલીમશાળા, વડોદરાના કુશળ ઈન્સ્ટ્રક્ટરોની મદદથી જિલ્લાના વિવિધ તાલુકાઓના આપદા મિત્રોને જીવનરક્ષાનાં કૌશલ્યો સુધારવાની તાલીમ આપવામાં આવી રહી છે. તેના ભાગરૂપે સ્વિમિંગ પૂલમાં તરણ કૌશલ્યો સુધારવાની અને નદીમાં હોડી - બોટ દ્વારા લોકોને બચાવવા અને સલામત સ્થળે ખસેડવાની તાલીમ આપવામાં આવે છે, જે દરમિયાન ઉપરોક્ત ઘટના ઘટી હતી.

**કૌશલ્ય સુધારણા તાલીમ...**

તેમણે જણાવ્યું કે આ વર્ષના જાન્યુઆરીથી શરૂ કરવામાં આવેલી આ કૌશલ્ય સુધારણા તાલીમ અત્યાર સુધીમાં ૬ બેચમાં ૯ મહિલાઓ સહિત ૨૪૦ જવાનોને આપવામાં આવી છે. એસ.ડી.આર.એફ. એટલે કે રાજ્ય આપદા પ્રબંધન દળના કુશળ અને અનુભવી તાલીમદાતાઓ તેમાં ખૂબ અગત્યનું યોગદાન આપી રહ્યા છે. સેનાપતિ શ્રી એમ. ડી. જાનીના માર્ગદર્શન હેઠળ આ કામગીરી ચાલી રહી છે.


**આપદા મિત્રો ગ્રામસ્તરે જીવનરક્ષાની અગત્યની કડી...**

પૂર, ભૂકંપ, વાવાઝોડા જેવી કુદરતી અને આગ, મકાન પડવા જેવી અન્ય આફતો પ્રસંગે કુશળ દળોની મદદ મળે તે પહેલાં ગ્રામ અને તાલુકા સ્તરે સ્થાનિક રીતે અસરગ્રસ્તોના બચાવની કામગીરી ઉપલબ્ધ સાધનસામગ્રીની મદદથી હાથ ધરી શકાય તે માટે સ્વયંસેવકોની ટુકડીઓ તૈયાર કરવામાં આવી છે, જેમને આપદા મિત્રો તરીકે ઓળખવામાં આવે છે. તેમાં મોટેભાગે ગૃહરક્ષક અને ગ્રામરક્ષક દળના જવાનો અને સ્થાનિક યુવાનો સેવાદાતા તરીકે જોડાય છે. ઉપરોક્ત આયોજન હેઠળ હાલમાં તેમને આફત ત્રાટકે તે પહેલાં, આફત દરમિયાન અને આફત પછી કરવા યોગ્ય બચાવ રાહતની અસરકારક તાલીમ આપવામાં આવી રહી છે.

**કેવી તાલીમ આપવામાં આવે છે?...**

તેમાં આફત સમયે અસરગ્રસ્તોના જીવ બચાવવા અને તેમને સલામત સ્થળે ખસેડવા, પૂર, ભૂકંપ અને વાવાઝોડાં જેવી કુદરતી અને અન્ય માનવસર્જિત આફતો સમયે સમયસૂચકતા સાથે બચાવ કામગીરીનું આયોજન અને ઉપલબ્ધ જીવનરક્ષક સાધનસામગ્રીનો અસરકારક ઉપયોગ, તરણ કુશળતા, હોડી ચલાવવી, વિવિધ પ્રકારની આગ સમયે બચાવની કામગીરી, દોરડાની મદદથી બચાવ કરવા તેને ગાંઠો બાંધીને તૈયાર કરવા જેવી જરૂરી તાલીમનો સમાવેશ થાય છે, જે સ્થાનિક સ્તરે બચાવની આ વ્યવસ્થાઓ આપદા નિયંત્રણની સજ્જતા વધારે છે. ●

# કોરોના મહામારી સામે રસીરૂપી અમોઘ શસ્ત્રથી ગુજરાત બન્યું સશક્ત અને સુરક્ષિત











- ગુજરાતમાં તા. ૮.૪.૨૦૨૨ સુધીમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના તથા ૧૫ થી ૧૭ વર્ષની વયજૂથના લાભાર્થીઓને બંને ડોઝ તેમજ ૧૨ થી ૧૪ વર્ષની વયજૂથના લાભાર્થીઓને પ્રથમ ડોઝ અને ૨૪ હજારથી વધુ લોકોને પ્રિકોશન ડોઝ સહિત કુલ ૧૦.૬૪ કરોડથી વધુ રસીના ડોઝ આપી મહત્વની સિદ્ધિ હાંસલ કરી

- પ્રથમ તબક્કામાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર, બીજા તબક્કામાં ૬૦ વર્ષથી વધુ વયના વરિષ્ઠો, ત્રીજા તબક્કામાં ૪૫ થી વધુ વયના તેમજ ત્યારબાદ ૧૮ થી ૪૪ વર્ષના અને ૧૫ થી ૧૭ વર્ષના લાભાર્થીઓને રસીકરણથી આવરી લેવાયા.

- માન. વડાપ્રધાન શ્રી તથા માન. કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રીના કુશળ આયોજન થકી "આત્મનિર્ભર ભારત" અંતર્ગત ભારત સરકાર તરફથી ગુજરાત રાજ્યને કુલ ૧૦,૧૮,૧૫,૯૫૦ કોવિડ-૧૯ રસી (કોવિશિલ્ડ, કોવેક્સીન અને કોર્બેવેક્સ)ના ડોઝ વિનામૂલ્યે પ્રાપ્ત થયા

- તા. ૧૬મી માર્ચથી ૧૨ થી ૧૪ વર્ષના બાળકોને માટે રસીકરણ પ્રગતિમાં. તા. ૧૦.૪.૨૦૨૨ ના રોજથી ૧૮ વર્ષથી વધુ વયજુથના લાભાર્થીઓને ખાનગી કોવિડ રસીકરણ કેન્દ્રો પરથી પ્રિકોશન ડોઝ આપવાનો પ્રારંભ

- રાજ્યમાં પ્રતિ દસ લાખ લાભાર્થીએ રસીના ડોઝ આપવામાં દેશના મોટા રાજ્યોની તુલનામાં ગુજરાતનું સ્થાન અગ્રેસર

- દેશનાં રાજ્યોમાં થતા રસીકરણમાં 'શ્રેષ્ઠ રસીકરણ અભિયાન'નો ઇન્ડિયા ટુડે હેલ્થગિરી એવોર્ડ-૨૦૨૧ હાંસલ કરતું ગુજરાત



# નડાબેટ સીમાદર્શન :
# બોર્ડર ટુરીઝમનું નવલું કેન્દ્ર



**Published on Date 16-4-2022**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦